# વાંચનમાંથી ટાંચણ



સુરેશ જાની

૨૧, ઓગસ્ટ - ૨૦૨૩

# અનુક્રમણિકા


અમેરિકન દરિયાભોમિયો ..... 4

અમૂર્ત (abstract) કળાનો પિતામહ ..... 8

અલગારી રખડપટ્ટી ..... 11

આત્મઘાતમાંથી પદ્મશ્રી ..... 15

ઈશ્વર સાથે વાત કરનાર ..... 19

ઊંચી ઊડાન – જમીન પર રહીને ..... 23

ઉત્તર કોરિયાનો  ખિસ્સાકાતરૂ ..... 29

એક મંદિરની શોધમાં, ભાગ-૧ ..... 38

એક મંદિરની શોધમાં, ભાગ-૨ ..... 43

અંગદે નિશાળ છોડી દીધી ..... 50

કપરી શોધ ..... 53

કીડી સ્ટુડિયો ..... 60

ગર્લ ગાઈડ કે રોકેટ સર્જિકા? ..... 62

ગેરકાયદે વસાહતી ..... 65

ઘર વિનાના સૌ ..... 71

ચિત્રકાર દાદીમા ..... 75

ચેન્નાઈનો પક્ષીજણ ..... 85

જીવનનૌકાના નાવિક ..... 87

ઝંવરથી  નાનજિંગ ..... 91

દિવ્યાંગ દિવ્યાની પ્રતિભા ..... 95

નરેન્દ્ર સાંઢ ..... 97

પગ કપાયો તેથી શું? ..... 101

પવનમાંથી પાણી ........ 104
પાઈલોટ નં. # ૧ ........ 108
પૂજારીમાંથી અબજોપતિ ........ 111
પ્રતિકૂળમાંથી અનુકૂળ ........ 115
ભારતીય એડિસન ........ 119
માતૃભક્ત મન્જિરો ........ 121
રોપિયો ........ 134
લાડુ અને ભૈતિકશાસ્ત્ર! ........ 137
વન માનવ ........ 140
વિયેટનામનું અદભૂત ગ્રામ્યજીવન ........ 143
વૃક્ષમાતા - સાલુમરાદા થિમક્કા ........ 147
સહિયારું ઘર ........ 150
સાનહોઝેથી તેનકાશી ........ 153
હાદઝા ........ 155

# અમેરિકન દરિયાભોમિયો

૧૮૧૬ , બોસ્ટન

સાંજે નેટ ( નેથેનિયલ બાઉડિચ ) ઘેર પાછો ફર્યો ત્યારે તેના દિવાનખંડમાં એક પરબિડિયું ખુલવાની રાહ જોતું પડ્યું હતું. એક અઠવાડિયા પછી ‘હાર્વર્ડ યુનિ. ના પદવીદાન સમારંભમાં હાજર રહેવાનું આમંત્રણ’ – એવી સૂચના પરબિડિયા પર હતી. નાનો હતો ત્યારે હાર્વર્ડના સ્નાતક બનવાની ઉમેદ તેને યાદ આવી ગઈ. ચાર ચોપડી ભણેલા નેટને નાહકની એ દુખતી નસ દબાઈ જાય, એ ભયથી એ સમારંભમાં નહીં જવાનું નક્કી કર્યું અને ખોલ્યા વિના જ પરબિડિયું બાજુએ મુકી દીધું.

પંદરેક દિવસ પછી ટપાલી એક મોટું પાર્સલ એના ઘેર મુકી ગયો. એને ખોલતાં નેટને ખબર પડી કે, હાર્વર્ડ યુનિ.એ એણે કરેલા અભૂતપૂર્વ સંશોધનોની કદર કરીને તેને ડોક્ટર ઓફ લોઝ ( D.L.) ની પદવી એનાયત કરી હતી! હવે નેટે પેલું ઉશેટી દીધેલું પરબિડિયું ખોલ્યું. એમાં જાતે હાજર રહીને આ પદવી સ્વીકારવાનું આમંત્રણ હતું! જો કે, વૈજ્ઞાનિકો અને બુદ્ધિશાળીઓની આલમમાં નેટની પ્રતિષ્ઠા એટલી બધી જામેલી હતી કે, આ તો તેણે કરેલ કામની નાનીશી જ કદર હતી.

૨૬ , માર્ચ – ૧૭૭૩ ના દિવસે અમેરિકાના મેસાચ્યુસેટ્સ રાજ્યના સેલમમાં જન્મેલ નેથનિયલની શરૂઆતની જિદગી તો સુખમય હતી. પણ તે બે વર્ષનો હતો ત્યારે તેના પિતા હબાકુકનું વહાણ ચાંચિયાઓએ લૂંટી લીધું હતું. આ સાથે

કુટુંબની સમૃદ્ધિનો અંત આવ્યો હતો. દારૂ ભરવાના બેરલ બનાવવાનો કૂપરનો ધંધો હબાકૂકે શરૂ કર્યો, પણ એમાં ખાસ કશી બરકત ન હતી. નેથનિયલ દસ વર્ષનો હતો ત્યારે એનું શાળાજીવન સમાપ્ત થઈ ગયું, અને બાપના ધંધામાં એને જોડાઈ જવું પડ્યું. છતાં ધીમે  ધીમે હબાબૂક દેવાના ગર્તામાં ડૂબતો જ રહ્યો.

જમવા માટે એક પેટ ઓછું થાય તે મકસદથી  નેટ બાર વર્ષનો હતો ત્યારે, એના બાપે  વહાણને જરૂરી સામાન વેચતા વેપારીને ત્યાં નેટને ઇન્ડેન્ચર (તાલીમાર્થી) તરીકે ભરતી કરાવી દીધો. માલિકની દુકાનમાં જ રહેવાનું અને તેની પરવાનગી વિના તે કુટુમ્બને મળવા પણ ન જઈ શકે! ગુલામી જેવી જ આ નોકરીની સાથે નવ વર્ષ માટે નેટના આગળ ભણવાના સપના પર ચોકડી મૂકાઈ ગઈ.  અહીં એનું કામ બધા સામાનનો હિસાબ રાખવાનું હતું. ગણિતમાં પહેલેથી રસ ધરાવતા નેટને આ કામ બેરલ બનાવવા કરતાં વધારે રસપ્રદ નીવડ્યું. વહાણના સામાન અંગેની જાણકારી મળવા ઉપરાંત ઘરાકો સાથેની વાતચીતથી વહાણવટા અંગે નેટનું જ્ઞાન વધતું રહ્યું. એના માલિક  પાસે અંગત લાયબ્રેરીમાં ઘણી બધી ચોપડીઓ હતી. ઉદાર માલિકે  એ વાપરવા એને પહેલેથી છૂટ આપી હતી. તેણે એની જ્ઞાનભૂખ પારખી, પોતાના મિત્રો સાથેના સહિયારી મિલ્કત જેવા, ખાનગી પુસ્તકાલયનો ઉપયોગ કરવાની છૂટ પણ નેટ માટે મેળવી આપી. આ સવલતથી નેટ માટે જ્ઞાનના અગાધ દરવાજા ફટાબાર ખુલ્લા થઈ ગયા.  આ તકનો લાભ લઈ, નેટ  જાતમહેનતથી

બીજગણિત(algebra) કલનશાસ્ત્ર (calculus), ફ્રેન્ચ, લેટિન અને ગ્રીક પણ શીખી ગયો!

છેવટે ૧૭૯૫માં નેટ એની પહેલી દરિયાઈ મુસાફરી પર જઈ શક્યો. એના રોજિંદા કામ ઉપરાંત વહાણના કેપ્ટનને ક્લાર્ક તરીકે પણ સહાય કરવાની હતી. કેપ્ટનને એની કાબેલિયતનો તરત ખ્યાલ આવી ગયો. આના કારણે નટને વહાણ ચલાવવાની જ નહીં પણ હંકારવાની અને ખાસ તો દિશા અને ગતિ માપવાની વિદ્યાનું જ્ઞાન પણ મળવા લાગ્યું. એની કુશાગ્ર બુદ્ધિના કારણે એને તારાઓના સ્થાન પરથી વહાણનું સ્થાન નક્કી કરવા વપરાતા, જહોન હેમિલ્ટન મૂરના The New Practical Navigator માં અસંખ્ય ભૂલો જણાઈ આવી. આ માટે વપરાતા સાધન ક્વોડ્રન્ટમાં પણ ઘણી બધી ભૂલો તેને જણાઈ આવી અને એમાં પણ તેણે સુધારા કર્યા.

ત્યાર પછી તો નેટની જીવન નૌકા એને યોગ્ય રાજમાર્ગ પર સડસડાટ દોડવા લાગી અને છેક ફિલિપાઈન્સ સુધીની દુનિયા તેણે ખેડી નાંખી. તેની પાંચમી સફરમાં તો તે વહાણનો કેપ્ટન બની ગયો હતો! અલબત્ત તેની આર્થિક હાલત પણ ઘણી ઊંચી આવી ગઈ હતી.

છેવટે ૧૮૦૩ની સાલમાં તે માદરે વતન સેલમમાં સ્થાયી થયો અને વિમાના ધંધામાં પલોટાયો. સાથે સાથે એની જ્ઞાન તરસ તો વણછીપી જ હતી. ખગોળશાસ્ત્રમાં તે બહુ ઊંડે સુધી ખૂંપી શક્યો અને એનાં લખાણોથી વૈજ્ઞાનિકોની દુનિયામાં પણ એનો પગપેસારો શરૂ થઈ ગયો. ૧૮૦૨ની

સાલમાં એના જગપ્રસિદ્ધ પુસ્તક The American Practical Navigator ની પહેલી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ, જે હજુ સુધી દરેક વહાણ પર અવશ્ય રાખવામાં આવે છે. અમેરિકાની ઘણી ખ્યાતનામ વૈજ્ઞાનિક સંસ્થાઓમાં નેથેનિયલ બોડવિચ માત્ર સભ્ય જ નહીં પણ અનેક સંશોધન લેખો અને અન્ય  અમૂલ્ય પ્રદાનના કારણે  યાદગાર બની ગયો છે.

અંગત જીવનમાં ૧૭૯૮માં એની બાળપણની દોસ્ત ઇલીઝાબેથ સાથે તેણે લગ્ન કર્યાં , પણ સાત જ મહિના બાદ તે અવસાન પામી. ૧૮00 ની સાલમાં પોલી સાથે બીજાં  લગ્ન કર્યાં, આ લગ્નથી છ પુત્રો બે પુત્રીઓ પણ જન્મ્યાં. પોલી પણ એને યોગ્ય જીવનસાથી નીવડી અને એનાં સંશોધન કાર્યમાં મદદનીશ અને પ્રેરણાસ્રોત બની રહી. ૧૮૩૮ માં બોસ્ટનમાં નેટનું અવસાન થયું, ત્યારે અમેરિકાના અગ્રગણ્ય વૈજ્ઞાનિકોમાં તેનું સ્થાન અમર બની ગયું.

સંદર્ભ

https://en.wikipedia.org/wiki/Nathaniel_Bowditch

https://seahistory.org/sea-history-for-kids/nathaniel-bowditch-navigator/

## અમૂર્ત (abstract) કળાનો પિતામહ

૧૮૬૬માં મોસ્કોમાં જન્મેલા વાસિલી કેન્ડિન્સ્કી (વાસ્યા)ની કાકીએ તે નવ વર્ષનો હતો ત્યારે, તેને એક કલર બોક્સ ભેટ આપ્યું અને તેને રંગ મેળવતાં શીખવ્યું. તેણે પહેલો જ હાથ અજમાવ્યો અને જાતજાતના અવાજ તેને સંભળાવા લાગ્યા! રંગ સાથેનો આ તેનો પહેલો અનુભવ હતો. પછી તો વાસ્યા ભણવામાં લાગી ગયો અને ભણતરના અંતે તે કાયદા અને અર્થશાસ્ત્રના વિષયો ભણાવતો થઈ ગયો. પણ ૧૮૯૬ ની સાલમાં મોસ્કોના બોલ્શોઈ થિયેટરમાં વેનરના સંગીતની તર્જ સાંભળતાં તેને જાતજાતના રંગો દેખાવા લાગ્યા. આ સાથે જ તેને બાળપણની સ્મૃતિઓ તાજી થઈ ગઈ. હવે કાયદાના શિક્ષણનું કામ ચાલુ રાખવાનું વાસ્યા માટે અશક્ય બની ગયું. આ અગાઉ પણ મોસ્કોની ઉત્તરે આવેલા વોલોગ્દા વિસ્તારના દેવળો અને મકાનોના રંગો તેના દિમાગમાં કોઈક અનેરી સંગીતમય અનુભૂતિ કરાવી ગયા હતા.

બધું કામ છોડીને ચિત્રકળા શીખવા તે મ્યુનિચ પહોંચી ગયો. ૩૦ વર્ષની ઉમરે ત્યાંની પ્રખ્યાત અકાદમીમાં પ્રવેશ મેળવવાનું સહેલું ન હતું. આથી તે એક ખાનગી શાળામાં જોડાયો અને ચિત્રકળાની સાધના કરવા લાગ્યો. તેનાં ચિત્રો વખણાતાં છેવટે તેને અકાદમીમાં આગળ અભ્યાસ કરવાની તક મળી ગઈ. મોનેટની Impressionist શૈલી તે કાળમાં બહુ વખણાતી હતી. વાસ્યા પણ તે શૈલીમાં ચિત્રો બનાવવા લાગ્યો. પણ તે તો કાંઈક નવું જ સર્જન કરવા સર્જાયો હતો. મોનેટની શૈલીમાં બનાવેલું blue rider ચિત્ર બહુ વખણાયું. પણ Impressionist શૈલીમાં એ તેનું છેલ્લું ચિત્ર હતું. એ ચિત્રમાં પણ વિષય કરતાં

રંગનું માહાત્મ્ય વિશેષ હતું. ત્યાર બાદનાં ચિત્રોમાં વાસ્યાએ વિષય, આકાર વિ. અંગેના ચીલાચાલુ ખ્યાલોને તિલાંજલિ આપી દીધી!

એ સાથે જ રંગ અને માત્ર રંગના જ લપેડાઓથી જ ભરપૂર ચિત્રો વાળી ચિત્રકળાની એક નવી નક્કોર શૈલી – અમૂર્ત ચિત્રકળા (abstract art) નો જન્મ થયો. તે કાળમાં ફોટોગ્રાફીના વિકાસના કારણે યુરોપના કળાજગતમાં અવનવા અખતરા ખેડાઈ રહ્યા હતા. એમાં આ નવો જ પ્રવાહ ઊમેરાયો. આથી જ વાસિલીને અમૂર્ત કળાનો પિતામહ ગણવામાં આવે છે.

૧૯૧૪ માં તે મોસ્કો પાછો ફર્યો. રશિયાની સામ્યવાદી ક્રાન્તિ બાદ તે થોડોક વખત સરકારી તંત્ર સાથે સંકળાયેલો રહ્યો, પણ તેની સ્વતંત્ર રીતે વિચારવાની રીત સાથે એ સુસંગત ન હતું. ૧૯૨૦ માં જર્મનીની પ્રખ્યાત બાઉહાઉસ સ્કૂલ ઓફ આર્ટમાં જોડાવાની તક મળતાં તે બર્લિનવાસી થયો. ૧૯૩૩ સુધી તે ત્યાં કાર્યરત રહ્યો. પણ નાઝી સત્તાના ઉદય સાથે તેના કામની અવગણના થવા લાગી. આ કારણે એનું ભવિષ્ય તેને પારિસના કલાજગતમાં ખેંચી લાવ્યું. ૧૯૪૪માં અવસાન સુધી તે ત્યાં જ રહી પડ્યો.

ચિત્રકાર હોવા ઉપરાંત વાસિલી એક સમર્થ વિચારક પણ હતો અને કળા અંગે તેણે ઘણા લેખ અને વિવેચનો લખ્યાં છે. એમાં તે નોંધપાત્ર રીતે રંગને સંગીતની વિવિધ તર્જ સાથે સરખાવે છે. તે એમ પણ કહે છે કે, એક સારા ચિત્ર માટે કોઈ ચીજનું આલેખન જરૂરી નથી. રંગો પોતે જ જોનારને એક એવા સ્તરમાં ખેંચી શકે છે જ્યાં તેને લાગણી, ભાવ કે, આંતરિક ચેતનાની અનુભૂતિ

થવા લાગે છે. એ જમાનામાં મનનાં ઊંડાણનાં રહસ્યો વિશે કોઈ જાણકારી ન હતી. પણ એમ માનવામાં આવે છે કે, વાસિલી Synesthesia તરીકે જાણીતી મગજની એક વિશિષ્ઠ અવસ્થા ધરાવતો હતો! સામાન્ય માણસનું મગજ રંગને રંગ તરીકે, અવાજને અવાજ તરીકે અથવા સ્પર્શને સ્પર્શ તરીકે જ અનુભવતું હોય છે. પણ Synesthesia ધરાવતા મગજના કોશોનું વાયરિંગ થોડીક જૂદી રીતે થયેલું હોય છે! ન્યુરોલોજીમાં થયેલાં  સંશોધનોના પ્રતાપે ઘણી બધી જાતનાં Synesthesia વિશે હવે જાણકારી થઈ છે. એનું એક ઘણું જાણીતું ઉદાહરણ છે – રંગ અંધાપો.  Synesthesia એ સાવ અલગ જ વિષય છે. આપણે તો અહીં એ જાણવું રહ્યું કે, આવી અવનવી ઇન્દ્રિય જન્ય કાબેલિયત કે નબળાઈ  સાવ અલગ જાતનાં સર્જનોનું મૂળ હોઈ શકે છે.

સંદર્ભ


https://en.wikipedia.org/wiki/Wassily_Kandinsky

https://denverartmuseum.org/article/staff-blogs/wassily-kandinskys-symphony-colors

https://en.wikipedia.org/wiki/Synesthesia

# અલગારી રખડપટ્ટી

ફરવા જવાનું તો સૌને  ગમે. અમુક જણને બહુ ગમે. એને રખડપટ્ટી કહેવાય! પરંતુ ગમે તેટલું ફરો, હરો કે રખડો પણ છેવટે તો ઘેર પાછા જ આવવાનું ને? કહે છે ને કે, 'પૃથ્વીનો છેડો ઘર.'

પણ કોઈક એવા પણ અલગારી હોય છે, જે રખડ્યા જ કરે. એમને ઘર પાછા ફરવાનો ઉમળકો લગીરે હોતો નથી. કદાચ એમને ઘર હોતું જ નથી!

એક એવા અલગારીની આ વાત છે. એનું નામ છે – પોલ સલોપેક.

એને કોઈ પુછે કે, "તમારું ઘર ક્યાં? "

તો એનો લાક્ષણિક જવાબ છે ," જન્મ – અમેરિકામાં, ઉછેર – મધ્ય મેક્સિકોમાં, જુવાનીનો મોટા ભાગનો સમય આફ્રિકામાં ઠેર ઠેર રખડપટ્ટી. મારું ઘર જ્યાં હું ઊભો હોઉં, તે એક મિટર x એક મિટર જમીન ."

આ પોલ ભાઈને નેશનલ જ્યોગ્રાફિકે એક કામ સોંપ્યું છે – રખડયા કરવાનું! અને કોઈ વાહનમાં નહીં – બસ પગપાળા પ્રવાસ જ! દુનિયાના  ચારેય ખંડોને આવરી લેતી આ સફર આફ્રિકાના જિબુતી દેશમાંથી જાન્યુઆરી - ૨૦૧૩ માં શરૂ થઈ હતી.  ૨૧,૦૦૦ માઈલ લાંબી અને દસેક વર્ષ સુધી ચાલુ રહેનારી આ સફર આર્જેન્ટિનાના છેક દક્ષિણે આવેલ ટેરા ડેલ ફુએગોમાં પૂરી થશે.  હાલમાં પોલ ભારતમાં છે.

એના પ્રવાસી અનુભવો જાતજાતના છે અને ભાતભાતના લોકો સાથે છે. પંજાબમાં એની સાથે રસ્તા પર ચાલી રહેલા ખેડૂત યુવાનોનો ધખારો છે - ગમે તેમ કરીને ન્યુઝિલેન્ડ પહોંચી જવું અને જીવનમાં નવો નિખાર લાવવો. આવા તો અસંખ્ય અનુભવો પોલને આટલા વર્ષોમાં થયા છે, થતા રહે છે. પોલના સચિત્ર અનુભવો નેશનલ જ્યોગ્રાફિકાની વેબ સાઈટ પર અપડેટ થતા રહે છે. એનો એક ઇન્ટરવ્યૂ લાંબો છે, પણ નીચેની લિન્ક પર વાંચવા જેવો છે

https://www.nationalgeographic.com/travel/intelligent-travel/2015/08/07/walking-the-world-with-paul-salopek/

આપણને સ્વાભાવિક રીતે થાય કે, 'શું કામ આ બધા ઉધામા?' વાત એમ છે કે, નેશનલ જ્યોગ્રાફિકે એક પ્રોજેક્ટ શરૂ કર્યો છે 'Out of Eden walk' એ પ્રોજેક્ટને સમજવા આપણે માણસજાત આખી દુનિયા પર શી રીતે ફેલાઈ ગઈ, તે વિશે થોડુંક જાણવું જોઈશે. આમ તો આ બહુ મોટો વિષય છે. ઇથિયોપિયા, જિબુતી દેશોના વિસ્તારમાંથી સૌથી જૂનું માનવ હાડપિંજર મળી આવ્યું હતું. (આશરે ૩૨ લાખ વર્ષ જૂનું ) એક માન્યતા પ્રમાણે એ સ્ત્રીને માનવ જાતની આદિમદાદી ગણવામાં આવે છે! આ શાસ્ત્રના તજજ્ઞોમાં એ લ્યુસી તરીકે જાણીતી છે.

એક માન્યતા એવી છે કે, ત્યાંની માનવ વસ્તીની નાની નાની ટુકડીઓ જાતજાતનાં કારણોને લીધે આગળ અને આગળ વધતી ગઈ અને લાખો વર્ષોના અંતે આખી દુનિયામાં ફેલાઈ ગઈ. જો કે, આ માન્યતાને પડકારતા

બીજા પુરાવા પણ મળ્યા છે. પણ અહીં આપણે એ ચર્ચામાં નથી પડવા માંગતા.

નેશનલ જોગ્રાફિકે 'આ માન્યતા મુજબના રૂટ પર હાલ શી હાલત છે?' - એ જાણવા આ પ્રોજેક્ટ વિચાર્યો હતો અને એ કામ પોલ ભાઈને સોંપ્યું હતું. એણે આખા રૂટ પર ચાલતા જઈને જાતતપાસ કરવાની છે કે, 'હાલમાં આ રૂટ પર માનવ હિજરત જારી છે કે, કેમ? અને એનાં શાં કારણો છે?'

જ્યાં જ્યાં પોલ રખડયો, ત્યાંથી એ બાતમી લાવ્યો છે કે, માણસને એક સ્થાયી સ્થિતિ સ્વીકાર્ય નથી, અને તે હમ્મેશ હિજરત કરતો આવ્યો છે. ઘણી વખત આવી હિજરત મજબૂરીના કારણે પણ થતી હોય છે. ગરીબી, ભૂખમરો, જાતિ જાતિ વચ્ચેના સંઘર્ષો, ધાર્મિક અસહિષ્ણુતા વિગેરે અનેક કારણોના લીધે માણસ પોતાનું વ્હાલું વતન છોડવા મજબૂર બની જતો હોય છે. આવી અનેક દુખિયારી જનતાનો અને એમની વ્યથાઓનો પોલે અનુભવ કર્યો છે. એમના માટે એના દિલમાં દર્દ અને સહાનુભૂતિ છે.

પણ મજબૂરીથી થતી હિજરતની વ્યથાઓ બે ત્રણ પેઢી પછી હળવી બની જતી હોય છે અને હિજરતી જાત નવા સમાજમાં સમાઈ જતો હોય છે. વખાના માર્યા ગુજરાત આવેલા પારસી લોકો આનું સરસ ઉદાહરણ છે. કેરાલાના સિરિયન ખ્રિસ્તી લોકો પણ આવી જ રીતે ભારતીય સમાજમાં ભળી ગયેલી જાતિ છે.

સાથે સાથે પોતાની આર્થિક સ્થિતિ સુધારવા પણ માણસ કાયમને માટે વતન છોડતો હોય છે. આખી દુનિયામાં ફેલાઈ ગયેલા ડાયાસ્પોરા ગુજરાતીઓ અંગે આપણને સૌને ખ્યાલ છે જ. અમેરિકાના બન્ને ખંડના બધા દેશો પણ મૂળ હિજરતી લોકોના સ્વદેશ બની ગયા જ છે ને?

વેપાર માટે પણ સોદાગરો સૈકાંઓથી દૂર દૂર જઈ, સસ્તી કિમતમાં માલ ખરીદી વતનમાં એની ઉપર અઢળક નફો પણ રળતા આવ્યા જ છે ને? એ સ્વાર્થી વેપારી રસમ ભલે હોય, પણ એના કારણે માનવજાતિઓ વચ્ચે અનેક જાતનાં આદાન પ્રદાન પણ થયાં જ છે. એક માન્યતા એવી પણ છે કે, આવાં આદાન પ્રદાનના કારણે પણ જ્ઞાન અને વિજ્ઞાનનો વિસ્તાર થયો છે.

વૈશ્વિક સ્તરે એક નાનું જૂથ એમ પણ માને છે કે, માણસજાત અત્યારે જે તબક્કે આવીને ઊભી છે, તેમાં વૈશ્વિક નાગરિકતા સ્થાપિત કરવાનો સમય પાકી ગયો છે. દેશ દેશ વચ્ચેના સીમાડા ભૌગોલિક નકશાઓમાં નથી હોતા! 'વિશ્વમાં કોઈ પણ માણસને પોતાની હાલત સુધારવા હિજરત કરવાનો હક્ક હોવો જોઈએ.' - એ પ્લેટોનિક ખ્યાલ ભલે હોય, પણ એના વિશે જાગરૂકતા વધતી જાય છે.

# આત્મઘાતમાંથી પદ્મશ્રી

‘મને જીવવા પણ નથી દેતા, અને મરવા પણ નથી દેતા.
તો હવે મારે કરવું શું?’

આપઘાતના કારણે મરણ પથારીમાં પડેલી કલ્પનાએ ઘરનાં માણસો અને હોસ્પિટલના સ્ટાફની અથાક સારવારથી બચી ગયા બાદ, આ સવાલ પોતાની જાતને પુછ્યો. એ સાથે એના દુખિયારા જીવનમાં નવી પરોઢની શરૂઆત થઈ ગઈ.

૧૯૬૧ની સાલમાં મહારાષ્ટ્રના અકોલા જિલ્લાના રોપરખેડા ગામમાં દલિત કુટુમ્બમાં એક પોલિસ કોન્સ્ટેબલના ઘરમાં કલ્પનાનો જન્મ થયો હતો. બે બહેનો અને બે ભાઈઓ વચ્ચે કલ્પના સૌથી મોટી હતી. ‘સુખ શું?’ એનો થોડો અણસાર બાળપણમાં મળ્યા બાદ એના નસીબમાં હતું – માત્ર દુઃખ, દુઃખ અને દુઃખ જ ! બાર વર્ષની થઈ ત્યાં સુધી નિશાળમાં બીજાં બાળકો તેને હડધૂત કરતાં હતાં. એને ભણવાના બહુ કોડ હતા.

પણ એમના સમાજમાં ‘આટલી મોટી થયેલી છોકરીને તો પરણાવી દેવી જ જોઈએ.’ એવા ખ્યાલના કારણે માબાપે તેને દસ વર્ષ મોટા વર સાથે પરણાવી દીધી. અને સાસરું પણ કેવું ? મુંબઈના ઝુંપડપટ્ટી વિસ્તારમાં એક જ રૂમના ખોરડામાં જેઠ/ જેઠાણી સાથે એમનો સંસાર શરૂ થયો. જેઠ-જેઠાણીની હકૂમત અને પરણ્યાની પરવશતાને કારણે, જીવન અને જીવનની આશાઓ વિશે કશા

ખ્યાલ વિનાની કલ્પનાને મેણાંટોણાં તો ઠીક, ઢોરમાર પણ મુંગા મોઢે ખમી ખાવો પડતો હતો.

છ મહિના પછી એનો બાપ એને મળવા આવ્યો ત્યારે તે પોતાની દીકરીને ઓળખી પણ ન શકે, એટલી એ સૂકાઈ ગઈ હતી. કંટાળીને તે એને પોતાની સાથે પાછી લઈ ગયો અને તેનું શિક્ષણ શરૂ કરાવ્યું. પણ એ સમાજમાં 'પરણ્યા પછી તો સ્ત્રી સાસરે જ શોભે.' – એ માન્યતાને કારણે એ અને એનાં માવતર સામાજિક તિરસ્કારનો ભોગ બનતાં રહ્યાં. આ ક્રમ લગાતાર ચાર વર્ષ ચાલુ રહ્યો. છેવટે કંટાળીને સોળ વર્ષની કલ્પના જંતુનાશક દવાની ત્રણ બાટલી ગટગટાવી ગઈ.

પણ હાય! નસીબ બે ડગલાં આગળ હતું. એની કાકી અને હોસ્પિટલના સ્ટાફની સારવારના કારણે કલ્પના બચી ગઈ. ત્યારે એના મગજમાં ઉપર જણાવેલ વિચાર ઘોળાવા માંડ્યો. વિધાતાએ એને જીવનની કિમ્મત સમજાવી દીધી અને એના મનમાં આ મંત્ર જડબેસલાક ઠરીઠામ થઈ ગયો –

**अपना हाथ जगन्नाथ ।**

કલ્પનાએ નક્કી કર્યું કે કોઈના મેણાં ટોણાંની પરવા કર્યા વિના,, તે હવે પોતાની જિંદગી જાતે બનાવશે. તેને એ પણ સમજાયું કે, 'નાણાં વગરનો નાથિયો અને નાણે નાથાલાલ.' હવે પાડોશીઓની ટીકાઓ તેને અપમાનજનક લાગવાને બદલે પ્રેરક બનવા લાગી. દરેક મેણાંની સાથે આત્મનિર્ભર થવાનો ખ્યાલ દૃઢ થતો ગયો.

ચાર વર્ષ બાદ નસીબ અજમાવવા તે કાકાની સાથે મુંબઈ રહેવા ગઈ; અને કપડાં બનાવતા કારખાનામાં નોકરીએ જોડાઈ ગઈ. જેમ જેમ પગાર આવતો ગયો, તેમ તેમ તેનું ઓશિયાળાપણું અદૃશ્ય થવા લાગ્યું. તેના ચતુર મનમાં એ પણ સમજાયું કે, 'ગાડીમાં ફરતા, શેઠનું માન કેટલું બધું છે?' . એમની પાસે બહુ નાણાં છે, એટલે જ ને?

તેણે કાકાની સાથે બેન્કમાં જઈ ૫૦,૦૦૦ ₹ ની લોન લીધી અને સીવવાનો સંચો અને બીજી જરૂરી સામગ્રી વસાવી લીધી. એને ઢગલાબંધ કામ પણ મળવા લાગ્યું . અલબત્ત હવે તેની હેસિયર પગારદાર કામદાર કરતાં અનેક ગણી વધી ગઈ. બચત વધતાં બીજી લોન લઈને તેણે ફર્નિચરનો સ્ટોર શરૂ કર્યો.

ગગનવિહારી આ પંખીને પછી તો પાંખો ઊગવા લાગી. ૧૯૯૩ની સાલમાં તેણે જમીન ખરીદવા કમર કસી. જમીન ખરીદ્યા બાદ ચાર વર્ષે, એના બધા કાગળો તેના નામે થઈ શક્યા. ફરી એના નસીબમાં નવો ઝટકો આવીને ઊભો રહ્યો . એને બાતમી મળી કે, અન્ય મોટી હસ્તીઓએ એને ખતમ કરવા સોપારી આપી છે. ગામ પાછી વળવા એને ધમકીઓ પણ મળી. પણ હવે કલ્પના ' રોકી ન શકાય એટલી હિમ્મત' ધરાવતી ચંડિકા હતી. તે તરત જ પોલિસ સ્ટેશનમાં ગઈ. એની જીવન કહાણી સાંભળી પોલિસ વડાએ તરત એને બંદૂક માટે લાયસન્સ આપી દીધું. સાંજે તે ઘેર પાછી ફરી , ત્યારે સામે આવનાર બધી આપત્તિઓને ઘોળીને પી જવા જેટલી ખુમારી તેના દિલો દિમાગમાં છવાયેલી હતી. તેનો જમીન મિલ્કતનો ધંધો હવે બરાબર જામી ગયો.

આમ ને આમ કલ્પનાનો જીવન તોખાર તેજગતિએ આગળ ધપતો રહ્યો. ૨૦૦૧ની સાલમાં ફડચામાં ગયેલી ‘કામાણી ટ્યુબ’ના શેર તેણે બહુ ઓછી મુડીથી ખરીદી લીધા. હવે તેને બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું. કાળક્રમે એની સૂઝથી એ કંપની નફો કરતી થઈ. હવે તેનો સમગ્ર વહિવટ કલ્પનાના હાથમાં આવી ગયો. પોતાની જીવન કથનીના આધાર પણ તેણે મરાઠી ભાષામાં એક ફિલ્મ પણ બનાવી છે; જે હિન્દી અને તેલુગુ ભાષામાં ડબ પણ થઈ છે. [KS Film Production] એ ફિલ્મ જોઈને ઘણી વિવશ સ્ત્રીઓને પ્રેરણા મળી છે.

આજની તારીખમાં કલ્પનાની અંગત મૂડી ૧૧ કરોડ ડોલરથી વધારે છે. અંગત જીવનમાં જન્મથી કલ્પના બૌદ્ધ ધર્મી છે અને આપબળે ભારતના ઘડવૈયા બનેલા સ્વ. ભીમરાવ આંબેડકરને પોતાની પ્રેરણા મૂર્તિ માને છે. ૧૯૮૦ ની સાલમાં ૨૨ વર્ષની ઉમરે તેણે સમીર સરોજ સાથે પુનર્લગ્ન કર્યા હતા. તેમને અમર નામે દીકરો અને સીમા નામે દીકરી પણ છે. ૧૯૮૯ માં તેના પતિના અવસાન બાદ તેના લોખંડના કબાટ બનાવવાનો ધંધો કલ્પના સંભાળતી હતી. હાલમાં તે શુભકરણ સાથે પરણેલી છે. તે અવારનવાર શાળાઓમાં બાળકોની સાથે સમય પણ ગાળે છે.

૨૦૧૩ની સાલમાં ભારત સરકારે પદ્મશ્રીનો ઈલ્કાબ આપીને શૂન્યમાંથી આપબળે આગળ ધપનાર આ વીરાંગનાનું બહુમાન પણ કર્યું છે.

સંદર્ભ – https://en.m.wikipedia.org/wiki/Kalpana_Saroj

## ઈશ્વર સાથે વાત કરનાર

નીલ સાવ રસ્તા પર આવી ગયો. એક કાર અકસ્માતમાં તેનું ગળું બહુ ગંભીર રીતે ઘવાયું હતું. એક વર્ષ હોસ્પિટલમાં ગાળ્યા બાદ તે પાછો ફર્યો, ત્યારે તેની પત્નીએ તેને છૂટા છેડા આપી દીધા હતા; એટલું જ નહીં - ઘર પર કબજો જમાવી તેને ઘરની બહાર કાઢી મૂક્યો હતો.

એક જમાનામાં પોતાનો સ્વતંત્ર ધંધો કરનાર નીલ રસ્તા પરથી પીણાંઓનાં કેન વીણી, તેના વેચાણમાંથી માંડ જીવન ટકાવી રાખવાની અવસ્થામાં આવી ગયો. માંડ માંડ તેને છૂટક નોકરી મળવા માંડી, પણ જે ઊંચાઈ પરથી તે ગબડ્યો હતો, ત્યાં ફરી ચઢવાનું અશક્ય જ હતું. તેને એક કાયમી નોકરી છેવટે મળી. પણ તેનો મ્હાંયલો મૂંઝાતો જ રહેતો હતો.

નિરાશાના ગર્તામાં ગળાડૂપ ઘેરાયેલો નીલ ૧૯૯૨ની ફેબ્રુઆરીની એક રાતે જાગી ગયો અને ઈશ્વરને ઉદ્દેશીને નિરાશા વ્યક્ત કરતો એક સંદેશ તેણે કાગળ પર લખ્યો.

**‘મારા જીવનને શી રીતે કામ કરતું કરવું?’**

અને તેના જમણા ખભા પાસેથી તેણે એક અગમ્ય અવાજ સાંભળ્યો

**‘તારે આનો જવાબ ખરેખર જોઈએ છે, કે આ માત્ર હૈયાવરાળ જ છે?**

તેણે આ જવાબ પણ કાગળ પર ટપકાવી દીધો. અને એક નવી જ પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ. તે પોતાના મનમાં ઊઠતા વિચારો લખે, અને

એનો જવાબ કોઈક ગેબી સ્રોતમાંથી આવતો રહે. આ પ્રક્રિયા ત્રણ વર્ષ ચાલુ રહી.

છેવટે ૧૯૯૫માં કોઈ ફેરફાર વિના તેણે આ સવાલ/ જવાબ ભેગા કરી એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું .

## Conversations with God

અને બાપુ! નીલની ગાડી તો ધમધમાટ દોડવા લાગી. આ પુસ્તકની નકલો ચપોચપ વેચાવા લાગી. નીલ ડોનાલ્ડ વેલ્શની જીવન નૌકા હવે તીરની જેમ સમંદરની પારના ક્ષિતિજને આંબવા લાગી.

૧૩૭ અઠવાડિયાં સુધી ન્યુ યોર્ક ટાઈમ્સના સૌથી વધુ વેચાતા પુસ્તકોની યાદીમાં એના આ પુસ્તકનું નામ ગાજતું રહ્યું. ત્યાર બાદ તો નીલે ૧૨ પુસ્તકો લખ્યાં છે. એ બધાં પણ બહુ જ લોકપ્રિય નીવડ્યાં છે. જગતની ૩૭ ભાષાઓમાં તેના પુસ્તકોના અનુવાદ પ્રગટ થયા છે. તે એક સરસ વક્તા પણ છે અને દેશ h પરદેશમાં તેણે અનેક વ્યાખ્યાનો આપ્યાં છે. પોતાના અંતરના અવાજને પ્રેરિત, નવઘોષિત કરે તેવી ઘણી જગ્યાઓની મુલાકાત પણ તેણે લીધી છે. ઘણી પ્રેરક ફિલ્મોમાં પણ તેણે ભાગ લીધો છે ; બનાવી પણ છે. અંગત જીવનમાં કવયિત્રી એની ક્લેર સાથે તેણે લગ્ન કર્યાં છે અને બન્નેને નવ બાળકો છે.

પણ એ યાત્રાની શરૂઆત શી રીતે થઈ – એની અલપઝલપ ઝાંખી આ રહી -

૧૦, સપ્ટેમ્બર -૧૯૪૩ના દિવસે, મિલવાઉકી, વિસ્કોન્સિનમાં  યુક્રેનિયન-અમેરિકન/ રોમન કેથોલિક  માબાપના ઘેર નીલનો જન્મ થયો હતો. તેની મા પાસેથી તેને ઊંડા ધાર્મિક વિશ્વાસનો વારસો મળ્યો હતો. તેણે જ તેને ઈશ્વરને સજા દેનાર નહીં, પણ પરમ મિત્ર ગણવા શીખ આપી હતી. ૧૫ વર્ષની ઉમરે તેને આધ્યાત્મિક વિચારો આવવાની શરૂઆત થઈ હતી અને એ સંતોષવા તેણે ઘણી જુદી જુદી માન્યતાઓ અને ફિલસૂફીનો અભ્યાસ કર્યો હતો. એમાં રૂગ્વેદ અને રામકૃષ્ણ પરમહંસના વિચારોનો પણ સમાવેશ થાય છે.

તેણે સ્થાનિક યુનિ.માં અભ્યાસ કરવા પ્રવેશ તો મેળવ્યો, પણ એક વરસમાં જ તેને એમાં કાંઈ રસ ન પડ્યો અને અભ્યાસ પડતો મૂક્યો. મેરીલેન્ડના એનાપોલિસના એક સ્થાનિક રેડિયો સ્ટેશનમાં નીલ નોકરી કરવા લાગ્યો. અહીં વિવિધ જાતના અને વિચારો વાળા લોકો સાથે સંપર્કમાં આવવાની તેને મનગમતી તક મળી ગઈ. અહીં એની ઠીક ઠીક પ્રગતિ થઈ અને એ રેડિયો સ્ટેશનમાં પ્રોગ્રામ ડિરેક્ટર ઉપરાંત સ્થાનિક અખબારના ખબરપત્રી તરીકે પણ તે કામ કરવા લાગ્યો.

વધારે ઊંચી છલાંગ ભરવા તેણે ઓરેગન રાજ્યમાં સ્થળાંતર કર્યું અને જાહેર સંબંધો અને માર્કેટિન્ગ  માટેની પોતાની કમ્પની શરૂ કરી.

પણ ઉપર જણાવ્યા મુજબ કાર અકસ્માતમાં તેની દુનિયા રસાતાળ બની ગઈ અને તે રસ્તા પર આવી ગયો. જો આમ ન થયું  હોત તો નીલ એક ચીલાચાલુ વ્યવસાયી બની રહ્યો હોત અને  નેમ કે નામ વગરનો એક અદનો

આદમી જ હોત. ઘણા હવાતિયાં માર્યા બાદ તેને કાયમી નોકરી મળી તો ગઈ, પણ અંતરનો અવાજ વધુ ને વધુ પ્રબળ બનતો ગયો, જેની પરાકાષ્ઠા રૂપે 'ઈશ્વર સાથે સંવાદ' નો જન્મ થઈ શક્યો .

હવે તો હજારો લોકો નીલ પાસેથી જીવન સંઘર્ષ માટે પ્રેરણા લે છે. એની વેબ સાઈટ પરથી એની માહિતી મેળવી શકાશે –

http://www.nealedonaldwalsch.com/

સંદર્ભ –

https://www.youtube.com/watch?v=kEZ_aXmPnvg

https://www.youtube.com/watch?v=StG-OA0TUP8
https://en.wikipedia.org/wiki/Neale_Donald_Walsch

http://www.nealedonaldwalsch.com/

## ઊંચી ઊડાન – જમીન પર રહીને

"ચલને અલ્યા મલય! આપણે ગિલ્લીદંડા રમીએ. "

અને મલય સ્લેટને ફંગોળીને શેરીમાં દોડી ગયો. છેક મોડી સાંજે ઘરમાં પાછો આવ્યો; ત્યારે એને યાદ આવ્યું કે, ગામની ધૂળિયા નિશાળના માસ્તરે આપેલું લેસન તો બાકી જ રહી ગયું હતું. લસ લસ કોળિયા ભરતાંકને તેણે સાંજનું વાળુ પતાવી દીધું. ચપટીકમાં જ માસ્તરને બહુ વ્હાલા મલયે એમને નારાજ ન કરવાની લ્હાયમાં, ઊંઘરેટી આંખ છતાં લેસન તો પતાવી જ દીધું.

બીજા દિવસે નિશાળમાં માસ્તરે એનું લેસન તપાસી દસમાંથી દસ માર્ક આપી શાબાશી આપી અને આખા ક્લાસને કહ્યું," આખો દહાડો ગીલ્લી દંડા ઠોક્યા કરો છો – તો આ મલયને જુઓ. આમ લેસન કરાય."

મલય અને એનો જીગરી દોસ્ત મૂછમાં મલકાઈ પડ્યા!

નાનપણમાં ઘણાં છોકરાઓ ભારે તોફાની હોય, તેમ મલય પણ બહુ જ તોફાની હતો. જો આસપાસમાં ખુલ્લી કોતરો ને ડુંગરા હોય, તો પૂછવું જ શું? મમ્મી રવિવારે ભણવા બેસાડે, ત્યારે આ ઝાડ ને પેલા ઝાડ પર ચડી જાય, આખા વગડામાં મમ્મી શોધી શોધીને રડવા જેવી થઇ જાય ત્યારે મલય નીચે ઉતરે ને પેટ પકડીને હસે, પણ પછી લેસન તો જાતે કરી જ લે. વેકેશનમાં મામાના ઘેર મુંબઇ જાય તો બહુ મજા કરે, પણ ઘણાં લોકો, ગામડિયો કહીને ઉતારી પાડે ત્યારે બહુ લાગી આવતું. આથી સરકારી નોકરી કરતા એના

પિતાએ ક્લાર્કની નોકરી માટે શહેરમાં બદલી માંગી. મલયના નવમા ધોરણ વખતે મલયનું શહેરમાં ભણવાનું સ્વપ્નું સાકાર થયું.

પણ, ગામ અને શહેરની જીવન જીવવાની રીતભાતમાં બહુ મોટું અંતર, ખુલ્લા સરકારી આંગણાંની જગ્યાએ અહીં તો બહુ ભરચક વિસ્તારમાં માંડ એક રુમ-રસોડાનું ઘર પિતાએ વેચાતું લીધું. મલયને મિકેનિકલ વસ્તુઓમાં ભારે રસ પડતો. આથી એણે શહેરમાં આવીને મિકેનીકલ ડિપ્લોમાના અભ્યાસનું વિચારેલું. પિતાને પણ એ વિચાર યોગ્ય લાગતો જેથી મલય જલ્દીથી પગભર થઇ શકે.

પણ ગામ અને શહેરી રીતભાતની અસર વચ્ચે બહુ ધાર્યું પરિણામ ના મળ્યું અને એ વખતે નવા એવા કમ્પ્યુટરના ડિપ્લોમામાં તેને એડમીશન મળ્યું.

ખંતીલા મલયને કમ્પ્યુટરની મશીનરીથી લઇને એની બનાવટ, એના ઉપયોગો, એનું સમારકામ બધી બાબતોમાં એટલો બધો રસ પડવા લાગ્યો કે, ના પૂછો વાત. આખા રાજ્યમાં એ કમ્પ્યુટર ડિપ્લોમામાં પ્રથમ આવ્યો. એના મામાએ એને કમ્પ્યુટર ભેટ આપ્યું. ડિપ્લોમા અભ્યાસ દરમ્યાન એને ભાન થઈ ગયું હતું; કે તે તો એંજિનીયરીંગ કોલેજમાં જોડાઈ વટદાર ઈજનેર બની શક્યો હોત.

ડિપ્લોમાના અભ્યાસથી એ ખૂબ ખુશ હતો. હજુ કાંઈ મોડું નથી થયું, એમ વિચારીને ઊંચું નિશાન તાકવાની લ્હાયમાં અને હોંશમાં તેણે પૂના જઇને આગળ ડીગ્રી અભ્યાસનું ફોર્મ ભરી દીધું, એડમીશન તો મળ્યું પણ

મોંઘવારીમાં સામાન્ય પરિવારને હોસ્ટેલ, ચોપડીઓ  વિગેરે ખર્ચ પોસાય તેમ નહોતા; એટલે પિતાએ પૂના આગળ અભ્યાસની ના કહી.

એને કે એનાં માવતરને કોઈ અંદાજ જ ન હતો; કે આ સિદ્ધિ તેને કયા શિખર સુધી પહોંચાડી શકશે. સગાં વ્હાલામાં પણ એવી કોઈ દિશાનું જાણકાર ન હતું કે, મલયને તો કોલેજમાં ભણવાની સ્કોલરશીપ મળી શકે; અને વિના ખર્ચે તે એન્જિનિયર બની શકે.

મલયે પિતાનું માન જાળવવા પોતાનું મન માર્યું અને અનુભવ કમાવવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું. જો કે ડિપ્લોમામાં પ્રથમ આવેલ હોવાથી સાહેબ અને ઘણાં લોકોએ નજીકની ડીગ્રી કોલેજમાં એડમીશન લેવા પ્રોત્સાહિત કર્યો. પણ મલયનું મન હવે ભણવામાં લાગતું જ ન હતું.  વળી, જાતે જ પાછલા ત્રણ વરસમાં એટલો અભ્યાસ કરેલો કે એને બારમું કરીને ડીગ્રીમાં હાંફતા હાંફતા માર્કસની રેસમાં ભણતા વિદ્યાર્થીઓ વચ્ચે ભણવાનું ફાવતું જ નહીં  એટલે એણે કમાવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું.

કમ્પ્યુટર રિપેરિંગમાં એ નિષ્ણાત હતો અને એક ઇન્સ્ટિટ્યુટની લેબનો ઇન્ચાર્જ બન્યો. જેનું પણ કમ્પ્યુટર રિપેર કરતો તે  દરેકનું દિલ મલય જીતી લેતો.  ૧૯ વરસના આ છોકરાને આગળ અભ્યાસ માટે લગભગ બધા પાસેથી ઘણું પ્રોત્સાહન મળતું. સાહેબોના સહકારથી એ ટૂકડે ટૂકડે કોલેજમાં હાજરી ભરી આવતો. પણ એને અંગ્રેજી પર કાબુ મેળવવો બહુ જરૂરી લાગ્યો. તે કોલ સેન્ટરના ટેક્નિશિયન તરીકે પૂનાની નાની કંપનીમાં ભરતી થઇ ગયો. પાછું

એણે ભણવાનું છોડી દીધું. પણ આભને આંબવાનું સ્વપ્નું જોયા કરતો. પૂનામાં આગળ ભણી ના શકાયું એનો અફસોસ એને હતો એટલે એણે મનગમતા પ્રોફેશનલ સર્ટિફિકેટ કોર્સ  કરવા માંડ્યા.

પણ એ એટલો ચપળ, મહેનતુ અને પરોપકારી હતો કે, એની કાબેલિયત નજર અંદાજ કરીને એના ઉપરીએ એને કોલેજનું ભણવાનું પૂરું કરી લેવા સમજાવ્યું. એક દિવસ એક મિત્રે પણ ખૂબ દબાણ કર્યું. એટલે એણે પાછા છ એક મહિના કોલેજમાં ધ્યાન આપ્યું અને પાછલા વરસના બધા પેપર પૂરા કર્યા.

આમ, ટૂકડે ટૂકડે કામના અનુભવની સાથે સાથે મલયબાબુને માથે છ વર્ષે ઈજનેરનું છોગું પણ લાગી ગયું. મલયને હવે ભાન થઈ ગયું હતું કે, તેની હેસિયત કેટલે સુધી તેને પહોંચાડી શકે છે.

એ હવે મલ્ટિનેશનલ કંપનીમાં ઉડાન ભરવાનું વિચારતો હતો, તેવામાં એક વખત મિત્ર મંડળીમાં સ્કોલર એવા એક મિત્રને મલ્ટીનેશનલ કંપનીના ઇન્ટર્વ્યુમાં રિજેક્શન થયું ને મલયે એને સહજ સલાહ આપી કે ‘પ્રેક્ટિકલ જ્ઞાન વધુ અગત્યનું છે.”

એ દોસ્ત અને બીજા મિત્રોએ મલયને ચેલેન્જ ફેંકી , ‘તારામાં છે ને વધારે આવડત!  તો લઇ બતાવ આ જ નોકરી’. અને સાચે જ એણે એ જ મલ્ટિનેશનલ કંપનીમાં પુરા પાંચ ટેક્નિકલ ઇન્ટર્વ્યુમાં એવું સરસ કામ કર્યું કે એને મોં માંગ્યા પગારથી રાખવાની ઓફર કરવામાં આવી.

મલયની જિંદગી રાતોરાત બદલાઇ ગઇ. બે વરસમાં તો સ્ટાર પર્ફોર્મરના બે મૂલ્યવાન એવોર્ડસ મળ્યા.

કમ્પનીના ઘરાક હંમેશા એના કામનાં વખાણ કરતા અને લે, કર વાત! આવી જ બીજી એક કમ્પનીમાં બેન્ગલોરમાં કામ કરતી હીરા જેવી એક કન્યા માલતી સાથે એની આંખ-ગિલ્લી ટકરાઈ ગઈ! એ ગિલ્લીએ એને મહામૂલી જીવનસાથી પણ આપી દીધી.

પત્નીને બધી રીતે એની કારકિર્દીમાં ટેકો આપવા, લાંબુ વિચારીને પોતાની ગમતી નોકરી મલયે છોડી દીધી. સદભાગ્યે તેને પણ બેન્ગ્લોરમાં બીજી એક નવી નોકરી મળી ગઈ. આ નવી નોકરીમાં એને વિદેશમાં કામ કરવાનો સારો અનુભવ મળવા લાગ્યો. વચ્ચે એણે વિશ્વ વિખ્યાત ગૂગલ કમ્પનીમાં પણ ટેસ્ટ આપ્યો. એમાં તેને સોમાંથી સો માર્ક મળ્યા. પણ તે જે કામ માટે માહેર હતો; એની ત્યાં કોઈ જ જરૂર ન હતી.

પણ નાસીપાસ થાય તો ગિલ્લી આગળ શી રીતે ઊછાળી શકાય? મલયને એનો બરાબર અનુભવ હતો ! એણે ધૂળિયા પહાડી ગામમાંથી મલ્ટિનેશનલ કંપની સુધીની છલાંગ તો ભરી જ દીધી હતી ને?

છેલ્લા છ વરસની મહેનત અને અનુભવના સધિયારે ફરી એક વખત મલયે લંડનનું નિશાન તાક્યું. પાછલા વરસોની સખત મજૂરીના સબબે તેને આ કમ્પનીમાં કદીક એમ્સ્ટર્ડેમ, કદીક બર્લિન, તો કદીક પેરિસ જવું પડતું. નોકરીના રોજ કમ સે કમ બાર કલાક તો ખરા જ. સુખી જીવન જીવવાના બધા

કોડ બાજુએ મૂકીને, કમ્પ્યુટર રિપેરિંગથી લઇ ‘આઇ-ટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્પેશીયાલિસ્ટ’ ના અનુભવના જોરે એની ગિલ્લી દૂર ને દૂર ફંગોળાતી રહી! માલતીએ પણ એના આ ઉન્નત ગગનની કષ્ટભરી ઊડાનોને પૂરો સાથ આપ્યો. તે હવે લન્ડનમાં ઘર સાચવીને બેસી ગઈ.

આજે મલય વિશ્વવિખ્યાત કમ્પનીમાં ૧૫૦ સોફ્ટવેર એન્જિનિયરોનો ‘સાહેબ’ છે, ગાડાંના પૈડાં જેવા પાઉન્ડમાં મસમોટો પગાર મેળવે છે અને ......

એની ગિલ્લી હજુ વધારે દૂર પહોંચવાની જ છે, કારણ કે, મલયની જીવન નૌકાએ હજી ચાળીસી પણ વટાવી નથી!

# ઉત્તર કોરિયાનો ખિસ્સાકાતરૂ

ઉત્તર કોરિયાના પાટનગર પ્યોન્ગ્યાન્ગમાં પોલિસ ઓફિસરના પુત્ર તરીકે ૧૯૯૨માં જન્મેલો સુન્ગજુ લી આઠ વર્ષનો હતો ત્યારે, ત્રણ બેડરૂમના એપાર્ટમેન્ટમાં બહુ જ લાડકોડમાં ઉછરી રહ્યો હતો. ટીવી પરથી સતત પ્રચાર થઈ રહેલા દેશભક્તિ અને મુડીવાદને ધિક્કારતા સમાચારો અને માનાસિક ધોવાણની જેહાદથી( Brain washing)દોરવાઈ, તે જાપાન અને અમેરિકા જેવા મુડીવાદી દેશથી પોતાના દેશનું રક્ષણ કરવા અને પોતાના બાપની જેમ લશ્કરમાં જોડાઈ, સેનાપતિ બનવાના સપનાં સેવી રહ્યો હતો. શક્તિશાળી બનવા તે 'ટાય-કોન-ડો'ના ક્લાસમાં માર્શલ આર્ટની તાલીમ પણ લઈ રહ્યો હતો. પ્યોન્ગ્યાન્ગના ફન પાર્કમાં કોઈ પણ સુખી શહેરી બાળક માણે, તેવી મજા માણવા તેનાં માબાપ તેને લઈ જતાં હતાં. કેટકેટલી વાર તેણે રોલર કોસ્ટરમાં સહેલ માણી હતી! પણ તે વખતે બિચારા, નાનકડા સુન્ગજુને ક્યાં ખબર હતી કે, તેની જિંદગીનો એક ભયાનક રોલર કોસ્ટર તેની રાહ જોઈ રહ્યો હતો ?

૧૯૯૪માં ઉત્તર કોરિયાના તારણહાર મનાતા પ્રેસિડેન્ટ કિમ ઈલ સુન્ગના અવસાન બાદ, અણઘડ વહિવટના કારણે, આખા દેશનું ભવિષ્ય ધીમે ધીમે, ઊંડા અને ઊંડા ખાડામાં સરકી રહ્યું હતું. નવ વર્ષની ઉમરે તેના માબાપ વેકેશનમાં જવાનું છે, તેવું બહાનું બતાવી, થોડોક સામાન લઈ દેશના ઉત્તર ભાગના સાવ છેવાડાના ગ્યોન્ગ સ્યોન્ગ ગામમાં હિજરત કરીને તેને લઈ ગયા. એ નાના બાળકને તો તેમણે ગંધ પણ આવવા ના દીધી કે, પોલિસ ખાતાના

આંતરિક રાજકારણના કારણે તેના બાપની બદલી દૂરના અને કોઈ અગત્ય વિનાના સ્થળે થઈ ગઈ હતી. ગંદી ગોબરી ટ્રેનમાં મુસાફરી કરતાં, અને ટ્રેનથી પણ વધારે ગંદા અને સાવ નાનકડા શહેરમાં જતાં તેને આશ્ચર્ય તો  થયું જ કે, વેકેશન કાંઈ આવું તે હોય? પણ તેને બાપમાં બહુ વિશ્વાસ હતો, એટલે તે ચૂપચાપ બેસી રહ્યો. એક જ ઓરડાના, કોઈ આધુનિક સગવડ વિનાના  અને ઉબડ ખાબડ મકાનને તે શી રીતે  પોતાનું ઘર માની શકે? એના જીવનમાં આવનાર ઘોર વિનિપાતની આ તો શરૂઆત જ હતી.

થોડાક દિવસ બાદ સાવ ગામઠી અને શહેરી સવલતો વિનાની શાળામાં તેને દાખલ કરવામાં આવ્યો;  ત્યારે પાટનગરમાંથી આવેલો હોવાના કારણે તેને શિક્ષકે સીધો મોનિટર બનાવી દીધો! આના કારણે તેને સાથી વિદ્યાર્થીઓની ઈર્ષ્યા અને રેગિંગનો ભોગ પણ બનવું પડ્યું. પણ એને કુદરતી રીતે જ સ્વરક્ષણ કરવાની કુશળતા આવડી ગઈ! તેને હવે સમજાવા લાગ્યું હતું કે, આ જ તેની નિયતિ છે.

એક દિવસ તો સાવ નાની ચોરી માટે પકડાયેલ એક પુરૂષ અને અને દેશ છોડી જતાં પકડાયેલી એક સ્ત્રીને જાહેરમાં ફાંસી આપવાનો તાયફો જોવા શાળાના બધા વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા. વાંસડા સાથે બાંધી રાખેલા આ બે જણની ગોળીબારથી હત્યા કરવાનું લોહિયાળ દૃષ્ય તેને કમકમાટી સાથે જોવું પડ્યું.

દેશમાં ચાલી રહેલા દારૂણ દુષ્કાળના કારણે તેના બાપની આછી પાતળી નોકરીમાંથી જીવન નિર્વાહ ચલાવવાનું કપરૂં બનતું ગયું અને તેમણે બચાવેલી મુડી બહુ ઝડપથી ખતમ થવા લાગી.

અંતે બાપની સાથે બાજુના જંગલમાંથી શિકાર કરીને ખોરાક મેળવી લેવામાં તેનો ઘણો સમય જવા માંડ્યો. બીજા સાથીઓની જેમ નિશાળે જવાનું તો બંધ જ થઈ ગયું હતું. આ પરિસ્થિતિનો અંત આણવા તેનો બાપ ચીન ભાગી ગયો. મહિનો એક માંડ વિત્યો હશે અને તેની મા પણ તેની પિત્રાઈ બહેનને મળવાનું બહાનું કાઢીને તેને સાવ નિરાધાર છોડીને ચાલી ગઈ. સુન્ગજુ માટે આ બહુ જ મોટો આઘાત હતો. તેને માબાપની આ વર્તણૂંક બેજવાબદાર લાગી. ઘણાં વર્ષ સુધી તેને આમ સાવ એકલો છોડી દેવા માટે તે તેમને માફ ન કરી શક્યો. પણ આ તો તેની આવનાર આપત્તિઓની માત્ર શરૂઆત જ હતી.

માત્ર ૧૧ વર્ષની ઉમરે સુન્ગજુ લી એકલો, નિરાધાર અને અસહાય બની ગયો. રડી રડીને આંસું પણ સૂકાઈ ગયાં.  ખાવા માટે વલખાં મારતાં તેને ભીખ પણ માંગવી પડી. પણ મોટા ભાગની પ્રજા અભાવમાં જીવતી હોય, ત્યાં ભીખ પણ કોણ આપે? છેવટે જીવન ટકાવી રાખવાના અનેક દારૂણ સંઘર્ષો બાદ, રસ્તે રઝળતા અન્ય કિશોરોની જેમ તે પણ ખિસ્સાકાતરૂ બની ગયો. પ્યોન્ગ્યાન્ગમાં લીધેલી ‘ટાય-કોન-ડો’ની તાલીમ આ કપરા કાળમાં તેને કામ આવી ગઈ.

થોડાએક મહિના બાદ, તેણે શાળાના જૂના પાંચ મિત્રો સાથે પોતાની એક ખિસ્સાકાતરૂ ગેન્ગ બનાવી દીધી! બજારના વેપારીઓ અને બાજુના ગામડાંઓમાંથી વેચવા આવતી બાઈઓ પાસેથી શી સિફતથી મતા સેરવી લેવી, તે કળામાં આ સૌ માહેર બની ગયા. પોતાના આ મિત્રો માટે ભાઈ જેવી લાગણી હજુ સુન્ગાજુ ના દિલમાં મોજૂદ છે.

પણ થોડાક જ મહિના બાદ વેપારીઓ આ તસ્કર વિદ્યા માટે તેમને ઓળખતા થઈ ગયા. તેમનું કામ વધારે ને વધારે મુશ્કેલ બનતું ગયું. આથી છ યે જણ ટ્રેનમાં ખુદાબક્ષ મુસાફરી કરી, બીજા શહેરમાં પહોંચી ગયા. પણ ત્યાં તો તેમના કરતાં ઉમરમાં મોટા અને બળવાન યુવાનો સાથે તેમને હરીફાઈમાં ઉતરવાનું હતું. એ મુઠભેડમાં તેનો એક જિગરી દોસ્ત સખત માર ખાઈને મરણતોલ હાલતમાં બેભાન બની ગયો. એની ચાકરી તો સૌએ કરી, પણ તેને તેઓ બચાવી ન શક્યા. સ્વજનના મોતના આટલી નજીકથી દર્શને એ સૌના સીના અને મગજમાં શૂન્યાવકાશ પેદા કરી દીધું.

આવા કારમા અનુભવ પછી આખી ગેન્ગ ત્રીજા શહેરમાં પહોંચી ગઈ. આમ તેમણે ચાર વખત શિકારની જગ્યાઓ બદલી! એક શહેરમાં તો એક સરકારી ખેતરમાંથી બટાકા ચોરવા માટે તેમનો એક બીજો સાથી પણ ચોકીદારોનો માર ખાવાને કારણે મૃત્યુ પામ્યો. આખી ગેન્ગ માટે સગો ભાઈ મરી ગયો હોય, તેવો આ બીજો આઘાત હતો. આ દુઃખને ભુલવા સુન્ગાજુ અફીણના રવાડે ચઢી ગયો. એ પહેલાં બધા ભુખ અને હાડમારીનું દુઃખ ભુલવા ચોખામાંથી બનાવેલો દેશી દારૂ પીતા તો થઈ જ ગયા હતા. એમનો એક સાથી

વેશ્યાવૃત્તિ કરાવતી મેડમના આડતિયા (pimp) તરીકે પણ સારું મહેનતાણું મેળવી લેતો હતો.

એક શહેરમાં તો સુન્ગજુ તેના બીજા એક સાથી સાથે ચોરી કરતાં પકડાયો પણ ખરો અને જેલ ભેગો થઈ ગયો. આશ્ચર્યની વાત તો એ છે કે, જેલમાંથી જ પોલિસ રક્ષણ હેઠળ બધા તસ્કરોને શહેરમાં લઈ જવામાં આવતા. તેમની કાળી કમાણીમાંથી જેલના સ્ટાફને દારૂની જ્યાફત માટે નાણાં મળી જતાં! શિયાળાની ભીષણ ઠંડીમાં કોઈક બળિયા ઓઢવાના આછા પાતળા રગ પચાવી પાડતા અને બીજા નિર્બળ અને નાના કિશોરો એકમેકને વળગી, ટૂંટિયું વાળી ટાઢ ખાળવાનો નિષ્ફળ પ્રયત્ન કરતા. એ જેલમાં  પકડાયેલી છોકરીઓ જ નહીં પણ છોકરાઓનું પણ દરરોજ  જાતીય શોષણ થતું રહેતું. હૃદયની જગ્યાએ પથરો હોય તેવો લાગણીશૂન્ય સુન્ગજુ બની ગયો. જેલની નર્કથી પણ બદતર જિંદગીનો આ અનુભવ સુન્ગજુ કદી ભુલી શકતો નથી. ઘણી વાર રાતે એ કારમા દોજખનાં  ભયાનક સપનાંથી તે હજુ પણ જાગી જાય છે.

છેવટે દોજખ જેવી એ જેલમાંથી બારી તોડીને બન્ને મિત્રો એક રાતે ભાગી છૂટ્યા. બાકી રહેલા મિત્રો સાથે સુન્ગજુ ગ્યોન્ગસ્યોન્ગ પાછો ફર્યો. હવે તો એ બધા રીઢા ચોર બની ગયા હતા. ઉમર વધવા સાથે અને ઉઠાવેલી યાતનાઓના પ્રતાપે તેમની શારીરિક તાકાત પણ વધી હતી. હવે એક નવો ધંધો તેમને મળી ગયો. વેપારીઓ જ પોતાના માલ અને મતાના રક્ષણ માટે અને બીજી ગેન્ગોથી રક્ષણ મેળવવા આ ચારની સેવા લેવા માંડ્યા!

એક બે વર્ષ જ જો આમ વિત્યા હોત તો, સુન્ગજુ અંધારી આલમનો ડોન બની ગયો હોત. પણ તેના સદનસીબે એક દિવસ એક વૃદ્ધ માણસને આછું પાતળું લાગ્યું કે, સુન્ગજુ તેનો ખોવાયેલો પૌત્ર છે. તે તેની પાસે આવ્યો અને તેને પોતાને ઘેર આવવા કહ્યું. તેણે તેનું નામ સુન્ગજુ છે, એમ કહીને પણ ઓળખાણ તાજી કરવા કોશિશ કરી. કોઈનો પણ વિશ્વાસ નહીં રાખવાની સૂઝ છતાં, આ સજ્જનને ઘેર ચોરી કરી, રાતે ભાગી જવાના ઇરાદાથી તેણે સાથે જવા કબૂલ્યું,

તે વૃદ્ધના વાડી સાથેના મોટા મકાનમાં ચાર વર્ષ બાદ સુન્ગજુએ પોતાના માબાપનો ફોટો જોયો અને ચોધાર આંસુએ રડી પડ્યો. દાદા-દાદીને ભેટતાં તેને કૌટુમ્બિક પ્રેમની ફરીથી અનુભૂતિ થવા લાગી. દાદા દાદી ઠીક ઠીક સમૃદ્ધ હતાં. એમની પાસે શાકભાજીની વાડી અને થોડાંક ઘેટાં બકરાં પણ હતાં. દાદી પાસે તેનું ભણતર પણ શરૂ થવા લાગ્યું. તેનું ખોવાયેલું બાળપણ ધીમે ધીમે તેને પાછું મળવા લાગ્યું. આમ છતાં તે તેના ભાઈ જેવા સાથીઓને ભુલી ગયો ન હતો. દર રવિવારે દાદીએ બાંધી આપેલા ભોજનના મોટા પેકેટ સાથે તે ગ્યોન્ગસ્યોન્ગ જતો અને આખો દિવસ તેમની સાથે મજા માણી દાદાના ઘેર પાછો ફરતો.

એક રાતે એક સાવ અજાણ્યા માણસે તેમના ઘરનું બારણું ખટખટાવ્યું. અંદર આવીને તેણે દાદાને એક પત્ર બતાવ્યો, જેમાં સુન્ગજુ ના બાપે આ માણસની ઓળખાણ આપી હતી અને સુન્ગજુને તેની સાથે મોકલવા કહ્યું હતું. સાથે પોતાની ઓળખનું એક ચિહ્ન પણ તેને આપેલું હતું. તે માણસને સુન્ગજુને કોરિયાની સીમા ચોરી છૂપીથી ઓળંગી ચીનમાં ઘુસાડવાનું કામ સોંપાયું હતું.

સુન્ગજુ દાદા દાદીનો પ્રેમ સભર આશરો છોડી સાવ અજાણ્યા ભવિષ્યમાં શગ માંડવા લગીરે તૈયાર ન હતો. પણ એક વાર બાપને મળી તેની સાથે ઝગડો કરવાની તેની આકાંક્ષા સતેજ થઈ ગઈ. છેવટે બહુ આક્રંદ સાથે સુન્ગજુએ દાદા દાદીનું ઘર છોડ્યું. અનેક આફતો અને ભયના ઓથાર વચ્ચે ૧૬ વર્ષનો સુન્ગજુ બોર્ડરની પેલે પાર આવેલા ચીનના એક નાના શહેરમાં પહોંચી ગયો. ત્યાં એક બીજા માણસના ઘેર તેને આશરો મળ્યો. તે માણસે તેને બનાવટી પાસપોર્ટ અને વિસા આપ્યા અને સ્થાનિક એરપોર્ટ પરથી વિમાનમાં ચઢાવી દીધો. માલગાડીમાં ખુદાબક્ષ કરી ભટકતા રહેલા સુન્ગજુ માટે આ પહેલી વિમાની સફર હતી.

વિમાને જ્યારે ઊતરાણ કર્યું ત્યારે બધા થોડીક જુદી લહેકની પણ કોરિયન ભાષા જ બોલતા હતા, તેથી તેને આશ્ચર્ય તો થયું જ. પણ તેને ક્યાં ખબર હતી કે, તે દક્ષિણ કોરિયાના પાટનગર સેઉલમાં પહોંચી ગયો છે? ત્યાં પણ ઇમિગ્રેશન વખતે ખોટા પાસપોર્ટ માટે તે પકડાઈ ગયો. એક કોટડીમાં પૂરાયેલા સુન્ગજુના રોમે રોમમાં ભયનું લખલખું ફરી વળ્યું. ‘હવે તો તેને સીધો પ્યોન્ગ્યાન્ગ જ ડિપોર્ટ કરશે અને ગોળીબારથી વીંધીને ફાંસી આપવામાં આવશે.’ - આ ભયનો ઓથાર સહી ન શકાય તેવો ભયાવહ હતો. પણ તેના બાપે લાંચ આપેલી હોવાના કારણે ઇમિગ્રેશનના વડાની ઓફિસમાં તેને લઈ જવામાં આવ્યો. અને ત્યાં? હાજર રહેલા પોતાના બાપુને તે ઓળખી ગયો. તેમને મળતાંની સાથે જ ઝગડો કરવાનો સુન્ગજુ નો ઈરાદો ક્યાંય ખોવાઈ ગયો. તે બાપને ચોધાર આંસુઓ સાથે ભેટી પડ્યો.

પછી તો સુન્ગજુના જીવનની કેડી સાવ જ બદલાઈ ગઈ. સ્વતંત્રતાની હવાની લહેરખીમાં તેનું કલેવર બદલાવા માંડ્યું. એ હવામાં એના બધા કુટિલ સંસ્કાર ઓગળવા લાગ્યા. પણ ઉત્તર કોરિયાના ઉત્તર ભાગના નાના નાના શહેરોમાં સબડી રહેલા બાંધવો અને તેમના જેવા દુર્ભાગી, રખડેલ મવાલીઓ અને ખિસ્સાકાતરૂ માટે તેના દિલમાં અનહદ પ્રેમનો આતશ હજુ ઓલવાયો નથી. ઉલટાનું ભણતરના સંસ્કારથી એમની યાતના શી રીતે દૂર થઈ શકે? – તેના ખ્યાલ જ તેના મનમાં ઘોળાતા રહે છે.

તેની માતાને શોધી કાઢવા તેના બાપે અનહદ પ્રયાસો કર્યા પણ તેનો કશો પતો હજુ સુધી લાગ્યો નથી. પરંતુ એ શોધમાં ઉત્તર કોરિયા અને ચીનમાં તેની મા જેવી ઘણી દુર્ભાગી મહિલાઓને સુન્ગજુના બાપે ગાંઠનું ગોપિચંદન કરી, દોજખ જેવી જિંદગીમાંથી છોડાવી છે અને દક્ષિણ કોરિયામાં સ્થાયી અને સુખી કરી છે.

૨૭ વર્ષની ઉમરે દક્ષિણ કોરિયાના પાટનગર સેઉલમાંથી માસ્ટરની ડીગ્રી મેળવી, તે અત્યારે અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. માં પી.એચ. ડી. મેળવવા માટે ભણી રહ્યો છે. તેણે કેનેડાના HanVoice Pioneers Project માં પણ ‘તેના દુર્ભાગી ભાંડવો જેવા અનેકને માટે નવી આશા શી રીતે ઊભી કરી શકાય?’- તે માટેના પ્રયાસોમાં મદદ કરી છે. એ પ્રોજેક્ટના ભાગ રૂપે તેણે વિશ્વના બે ત્રણ અત્યંત વિકસિત દેશોમાં, ઉત્તર કોરિયાની વાસ્તવિક પરિસ્થિતિ વિશે વ્યાખ્યાનો પણ આપ્યાં છે.

ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેવા વિરોધાભાસ વાળા બે કોરિયા ફરીથી જોડાઈ એક દેશ બને – તે સુન્ગજુ નું સ્વપ્ન છે. તેનું બીજું સ્વપ્ન છે – તેના અભાગી ખિસ્સાકાતરૂ ભાઈઓને મળવાનું અને તેમને પણ સ્વતંત્રતા અને ઊજળા ભાવિનો અહેસાસ કરાવવાનું.

આપણા માનસને જકડી રાખતી અને વિચારતા કરી દે તેવી સુન્ગજુ લીની આસમાની સુલતાનીની - એના રોલર કોસ્ટર જેવા જીવનની વ્યથા–કથા વાંચવા મળી અને ગુજરાતી વાચકો સમક્ષ એને ટૂંકમાં રજુ કર્યા વિના રહી શકતો નથી. આ લેખ તો એક નાનીશી ઝાંખી જ છે. પણ તેની જિંદગીના ઉતાર ચઢાવને પૂરી રીતે સમજવા , તેની આ આત્મકથા 'Every falling star' વાંચવી જ રહી .

https://www.youtube.com/watch?v=4jaa2sTelk4

સંદર્ભ –


https://www.facebook.com/sungju.andrew.lee

http://www.koreatimes.co.kr/www/nation/2017/06/103_231348.html

https://www.bbc.com/news/magazine-37914493

https://www.amazon.com/Every-Falling-Star-Survived-Escaped/dp/1419721321

https://www.youtube.com/watch?v=_zq___qjvaik

https://www.youtube.com/watch?v=4jaa2sTelk4

# એક મંદિરની શોધમાં, ભાગ-૧

[ પુરાતત્વની એક સત્યકથા પર આધારિત ]

શનિવારની એક સાંજે, જંગલમાંથી આવીને તે થાક ઊતારી રહ્યો હતો; અને ભેગા કરેલા અવનવી વનસ્પતિના નમૂના વિભાગવાર જુદા પાડી રહ્યો હતો. વિષુવવૃત્તીય વિસ્તારના એક દેશના એક તળાવની થોડે દક્ષિણે આવેલા એક નાના-શા શહેરમાં તે હજુ બે એક અઠવાડિયા પહેલાં જ આવ્યો હતો. હેન્રી મુહોતને પેરિસથી એ દેશના વિષુવવૃત્તીય જંગલોની વનસ્પતિઓની શોધખોળ કરવા, એક વર્ષ પહેલાં નિયુક્ત કરવામાં આવ્યો હતો. આ નાના'શા ગામમાં તે સાવ કંટાળી ગયો હતો. આમ તો તે ધાર્મિક ન હતો, પણ બીજાં ફ્રેન્ચ ભાષા બોલતાં લોકોને મળાશે, તે આશાએ તેણે રવિવારની ચર્ચની સભામાં જવાનું નક્કી કર્યું.

બીજા દિવસે તે ચર્ચમાં ગયો. પીટર નામનો પાદરી મોટે ભાગે તો સ્થાનિક ભાષામાં જ બાઈબલમાંથી વાંચી રહ્યો હતો; પણ થોડાએક શબ્દો, થોડાં ઘણાં ફ્રેંચ સાંભળનારાં માટે પણ બોલી રહ્યો હતો. સભા પતી ગઈ, પછી પીટરે બીજી ઔપચારિકતા પતાવી, બધા ફ્રેન્ચ લોકોને પોતાના કમરામાં આવવા નિમંત્ર્યાં. સ્વાભાવિક રીતે જ તેનું ધ્યાન નવાગંતુક મુહોત પર વધારે રહ્યું. ઘણી બધી વાતો થઈ. મુહોતને સ્થાનિક ઈતિહાસ, ભૂગોળ, રીતરિવાજ વિગેરે વિશે જાણવાની ઘણી ઉત્કંઠા હતી. કાળી ગરમાગરમ ચા અને સ્થાનિક બનાવટના બિસ્કિટની સાથે વાતોના ગપાટા પણ ખાસ્સાં ચાલ્યાં. વાતવાતમાં

પીટરે એક લોકવાયકાની વાત કરી. ગામથી પચાસેક માઈલ દૂર, તળાવની ઉત્તરે ભયંકર જંગલની વચ્ચે ઘણાં જૂનાં ખંડેરો છે; પરંતુ દુર્ગમ જંગલને કારણે કોઈ ત્યાં જઈ શકતું નથી. તે કોણે બનાવ્યાં અને શા કારણે તૂટી ગયાં તે પણ કોઈ જાણતું ન હતું.

મુહોત ઘેર ગયો, પણ આ વાત તેના મગજમાં ઘૂમરાતી રહી. તેને વનસ્પતિશાસ્ત્ર ઉપરાંત ઈતિહાસમાં બહુ જ રસ હતો. આ પ્રદેશ વિશે તેને આવું બધું જાણવાની બહુ ઈચ્છા હતી, પણ સ્થાનિક લોકોમાં ભણેલા ગણેલા લોક ખાસ ન હતા. જે હતા તે પણ આવી વાયકાઓ સિવાય કશું જ જાણતા ન હતા. તે આ દેશના પાટનગરમાં આવ્યો ત્યારે તેને એટલું જાણવા મળ્યું હતું કે, ઈ.સ. ૧૫૦૦ ના અરસામાં પહેલવહેલા પોર્ચુગિઝ લોકો આ બાજુ આવ્યા હતા અને તેના સો એક વરસ પહેલાં, અહીં બહુ જ જાહોજલાલી વાળી સંસ્કૃતિ અને સામ્રાજ્ય હતાં, પણ દુશ્મનોના આક્રમણમાં તે સામ્રાજ્યનો અંત આવ્યો હતો. અહીંની સ્થાનિક પ્રજા બહુ જ ગરીબ હતી. પીટર પણ વર્ષો પહેલાં આવી ગયેલા પોર્ચુગિઝ લોકોના અહેવાલો, લોકવાયકાઓ વિ. સિવાય કાંઈ જાણતો ન હતો.

મુહોતને તે રાત્રે સપનાંમાં ચિત્રવિચિત્ર પહેરવેશ પહેરેલા, કો'ક અજાણ્યા લોકો કોઈક સાવ અજાણ્યા ભગવાનની અવનવી મૂર્તિની પૂજા કરતાં, ઢોલના ધબકારે નાચતાં અને તેની તરફ ધસી આવતાં દેખાયાં. પસીને રેબઝેબ તે ઝબકીને જાગી ગયો. સવારની ચા પીતાં તેણે સંકલ્પ કર્યો કે, તે ખંડેરોની ભાળ ગમે તે ભોગે કરવી જ.

બીજા રવિવારે ફરી પાછો આ જ ક્રમ ચાલ્યો. મુહોતે કહ્યું –“ પાદરી સાહેબ, મારે ગીચ જંગલોમાં, છેક અંદરના ભાગમાં મારા કામ અંગે જવું છે. જો તમે તૈયાર હો તો, આપણે તે જ વિસ્તારમાં મારી શોધખોળ માટે જઈએ. ખંડેરોની તલાશ પણ થશે, અને મારી વનસ્પતિની પણ. એક સાથે બે કામ થશે.”

પીટરે કહ્યું “ ચર્ચ માટે બીજી કોઈ વ્યવસ્થા થાય તો હું આવું. મને પણ આવું સાહસ કરવાનું ગમે. આવા કામમાં એકાદ બે અઠવાડિયા તો થઈ જ જાય ને.”

બન્ને યુવાન હતા, અને બહુ આસાનીથી મિત્રો બની ગયા હતા. આ કામ અંગે સાથે રહેવાની તક મળશે, તેવું બન્નેને મન થયું.

પછીના અઠવાડિયે તે દેશના પાટનગરમાં આવેલી, દેવળની મોટી કચેરીમાંથી આ માટેની વ્યવસ્થા થઈ ગઈ. બીજા પાદરીને એક મહિના માટે નીમવામાં આવ્યો. આમ ૧૮૬૦ ના માર્ચ મહિનામાં બન્ને મિત્રો પૂરતી સાધન સામગ્રી, અને માણસોનું હાઉસન જાઉસન બે ગાડાંઓમાં ભરીને ઊપડ્યા. સાથે સ્થાનિક જંગલના બે ભોમિયાઓને પણ લઈ લીધા.

ગામ અને ખેતરો પૂરાં થયાં, અને ભયંકર જંગલની શરૂઆત થઈ. ઉત્તર દિશા જાળવી રાખી, કાફલો આગળ વધ્યો. અડાબીડ મોટાં વૃક્ષોની વચ્ચે બકરાં ચરાવનાર ગોવાળિયાઓએ બનાવેલી, નાનીશી કેડી તેમણે પકડી. બે

ત્રણ માઈલ તો મુસાફરી ઠીક ઠીક ચાલી. પણ પછી એકાએક કેડી બંધ થઈ ગઈ. હવે શું કરવું?

હવે તો જંગલને કાપીને જ રસ્તો કરવો પડે તેમ હતું. યાહોમ કરીને ઓછાં ઝાડ કાપવા પડે તે રીતે, તેમણે આવા કામના જાણકાર, સ્થાનિક મુખિયાની મદદથી રસ્તો કરવા માંડ્યો. ગીચ ઝાડી કાપવી પણ કાંઈ રમત વાત ન હતી. નીચે ઘણી જગ્યાએ છીછરા પાણીનાં ખાબોચીયાં કે કાદવ પણ હતાં. ઘણીવાર તેમની સાથેનાં ગાડાંઓનાં પૈડાં કાદવમાં અડધા ખૂંપી જતાં હતાં. માંડ માંડ મજૂરો ગાડાંને ઘાંચમાંથી બહાર કાઢતા.

હવે રસ્તો સીધો ઉત્તર તરફ ન રહ્યો. વાંકાંચૂકા થતાં, મંથર ગતિએ તેઓ આગળ વધતા ગયા. રાતે વાઘોની ડરામણી ત્રાડો અને દિવસે જંગલી હાથીઓની ચિંઘાડો હૈયું વિદારી નાંખતી હતી. ખાવાપીવામાં ય રસ્તામાં જે કાંઈ મળે, તેનાથી ચલાવી લેવાનું હતું, કારણકે લોટ વિ., સામગ્રી બહુ મર્યાદિત હતી. સ્થાનિક રસોઈયાની સમજ અને આવડત સ્વીકારી લીધા વિના બીજો કોઈ વિકલ્પ ન હતો. રસ્તે ચાલતાં સ્થાનિક મજૂરો તેમની કર્ણપ્રિય પણ સમજ ન પડે તેવી ભાષામાં ગીતો ગાઈ રહ્યા હતા. પીટરે સમજાવ્યું કે તેમની જૂની વાયકાઓની કથાઓ, અને યુદ્ધમાં કામ આવી ગયેલા યોદ્ધાઓની શૂરાતન કથાઓનાં આ ગીતો હતાં. મુહોતને તો હવે દિવસે પણ પેલાં સ્વપ્નો દેખાવાં માંડ્યાં!

ઘણી જગ્યાઓએ તો મોટાં ઝાડ એટલાં અડાબીડ ઉગેલાં હતાં કે, બે ચાર ઝાડ કાપ્યાં સિવાય છૂટકો જ ન હતો. આમ થાય ત્યારે કાફલો સાવ રોકાઈ જતો. માત્ર એક બે ભોમિયા જ આગળ જાત માહિતી મેળવવા જઈ આવતા. મેલેરિયામાં પટકાઈ ન જવાય તેનો હમ્મેશ ભય પણ માથે સવાર રહેતો.

પીટરને થતું કે 'ક્યાં આ જંજાળ વહોરી?'. પણ મુહોતના જ્ઞાનથી તે બહુ જ પ્રભાવિત થયો હતો. તેમની નવી દોસ્તી બરાબર જામી ગઈ હતી. એકલા પાછા જવામાં વધારે મોટાં જોખમો હતાં. હવે તો આગળ ધપવા સિવાય બીજો કોઈ જ આરો ન હતો. મુહોત તેની અજાણ એવી જાતજાતની વનસ્પતિઓની જાણ પેલા ભોમિયા અને દુભાષિયા પીટરની સહાયથી લઈ રહ્યો હતો. તેની સ્કેચબુક સુંદર વનસ્પતિ ચિત્રોથી ભરાવા માંડી હતી.

આમ સફરને ત્રણ અઠવાડિયાં તો જોતજોતામાં થઈ ગયાં. જંગલ તો ક્યાંય ટસનું મસ થતું ન હતું. ક્યાંક હાથીઓએ કરેલા રસ્તા મળતા, પણ તેમની દિશા ભાગ્યે જ અનુકૂળ આવતી. આશાનો દિપક બુઝાવાની તૈયારી કરી રહ્યો હતો. મજૂરો પણ થાકથી લોથ પોથ થઈ ગયેલા હતા. બધા ઘેર પાછા જવાની આશા સેવી રહ્યા હતા.

પીટરે હિમ્મત કરીને કહ્યુ, " મુહોત! પાછા ફરવામાં જ ડહાપણ છે. "

મુહોતે કહ્યું , "મને પણ એમ જ થાય છે. આપણે ત્રણ દિવસ રાહ જોઈએ. જો આ જ ક્રમ ચાલુ રહે અને તળાવ ન મળે તો પાછા."

આમ બે મિત્રો વચ્ચે ગંભીર ચર્ચા ચાલી રહી હતી; ત્યાં એક ભોમિયો ભરેલા શ્વાસે દોડતો આવ્યો અને કહ્યું " હાથીઓએ બનાવેલો એક જૂનો રસ્તો મળ્યો છે, અને તે બરાબર ઉત્તર દિશામાં જ જાય છે. " બન્ને મિત્રોમાં આશાનો સંચાર થયો. કાફલો પણ ઉત્સાહમાં આવી ગયો. બેળે બેળે ભોમિયાએ કહ્યું હતું તે કેડી સુધી તો પહોંચ્યા. કેડી મળ્યા પછી કામ થોડું સરળ બન્યું. ઝાડ કાપવાની નોબત ફરી ન આવી. એ જ દિવસે સાંજે તો આખો કાફલો તળાવના કાંઠે આવી પહોંચ્યો.

તળાવ ઘણું મોટું હતું. આરામ કરી બીજા દિવસની સવારે આગળ પ્રયાણ માટે બાથ ભીડી. સાથે માત્ર બે જ નાનકડી હોડી (canoe) હતી. આથી એમ નક્કી કર્યું કે, કાફલો ત્યાં જ રહી પડાવ નાંખે, અને મુહોત, પીટર, એક ભોમિયો અને એક સશક્ત મજૂર એટલા જ આગળ વધે. સાથે જરુરી ખોરાક અને ઝાડી ઝાંખરા કાપવાનો સામાન લીધો.

## એક મંદિરની શોધમાં, ભાગ-૨

આટલા મોટા તળાવમાં કયા કિનારે ઊતરવું? પણ ભોમિયો હોંશિયાર હતો. તેણે કહ્યું – " જો કોઈ મોટી જગ્યા હશે તો તેના લોકોએ તળાવમાંથી પાણી ત્યાં સુધી લઈ જવાની નીક કે નહેર બનાવી હશે." મુહોતને આ વાત ઠીક લાગી. આથી તળાવની ઉત્તર દિશાના છેડે પહોંચી, આવી કોઈ નહેરની તપાસ શરુ કરી. ભાગ્યવશાત્ આવી એક સાંકડી નહેર મળી આવી પણ ખરી. તેમાં બન્ને કનો હંકારી. માંડ એક કનો જાય તેટલી જ પહોળાઈ હતી. કો'ક ઠેકાણે તો તે

કચરાથી પૂરાઈ ગયેલી પણ હતી. ત્યાં તો ચાલીને કનો ખેંચવી પણ પડી. ઘણે ઠેકાણે બે ય કાંઠાં પરનાં ઝાંખરાં ભેગાં થઈ ગયા હતાં. તે કાપવા પણ પડ્યાં.

થોડેક આગળ ગયા અને નહેર તો પૂરી થઈ ગઈ. ત્યાંથી જ પત્થરથી લાદેલો દસેક ફૂટ પહોળો રસ્તો શરુ થતો હતો. ચારે જણ ઉત્સાહમાં નાચી ઉઠ્યા. પણ એ આનંદ ક્ષણજીવી જ નિવડ્યો. રસ્તાની બન્ને બાજુથી દુર્ગમ ઝાડીઓ ફેલાઈ ગયેલી હતી.એ ઝાડીઓ કાપતાં કાપતાં ચારેક કલાક પછી સાંજના સમયે તે લોકો એક મોટા દરવાજાની સામે આવી પહોંચ્યા.

મુસાફરી શરુ કર્યે એક મહિનો થઈ ગયો હતો. પણ આ શોધે તેમનામાં નવી આશાનો સંચાર કર્યો. દરવાજાની બન્ને બાજુ એક ખાસી મોટી માનવસર્જિત ખાઈ હતી. ૨૦૦ વાર પહોળી તે ખાઈ બન્ને તરફ એક માઈલ સુધી વિસ્તરેલી હતી. પણ તેમને તો દરવાજાની અંદર શું છે? - તે જોવામાં વધારે રસ હતો. ખાઈ ઓળંગીને બધા આગળ વધ્યા, હવે રસ્તો વધારે વ્યવસ્થિત હતો, થોડે આગળ જતાં એક અદ્ભુત દ્રશ્ય નજરે પડ્યું. ત્રણ ઊંચા શિખરો વાળા અને અત્યંત ઊંચી દિવાલોથી ઘેરાયેલા એક ભવ્ય મંદિરની સામે તેઓ આવી પહોંચ્યા હતા. બહારની દિવાલો પર જાતજાતના શિલ્પ કોતરેલા હતા. દિવાલ પર થોડે ઉપર નૃત્યાંગનાઓનાં સુમધુર શિલ્પો દેખાતાં હતા. મંદિરનો દરવાજો ઓળંગી તેઓ અંદર પેઠા.

જગતના સૌથી મોટા મંદિરમાં પાંચસો વર્ષ પછી કોઈ માનવે પગ મૂક્યો હતો. આ અંગકોર વાટનું મહાન મંદિર હતું. બધા ઉત્સાહમાં નાચી ઊઠ્યા. એક

મહિનાની મહેનત અને મુશ્કેલીઓ સફળ નિવડી હતી. કમ્બોડિયાના ‘ તોન્લે સેપ ‘ તળાવની નજીક આવેલા આ મહાન મંદિરને ભૂતકાળની કરાળ કંદરામાંથી તેમણે બહાર આણ્યું હતું.

અર્વાચીન યુગની સાત અજાયબીઓમાંની એક અને ભારતના ભવ્ય ભુતકાળને ઉજાગર કરતા, આ મંદિર બાંધવાની શરૂઆત રાજા સૂર્યવર્મન બીજાએ કરી હતી. ‘અંગકોર વાટ ‘ના મંદિર માટે વધુ માહિતી અહીં - https://en.wikipedia.org/wiki/Angkor_Wat

જગ્યાનું વિગતે અવલોકન કરતાં તેમને આ મંદિરની ભવ્યતાનો ખ્યાલ આવ્યો. ફૂટબોલના નવ મેદાન થાય તેટલી મોટી જગ્યામાં આ મંદિર બનાવેલું હતું. ચારે બાજુ એક એક માઈલ લાંબી દિવાલો હતી અને તેની બહાર ચારે બાજુ ખાઈ. મંદિરની દિવાલો પર ઘણાં બધાં લખાણો કોતરેલાં હતાં. મોટા ભાગનાં લખાણો સંસ્કૃત ભાષામાં હતાં. જો કે, કોઈને પણ એ ભાષા આવડતી ન હતી. મુખ્ય ભાગમાં હિન્દુ દેવતાઓની મોટી મૂર્તિઓ હતી. ક્યાંક ક્યાંક તો મૂર્તિઓ પર સોનાના અવશેશો પણ દેખાતા હતા. વચ્ચે એક રાજાની મૂર્તિ પણ સ્થાપેલી હતી. કદાચ તે પણ દેવોની જેમ પૂજાતી હશે તેમ લાગ્યું.

કોઈ પણ ગ્રીક કે રોમન સ્થાપત્યને ઝાંખું પાડી દે તેટલી તેની ભવ્યતા હતી. બુદ્ધ સાધુઓ પણ આ જગ્યાનો સાધના અને પૂજા માટે તેનો ઉપયોગ કરતા હશે, તેમ જણાયું. મદિરની પાછળની બાજુએ બીજો વધુ મોટો દરવાજો હતો; અને તેમાંથી આગળ વધારે મોટો રસ્તો જતો હતો. હજુ તેમને માટે વધારે રહસ્યો ખૂલવાનાં બાકી હતાં!

તેમણે ફરી આગળ પ્રયાણ શરુ કર્યું. હવે આગળનો રસ્તો એટલો કઠણ ન હતો કારણકે, મંદિરમાંથી પાછળની બાજુનો દરવાજો અને આગળ જતો રસ્તો, બન્ને ઘણા મોટા હતા. રસ્તો પણ રાજમાર્ગ જેવો લાગતો હતો. આ રસ્તા ઉપર પણ ઝાડીઓ તો છવાયેલી જ હતી. બે જ માઈલ ચાલ્યા બાદ તેઓ એક બીજા મોટા દરવાજાની સામે આવી પહોંચ્યા. દરવાજાની બન્ને બાજુ એક કિલ્લાની મસ મોટી દિવાલ હતી. તેની અંદર એક મોટું શહેર, અતીતના ગર્ભમાં લપાઈને ઘોરતું હતું. તેની આ કુમ્ભકર્ણ નિદ્રાનો પ્રકૃતિએ પૂરો લાભ ઊઠાવ્યો હતો. અહીં સંસ્કૃતિ ઉપર પ્રકૃતિએ આક્રમણ કર્યું હતું! વિષુવવૃત્તીય આબોહવાથી વકરેલી વનસ્પતિ સૃષ્ટ્રિએ માનવ ગેરહાજરીનો પૂરો લાભ ઉઠાવ્યો હતો!

ખ્મેર પ્રજાનું આ ‘ અંગકોર થોમ ‘ શહેર હતું. ૪૦ ચોરસ માઈલ વિસ્તારમાં ફેલાયેલું આ શહેર, કદાચ તેના સમયગાળાના વિશ્વમાં સૌથી મોટા શહેરોમાંનું એક હતું. પણ સર્વનાશની સુનામી તેની ઉપર મન મૂકીને ફરી વળેલી હતી. ચારે બાજુ ખંડેરોના ઢગના ઢગ ખડકાયેલા હતા. સેંકડોની સંખ્યામાં મંદિરો, મોટા મહાલયો, અને હજારો નાનાં મોટાં ઘરો - આ બધાંની ઉપર સર્વનાશનું ઘોડાપૂર ફરી વળેલું હતું. પાંચસો વર્ષ સુધી વનરાજી આ બધા ઉપર વકરી અને વિફરી હતી. મકાનોની આખી ને આખી દિવાલો મદમસ્ત વૃક્ષોએ પાડી નાંખી હતી. મસ મોટાં વૃક્ષો ઘરોની છતને તોડી ફોડીને ઉપર વિલસી રહ્યાં હતાં. અનેક તૂટેલાં શિલ્પો કકડા થઈને બાજુમાં પડ્યાં હતાં.

અહીં પણ, ધોળે દહાડે વાઘોની ત્રાડો અને જંગલી હાથીઓની ચિંઘાડો તો સંભળાતાં જ હતાં. સ્તબ્ધ બનેલી આ ટુકડી હવે પાછી વળી. ગણતરીના દિવસોમાં જ બધા ગામમાં સહીસલામત પાછા આવી ગયા. ગરીબડી પ્રજાએ તેના ગજા પ્રમાણે મુહોત અને પીટરનું સન્માન કર્યું. મુહોત નોમ પેન્હ પાછો ફર્યો. ત્યાંની ફ્રેન્ચ સરકાર પણ આ શોધને આગળ ધપાવે તેવી સક્ષમ કે દૂરંદેશી વાળી ન હતી. તેમની નજર તો વ્યાપાર, ધર્મ અને શાસનના પ્રસારથી વધારે આગળ જોઈ શકે તેમ ન હતી.

થોડા સમય બાદ મુહોત વતન જવા પાછો ઉપડ્યો. તેણે લાઓસમાંથી પસાર થઈને બર્મા જવાનું હતું. પણ લાઓસના જંગલોમાં જ તેનું મેલેરિયાના કારણે મૃત્યુ થયું. સદ્ ભાગ્યે તેનો સામાન તેના સાથીદારોએ સ્થાનિક ફ્રેન્ચ હકૂમતને સુપ્રત કર્યો. છેવટે તેનો બધો સામાન ૧૮૬૧ ની સાલમાં પારિસ પાછો ફર્યો. તેની નોંધપોથીઓ પરથી આ બધી ઘટના પ્રકાશમાં આવી.

ત્રણ જ વર્ષમાં આ નોંધપોથીઓ ફ્રાન્સ અને બ્રિટિશ જર્નલોમાં છપાઈ. ત્યારે પશ્ચિમના જગતને આ ભૂલાયેલા મહાન સ્થાપત્યોની જાણ થઈ. ફ્રેન્ચ સરકાર સફાળી જાગી ઊઠી. આ સ્થળના સંશોધન અને વિકાસ માટે યોજનાઓ ઘડાઈ, અને અમલમાં મૂકાઈ. સો વર્ષ કામ ચાલ્યું અને પુરાણા સ્થાપત્ય અને ઈતિહાસના મહાન વારસા તરીકે, બન્ને સ્થળોનો થઈ શકે તેટલો સર્વાંગ વિકાસ કરવામાં આવ્યો.

આજની તારીખમાં 'અંગકોર વાટ' અને 'અંગકોર થોમ' કમ્પુચી (કમ્બોડીયા) ના સૌથી વિશિષ્ઠ સહેલાણી ધામો બની ગયાં છે અને અબજો ડોલરની કમાણી કમ્બોડિયાને કરાવે છે.

https://www.youtube.com/watch?v=2dBwMsfse1I

ફ્રેન્ચ અને ડચ વિદ્વાનોએ દક્ષિણ ભારતના તજજ્ઞોની મદદથી, પ્રાપ્ત બધાં લખાણોનો અભ્યાસ કરી, અંગકોરના સામ્રાજ્યનો વિગતવાર ઈતિહાસ ખંખોળી નાંખ્યો છે ; અને તેને તવારીખવાર સંશોધિત કર્યો છે. ટૂંકમાં તેની વિગત નીચે પ્રમાણે છે –

ઈ.સ પુર્વે ૮૦૦ – ભારતના વેપારીઓ અને સાગર ખેડૂઓએ ત્યાંની આદિવાસી પ્રજાને હિન્દુ ધર્મ આપ્યો.

ઈ.સ. ૮૫૦ – ખ્મેર રાજા જયવર્મન બીજાએ ૫૦ વર્શ રાજ્ય કરી અંગકોરના સામ્રાજ્ય અને રાજવંશની સ્થાપના કરી. તેણે પોતાની જાતને ખ્મેર પ્રજાના રાજા અને ઈશ્વરના અવતાર તરીકે સ્થાપિત કરી. તેના વંશજોએ અંગકોરમાં ૬૦૦ વર્ષ રાજ્ય કર્યું.

ઈ.સ. ૮૯૯ – તેના પુત્ર યશોવર્મને 'અંગકોર થોમ' શહેર બનાવવાની શરુઆત કરી.

ઈ.સ. ૧૦૦૦ – અંગકોર થોમ શહેરનો પૂર્ણ વિકાસ

ઈ.સ. ૧૨૦૦ – રાજા સુર્યવર્મને ' અંગકોર વાટ મંદિર' બનાવવાની શરુઆત કરી. જયવર્મન સાતમાએ અંગકોર થોમ શહેરને ફરતો કોટ બનાવ્યો.

ઈ.સ. ૧૪૦૦ – ગજા ઉપરાંતના મહાન સ્થાપત્યના ખર્ચા અને સિયામ (અત્યારનું થાઈલેન્ડ ) ના આક્રમણ સામે અંગકોર ટકી ન શક્યું. ખ્મેર રાજા અને બધી વસ્તી ભાગીને 'નોમ પેન્હ' જઈને વસ્યા.

બે વર્ષ બાદ સિયામના આક્રમકો પાછા અંગકોર થોમ આવ્યા, પણ શહેર અને મંદિર બન્ને વેરાન બનેલાં હતાં. જંગલોમાં ઘેરાયેલી બન્ને જગાઓમાં પછીના કોઈ શાસકોને રસ ન હતો.

લગભગ ૧૫૦૦ – પોર્ચુગિઝ લોકોએ પહેલી વાર ખંડેરો જોયાના સમાચાર આપ્યા, પણ આ પ્રદેશ વેપારી દ્રષ્ટિએ અગત્યનો ન હોવાથી આ વાત ભુલાઈ ગઈ.

૧૮૫૦ – કમ્બોડિયા, લાઓસ અને વિયેટનામ ફ્રેન્ચ શાસન નીચે આવ્યા.

૧૮૬૦ - મુહોતનું સાહસ અને શોધ.

૧૮૬૩ – અંગકોરના જીર્ણોદ્ધારની શરુઆત.

૨૦૦૭ – અંગકોર વાટનો વિશ્વની સાત અજાયબીઓમાં સમાવેશ.

શ્રી. હરીશ દવેના 'અનુપમા' બ્લોગ પર સરસ , માહિતી સભર લેખ અહીં

https://gujarat3.wordpress.com/2018/05/31/angkor-wat-temple-cambodia-archaeology-lidar-technology/

# અંગદે નિશાળ છોડી દીધી

અંગદની વાત પછી. પહેલાં ‘કિસનનો ઊડન ખટોલો’ નામનો બહુ પ્રચલિતથયેલો આ વિડિયો જોઈએ.

https://youtu.be/-N4V9FJaynU

આ વિડિયો જોઈને સૌને એમ થાય કે, આપણી શિક્ષણ પદ્ધતિ ક્યારે બદલાશે? ક્યારે આવા અનેક કિશનોમાં ભરેલી પડેલી સર્જકતા ઉજાગર કરી શકે; તેવી શિક્ષણ પદ્ધતિ આકાર લેશે?

પણ એક અંગદ એવો પણ છે; જેણે એ શિક્ષણ પદ્ધતિ સામે બંડ પોકાર્યું છે. મુંબઈના અનિલ અને કંચન દરયાણીનો પુત્ર અંગદ આઠ જ વર્ષનો હતો ત્યારે તેણે રોબોટ બનાવ્યો હતો. માટુંગાની શાળાનો એ વિદ્યાર્થી દસમા ધોરણમાં પહોંચ્યો ત્યાં સુધીમાં એણે આવી ઘણી બધી ચીજો જાતે બનાવી હતી. બીજા કિશોરો આવું બધું બનાવી શકે તે માટેનો ઓજાર કિટ – ‘શાર્ક કિટ’ બનાવ્યો હતો.

એની આ વિશિષ્ટ આવડત જોઈ એનાં માબાપ એ નિશાળ છોડી ઘેરથી ભણે, એ માટે સંમત થયા હતા. અલબત્ત એનું શિક્ષણ તો એની આગવી રીતે ચાલુ જ હતું . National Institute of Open Schooling (NIOS) માં તે એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયો હતો અને કાળક્રમે તે અમેરિકાની જ્યોર્જિયા ટેક યુનિ.ની એમ. ટેક. ની પદવી પણ ધરાવે છે.

પણ તેણે આદરેલ સર્જન પ્રક્રિયા આ શિક્ષણ કરતાં અનેક ગણી મૂલ્યવાન છે. IIT-Techfest 2010 માં સૂર્ય શક્તિથી ચાલતી સ્પીડ બોટ બનાવી તેણે બધાંને ચકિત કરી દીધા હતા. એ વાત જ્યારે પહેલ વહેલાં નેટ પર પ્રકાશમાં આવી ત્યારે અંગદ દરયાની – ૧૦ મા ધોરણનો વિદ્યાર્થી હતો!

અને અંગદે નિશાળ છોડી જ દીધી !

ત્યાર બાદ અંગદની વિકાસ યાત્રા ઘણી તેજ ગતિથી આગળ ધપી- ધપતી જ રહી. તે અમેરિકાની જ્યોર્જિયા ટેક યુનિ. માંથી સ્નાતક થયો, એટલું જ નહીં એની સર્જન પ્રક્રિયા વધારે તીવ્ર ગતિથી આગળ ધપતી રહી. એની થોડીક સિદ્ધિઓ –

૯ મા ધોરણમાં નિશાળ છોડીને ઘરમાંથી અભ્યાસ

આઈ.આઈ.ટી. ( મુંબાઈ) માં રિસર્ચ

મેકર્સ એસાયલમ- બાળકો જાતે આવીને મનગમતું કામ કરી શકે તેવા ઓજારોથી ભરપુર ‘ઓપન વર્કશોપ’

અંધજનો માટેનું વર્ચ્યુઅલ બ્રેઈલર

એણે કરેલ કામની વિષદ માહિતી અહીં સમાવવા જઈએ તો મૂળ લેખને એ આંબી જાય ! એની ઘણી બધી વિગતે વાત અહીં વાંચી શકશો –

http://www.angadmakes.com/about-me

એના વિશે માહિતી આપતા આ બે વિડિયો જોઈ અંગદના પરિચયનું સમાપન કરીએ –

https://youtu.be/r5lIZHk1mVo

https://youtu.be/wSVYvUHg4UA

અંતમાં ….. અંગદ એક વિશિષ્ઠ વ્યક્તિ છે. તેની પાસે નિશાળ છોડીને અમાપ ક્ષિતીજમાં મ્હાલવાની શક્તિઓ છે – એવા સંજોગો એને માટે મોજૂદ છે. પણ, એવા ઘણા અંગદો હશે કે, જેમનામાં આવી હિમ્મત નહીં હોય કે, એવા આર્થિક , સામાજિક સંજોગો નહીં હોય. અથવા સામાન્ય કુટુંબનો હોય કે ન હોય, નિશાળનું વાતાવરણ, તેજસ્વી કારકિર્દી બનાવવા માટેની મૂષક દોડ / ટ્યુશન ચક્કરો… એમને અકળાવી નાંખતા હશે/ હતોત્સાહ કરી દેતા હશે; હતાશાના વમળોમાં ડુબાડી દેતા હશે. શું જાગૃત નાગરિકો તરીકે આપણી પાસે આ જરી પુરાણી શિક્ષણ પ્રણાલીનો કોઈ જ…..કોઈ જ…..કોઈ જ…..ઉકેલ નથી? કોઈ જ…..કોઈ જ…..કોઈ જ…..વિકલ્પ નથી?

સંદર્ભ –

https://www.globalindian.com/youth/story/entrepreneur/angad-daryani-infusing-praan-into-the-environment-by-cutting-down-air-pollution/

http://www.angadmakes.com/about-me

https://qz.com/157289/angad-daryani-genius-behind-indias-first-3d-printer-is-a-15-year-old-high-school-dropout/

## કપરી શોધ

મે – ૩૦, ૧૯૮૯ – એટલેન્ટીક મહાસાગર

‘ડેડ અમે તૈયાર છીએ.’ ટોડે તેના પિતા, રોબર્ટને કહ્યું.

ત્રણ માઈલ ઊંડા એટલેન્ટિક મહાસાગરના તળિયામાંથી સિગ્નલો લઈ, ‘સ્ટાર હર્ક્યુઅલસ’ સ્ટીમર પર મોકલવા માટેના; ત્રણ ઊંચા અને શક્તિશાળી ટ્રાન્સ્પોન્ડરો દરિયાના તળિયે ગોઠવાઈ ગયા હતા. આનાથી શોધ માટેના ‘આર્ગો’નામના રોબોટમાં રાખેલા ‘સોનાર’માંથી પ્રસારિત થતા સંદેશાઓ વાપરીને, આર્ગોનું સ્થાન બહુ સ્પષ્ટતા અને ચોક્કસાઈથી મળવાનું હતું.

રોબર્ટના આવતાંની સાથે જ ‘આર્ગો’ને દરિયાના તળીયે ઉતારવા બધા પાછલા છેડે ભેગા થઈ ગયા. બે ટન વજનના આર્ગો ઉપર બહુ જ શક્તિશાળી ફ્લડલાઈટો, સોનાર ટ્રાન્સમીટર અને ત્રણ વિડિયો કેમેરા લગાવેલા હતા. સવારના છ વાગ્યા હતા. એક મોટી ‘એ’ ફ્રેમ ઉપરથી દોરડાથી લટકાવેલું આર્ગો ધીરે ધીરે નીચે ઉતરવા માંડ્યું. સાથે આર્ગો ને પાવર સપ્લાય આપતો વાયર પણ હતો. ત્રણ માઈલ ઊંડાઈએ તેને પહોંચાડતાં ચાર કલાક થયા. હવે આર્ગો દરિયાના તળિયાથી માત્ર ૫૦ મિટર ઊંચે હતું. તેની જગ્યા બહુ ચોકસાઈથી ટ્રાન્સ્પોન્ડરો બતાવતા હતા.

ધીરે ધીરે સ્ટીમરને હંકારવામાં આવી. આર્ગોના કંટ્રોલ સ્ટેશનમાં બધા કેમેરાઓના વિડિયો રીસીવરો, અને ટ્રાન્સ્પોન્ડરોના સંદેશાઓ વડે આર્ગોની જગા બતાવતાં સાધન પર ટોડ નજર નાખી રહ્યો હતો. આઠ કલાકની તેની

ફરજ હતી. તેના બીજા બે મિત્રો બીલી અને કર્ક બીજી અને ત્રીજી પાળીમાં આ ફરજ નિભાવવાના હતા. ત્રણે ૨૦-૨૧  વર્ષના નવલોહિયા, તરવરતા જુવાનો હતા.

પણ આ શોધ સહેલી ન હતી. ત્રણ માઈલ ઊંડું અને ૨૦૦ ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતું દરિયાનું સાવ અંધકારગ્રસ્ત તળિયું ખુંદવાનું હતું. ઘાસની ગંજીમાં રાતે એક નાની ફ્લેશલાઈટ વડે સોય શોધવા જેવું આ દુષ્કર કાર્ય હતું. અને દરિયાનું તળિયું પણ કંઈ થોડું સાવ સપાટ હતું? તેમાં તો બેસુમાર ટેકરીઓ અને ખીણોથી 'આર્ગો' ને સાચવવાનું હતું. સ્ટીમર ધીરે ધીરે ચાલતી હતી, તો પણ આ બે ટનના દાગીનાને તેના ત્રણ માઈલ લાંબા ઝોલા સાથે સ્થિર રાખવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું હતું. ટોડે તેને દેખાતા દ્રશ્ય પરથી આર્ગોને કુશળતાથી ઉપર નીચે કરી ટેકરીઓથી સલામત અંતરે રાખવાનું હતું, અને સાથે સાથે વિડિયો મોનિટર પર પણ સતત નજર રાખવાની હતી. અને તે દ્રશ્ય પણ કાંઈ થોડું આકર્ષક હતું? સાવ અંધકારગ્રસ્ત દરિયામાં આર્ગોની સર્ચ લાઈટો જેટલો પ્રકાશ પાથરી શકે તેના આધારે ધુંધળું ધુંધળું દ્રશ્ય જ દેખાતું હતું. ત્રણે જવાનિયા વિડિયો ગેમ રમવામાં પાવરધા હતા, માટે જ રોબર્ટે તેમને આ કામ સોંપ્યું હતું. એક એક માઈલના અંતરે સીધી લીટીમાં સ્ટીમર જવાની હતી, અને આમ આખા વિસ્તારને આવરી લેવાનો હતો. સમયવાર કયા અંતરે શું ખાસ દેખાયું તેની નોંધ પણ તેમણે રાખવાની હતી.

પહેલે જ ધડાકે, થોડે આગળ જતાં ટોડની કુશળતાની પરીક્ષા થઈ ગઈ. એક સખત ઢોળાવવાળી ટેકરી દેખાઈ. આર્ગોને કેટલી ઝડપથી ઉંચે લેવું તે બહુ મુશ્કેલ કામ હતું. જો ધીરેથી લે તો ટેકરી સાથે અથડાઈ જાય અને ઝડપ કરે તો આ બે ટનનો ત્રણ માઈલ લાંબો દાગીનો ઝોલાં ખાવા લાગે. પણ ટોડ આ પરીક્ષામાં પાસ થયો! ધીરે ધીરે તેને ફાવટ આવી ગઈ.

બપોરે

૧2-૨૧ – માછલી

૧3- 03 – ઓક્ટોપસ

૧૪ – ૪૨ – કાળી શીલા

૧૫ – ૪૫ – કાચબો

સાવ નીરસ શોધ હતી.

જુન – ૫, ૧૯૮૯

બીલી, ટોડ અને કર્ક હવે અકળાયા હતા. શોધનો પોણા ભાગનો વિસ્તાર ખુંદાઈ ચુકાયો હતો. ત્રણે શિસ્તવાળા યુવાનો હતા; છતાં પણ તેમની ઉમ્મર માટે આ બોજો વધારે પડતો હતો. તેમની અકળામણ સ્પષ્ટ જણાઈ આવતી હતી. રોબર્ટ પોતે જ બોલી ઉઠ્યો , "મને લાગે છે કે કોઈ 'બ્લેક હોલ'માં આપણો શિકાર ગરકી ગયો છે."

ટોડે કહ્યું ," ડેડ! તમે ચિંતા ન કરો. આપણે તેને શોધીને જ જંપીશું." રોબર્ટ તૂતક પર ગયો અને પોટેટો ચીપ અને કોક લઈ સાંત્વના મેળવવા લાગ્યો!

થોડી વાર બાદ કેબિનમાંથી ટોડનો અવાજ આવ્યો ,"ડેડ! કાંઈક કાટમાળ જેવું લાગે છે."

રોબર્ટ ઉછળીને દોડ્યો. કોકની બાટલી અને ચીપ્સ ફર્શ પર ઢોળાઈ ગયાં! કેબિનમાં વિડિયો મોનિટર પર એક લાંબી પાઈપ જેવી કોઈક ચીજ દેખાતી હતી. ટોડે વિડિયો કેમેરાને ઝુમ-ઈન કર્યા. ફટાફટ નેશનલ જ્યોગ્રાફિકની ટીમ પણ તેમના કેમેરા અને સરંજામ લઈને આવી પહોંચી. સાંજના ચાર વાગી ગયા હતા, અને પાળી બદલાવાની હતી, પણ બધા સાથીદારો અઠવાડીયાથી નિર્જીવ રહેલી કંટ્રોલ કેબિનમાં ભેગા થઈ ગયા. સુસ્તીના સ્થાને સતેજતા આવી ગઈ હતી.

હવે સ્ટીમરને તે પાઈપની દિશામાં જ આગળ લેવાનું નક્કી કરવામાં આવ્યું. થોડા થોડા અંતરે બીજા કાટમાળ પણ દેખાવા માંડ્યા.

કેબિનમાં આટલા બધા માણસો ભેગા થયેલા હોવા છતાં નીરવ શાંતિ છવાઈ ગઈ. માત્ર સ્ટીમરના એન્જીનની આછી ઘરેરાટી જ સંભળાતી હતી. કદાચ તે ન સંભળાતી હોત તો બધાના હૃદયના ધડકારા પણ સંભળાવા માંડ્યા હોત! શિકાર મળશે ખરો અને મળશે તો ક્યારે ? બધાની આંખો વિડિયો મોનિટર પર ચોંટી ગઈ હતી. પણ એક ચીજ સમજાતી ન હતી. દરિયાનું તળિયું આગળ દેખાતું હતું તેવું ખરબચડું અને પથરાઓ કે ખાડાખૈયાવાળું રહ્યું ન હતું. અભૂતપૂર્વ રીતે તે લીસું જણાતું હતું. જાણે કે કોઈ બુલડોઝર ફરી વળ્યું હોય તેવો દેખાવ હતો.

રોબર્ટ બોલ્યો ," ચોક્કસ તે રાક્ષસ અહીંથી જ લપસ્યો લાગે છે."

જુન – ૮, ૧૯૮૯

બે દિવસમાં ઘણો બધો કાટમાળ આવતો જતો હતો, પણ કાંઈ વજુદવાળી ચીજ દ્રષ્ટિગોચર થતી ન હતી. સ્ટીમરમાં બળતણનો પુરવઠો જોતાં ચાર દિવસથી વધારે રોકાવાય તેમ ન હતું. રોબર્ટની ચિંતા વધતી જતી હતી. છેક આરે આવેલું વહાણ બૂડી જાય તેવી હતાશા તેને ઘેરી વળી હતી. રોબર્ટ આ મનોભાવો સાથે સવારના નવ વાગે તેની કેબિનમાં આડો પડ્યો હતો. તેની પથારીની સામે જ વિડિયો મોનિટરનો સ્ક્રીન હતો.

અચાનક એક મોટો ધોળો આકાર વિડિયો મોનિટર પર દેખાયો. તેને લાગ્યું કે આ કોઈ મોટું જળચર પ્રાણી સૂતેલું તો નહીં હોય ને? અને ત્યાં જ મોટી ગન દેખાણી. રોબર્ટ કૂદકો મારીને ભાગ્યો. હવે ઊંધી પડેલી તોપ સ્પષ્ટ રીતે દેખાતી હતી. આખી સ્ટીમરમાં સમાચાર ફરી વળ્યા. કન્ટ્રોલ સ્ટેશન પર કર્ક હતો. તેણે આખું દ્રશ્ય રીપ્લે કરીને બધાને બતાવ્યું. તાળીઓના ગડગડાટથી કન્ટ્રોલ રુમ ગાજી ઉઠ્યો.

થોડે આગળ ગયા અને તે દેખાણી. આર્ગોને ૬૦ મિટરની ઊંચાઈ પરથી ૩૫ મિટરની ઊંચાઈ પર કર્ક લઈ ગયો. દરિયાની આબોહવા ઘણી વિષમ થઈ ગયેલી હતી. તેમની 'સ્ટાર હર્ક્યુલસ ' હિલોળા ખાઈ રહી હતી. આમાં ત્રણ માઈલ ઊંડે ' આર્ગો ' ને સ્થિર બહુ કઠણ હતું. પણ આ ત્રણ લબ્બર મૂછિયા જુવાનિયા ગાંજ્યા જાય તેવા ય ક્યાં હતા? બિસ્માર્કની પાછળની ગનરી પાર

કરીને તેના બીજા છેડા સુધી આર્ગો પહોંચી ગયું. હવે બિસ્માર્કના તૂતક પર ચિતરેલો ભયાનકતાના પ્રતિક જેવો રાક્ષસી સ્વસ્તિક બરાબર દેખાતો હતો.

તેમની નજર સામે બીજા વિશ્વયુદ્ધ વખતની, સૌથી વધુ શક્તિશાળી, જર્મન વિનાશિકા ૪૮ વરસથી નિબીડ અંધકાર અને અત્યંત ઠંડા પાણીમાં સોડ વાળીને સૂતી હતી.

બિસ્માર્ક એક માઈલના છઠ્ઠા ભાગ જેટલી – સોકરના ત્રણ મેદાન જેટલી – લાંબી હતી. તળિયાથી કુવાથંભ સુધીની તેની ઊંચાઈ ૧૭ માળના મકાન જેટલી હતી! તેનો વિનાશ થયો ત્યારે બન્ને પક્ષના ચાર હજારથી વધારે નવલોહિયા યુવાનોએ જળસમાધિ લીધી હતી. દરિયામાં ગરકાવ થતાં પહેલાં તેણે બ્રિટનના મોટા અને ખતરનાક યુદ્ધજહાજ ' હુડ ' નો ભોગ લીધો હતો. તે જર્મનીની રાક્ષસી વિનાશિકા 'બિસ્માર્ક' હતી. તે જમાનાની એ સૌથી મોટી અને સાવ નવી નક્કોર વિનાશિકા હતી, તેની વિનાશકતાના સમાચારથી ઈન્ગ્લેન્ડના સેનાપતિઓ અને રાજકારણીઓની ઉંઘ હરામ થઈ ગઈ હતી. એટલેન્ટિક મહાસાગરમાં હજારો માલવાહક જહાજોનો નાશ કરી, ઈન્ગ્લેન્ડની પુરવઠા હરોળ કાપી નાંખવાના ખાસ મિશન માટે હિટલરે ખુદ મુલાકાત લઈ તેને વળાવી હતી. તેને ખતમ કરવા ઈન્ગ્લેન્ડનો બહુ મોટો નૌકા કાફલો સજ્જ કરવામાં આવ્યો હતો. તે વખતના વડાપ્રધાન ચર્ચિલના એક જ નારા સાથે – " સિન્ક ધ બિસ્માર્ક. " ( આ નામનું બહુ જ હૃદયસ્પર્શી, દિલ ધડકાવી દે તેવું, ખતરનાક નૌકા યુદ્ધનું આલેખન કરતું ચલચિત્ર પણ ઉતરેલું છે.)

https://www.youtube.com/watch?v=9cFOAG0wfBw

રોબર્ટ સંતોષથી નાચી ઊઠ્યો. તેનું આ નવલું વિશ્વપ્રસિદ્ધ સાહસ હતું. આ અગાઉ તેણે ૧૯૮૫ માં 'ટાઈટેનિક ' ને શોધી કાઢી હતી. બીજાં આવાં અનેક જળસમાધિ લીધેલાં જહાજો પણ તેણે ખોળી કાઢ્યાં હતાં.

દુર્ભાગ્યે આ શોધ પછી થોડાક જ અઠવાડિયામાં ટોડ એક કાર અકસ્માતમાં અવસાન પામ્યો હતો. પણ રોબર્ટને યુદ્ધની બિભિષક વિનાશકતા અને તેનાથી હ્રાસ પામતા માનવમૂલ્યોનો સ્વતઃ પરચો થઈ ગયો હતો. ટોડની યાદમાં તેણે ' એક્સ્પ્લોરિન્ગ ધી બિસ્માર્ક' નામનું અત્યંત રોચક શૈલી અને અનેક ફોટોગ્રાફ સાથેનું પુસ્તક લખેલું છે. 'Exploring the Bismark' એ પુસ્તકના સહારે જ આ સત્યકથા અહીં પ્રકાશિત કરવામાં આવી છે.

## કીડી સ્ટુડિયો

ઉત્તર પ્રદેશના નોયડાના ૫૮ નંબરના સેક્ટરમાં આવેલ, પાવર કેપેસિટર બનાવતા  દેકી ઇલેક્ટ્રોનિક્સના કારીગરો અને મેનેજમેન્ટ ગરમીથી વાજ આવી ગયા  હતા. ઉનાળાની કાળઝાળ ગરમી તો સમજ્યા, પણ દરવાજા પાસે આવેલ ડિઝલ જનરેટર સેટમાંથી બહાર ઓકાતી ગરમી દુકાળમાં અધિક માસ જેવી હતી. એના મેનેજિંગ ડિરેક્ટર શ્રી. વિનોદ શર્માએ દિલ્હીના ઊગતા પણ અવનવા નૂસખા માટે જાણીતા સ્થપતિ શ્રી. મનીષ સિરપુરપુને કાને આ વાત નાંખી અને એ અદકપાંસળી જણ એની ટોળી સાથે એ પ્રશ્ન ઉકેલવા  મચી પડ્યો. ઘણી મથામણ અને પ્રયોગો પછી, એક નવી જ જાતનું  એર કૂલર કામ કરતું થઈ ગયું. અને તે પણ બહુ ઓછી  વિજળી વાપરીને!

અનેક પ્રયોગો પછી નળાકાર આકારના સેંકડો ભુંગળાઓ વાપરીને બનાવેલ આ સાધન ઉપર  કારખાનાનું નકામું પાણી શુદ્ધ કરીને છાંટવામાં આવે છે. એ ભુંગળાઓની આજુબાજુની જગ્યા રેતીથી ભરવામાં આવી છે, જે પાણીનો સંગ્રહ કરી રાખે છે. મનીષને આને માટે પ્રેરણા હજારો વર્ષ પહેલાંની ઇજિપ્તનાં સ્થાપત્યો પરથી મળી હતી.

આમાં ચીલાચાલુ એર કુલરની ઘણી બધી ખામીઓ દૂર કરવામાં આવી છે. વળી સ્થાનિક કુંભારોને પણ આના કારણે નવું કામ મળ્યું છે. આ રીત તો હવે ઘણી પ્રચલિત પણ બનવા લાગી છે.

દિલ્હીની સ્થાપત્ય શાળામાંથી [School of Planning and Architecture (SPA) ] સ્નાતક થયા બાદ, મનીષ સિરપુરપુ એ ૨૦૧૦ માં ‘અર્બન બોક્સ ડિઝાઈન સ્ટુડિયો’ નામનો નૂતન અભિગમ અપનાવતો સ્ટુડિયો શરૂ કર્યો હતો.

જાતજાતના પ્રશ્નોના આગવા ઉકેલ માટે તે જાણીતો બની ગયો. Tata Endowment scholarship award મેળવીને તેને સ્પેનના બાર્સિલોના ખાતે વિશિષ્ઠ અભ્યાસ અને સંશોધન કરવાની તક પણ એના કારણે મળી હતી. તેણે કરેલા અવનવા નૂસખાના ઘણા બધા નમૂના છે. એક જાણીતા ઉદ્યોગપતિના રહેઠાણના મકાનની એક ડિઝાઈનમાં પણ માટીનાં એ ભૂંગળાઓ વાપરવામાં આવ્યાં છે -

ત્યાર બાદ, ૨૦૧૬ની સાલમાં નાનકડી કીડીની સમજ પરથી પ્રેરણા લઈ, AnT studio ( Architecture and Trchnology) શરૂ કર્યો હતો.

નાનકડી કીડીની ખાંખત અને કોઠાસૂઝને મનીષે પોતાના કામનો જીવનમંત્ર બનાવ્યાં છે. આ બધાના આધાર પર મનીષને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ મળેલા છે.

સંદર્ભ –.

https://www.thebetterindia.com/116617/delhi-ant-studio-ac/

http://www.ant-studio.org/

https://www.curbed.com/2017/9/18/16325134/air-conditioner-technology-india-terra-cotta-tubes

## ગર્લ ગાઈડ કે રોકેટ સર્જિકા?

‘તું ટિમ્બલ ડ્રમ ના વગાડી શકે.’ સ્કુલના બેન્ડ શિક્ષકે સિલ્વિયાને રોકડું પરખાવી દીધું.

આમ તો શાળાના બેન્ડમાં કોઈ છોકરી ડ્રમ વગાડતી જ ન હતી. પણ સિલ્વિયાને બીજું કોઈ નાનું સાધન ગમતું ન હતું; કારણ કે, આખા બેન્ડમાં બધાંની નજર ડ્રમ વગાડનાર પર જ સૌથી વધારે રહેતી હોય છે! ગયા વર્ષે સિલ્વિયાએ ડ્રમ પર સતત મહાવરો કરીને એ વગાડવા પર હથોટી બેસાડી દીધી હતી અને શાળાની માર્ચ-પાસ્ટમાં ભાગ લઈ સૌની ચાહના મેળવી હતી.

આ ટિમ્બલ ડ્રમ તે દિવસે જ સ્કુલમાં આવ્યું હતું. ત્રણ ડ્રમ ભેગા કરીને બનાવેલું એ ડ્રમ ખાસું ભારે હોય છે. એક છોકરી એ ઊપાડી ન શકે- એવી માન્યતાના આધાર પર બેન્ડ માસ્તરે સિલ્વિયાને ના પાડી હતી. એટલે જ સિલ્વિયાએ મનોમન નક્કી કરી દીધું કે, તે ટિમ્બલ ડ્રમ વગાડવાની પરવાનગી લઈને જ જંપશે. ઘેર જઈ તેણે એ નિર્ધારનો અમલ કરવાનો પ્લાન બનાવી દીધો. ચાર  થેલીઓમાં પથરા ભેગા કરી તેણે પોતાની સાયકલની આગળ અને પાછળ એ થેલીઓ લટકાવી દીધી. ખભા પર પણ પથરા ભરેલું બેક પેક બાંધી દીધું . તે માંડ માંડ સાયકલ પર ચઢી શકી. હળવે હળવે તેણે સાયકલના પેડલ પર દમ લગાવી ઘરથી સ્કુલના રસ્તા પર પ્રયાણ આદર્યું. રસ્તે બે ત્રણ વખત તેને શ્વાસ ખાવા રોકાવું પડ્યું. પણ બેળે બેળે સ્કુલની આજુબાજુના રસ્તા પર ત્રણ આંટા લગાવ્યા બાદ જ તે ઘેર પાછી ફરી.

આ ક્રમ પંદર દિવસ ચાલુ રહ્યો. હવે આટલું બધું વજન ઊંચકી શકવાની તાકાત સિલ્વિયામાં આવી ગઈ. તેણે અઠવાડિક બેન્ડ-પ્રેક્ટિસ વખતે ટિમ્બલ ડ્રમ વગાડવાની પરવાનગી માંગી. અકળાઈને સાહેબે એને એક તક આપી. સૌના આશ્ચર્ય વચ્ચે સિલ્વિયાએ તાલબદ્ધ રીતે ડ્રમ વગાડતાં માર્ચ કરી બતાવી. ત્રણ મહિનાની આમ પ્રેક્ટિસના અંતે સ્કુલના જાહેર માર્ચ-પાસ્ટના પ્રસંગે સૌથી મોટું એ ટિમ્બલ ડ્રમ વગાડી સિલ્વિયાએ સૌની પ્રશંસા મેળવી લીધી.

૧૯૫૬માં અમેરિકાના દક્ષિણ ડાકોટા રાજ્યમાં જન્મેલી સિલ્વિયાનાં માબાપ મેક્સિકોમાંથી આવેલાં વસાહતી હતાં. મધ્યમ વર્ગના આ કુટુંબે પછી ન્યુ મેક્સિકોના લાસ ક્રુસેસ નામના નાના શહેરમાં સ્થળાંતર કર્યું હતું. તેના પિતા અમેરિકન સરકારની વ્હાઈટ સેન્ડ મિસાઈલ ટેસ્ટિંગ રેન્જમાં કેમિસ્ટનું કામ કરતા હતા. સાવ નાની હતી ત્યારથી સિલ્વિયાને ઢિંગલીઓ સાથે રમવા કરતાં છોકરાઓની રમતોમાં વધારે મજા આવતી. પિતા અને મોટા ભાઈને વાંચતાં જોઈ તેનો વાંચનનો શોખ પણ બાળપણથી જ જાગ્યો હતો.

કિન્ડરગાર્ટનમાં જોડાયા પછી સિલ્વિયાને મેક્સિકન મૂળની હોવાના કારણે ઘણું સહન કરવું પડ્યું હતું. એ અવજ્ઞા ટાળવા એ વાંચન તરફ વધુ ને વધુ ઢળતી ગઈ. મેક્સિકોથી આવેલી એના જ નામની બીજી એક છોકરીની સંગાથે તે 'બ્રાઉની' નામના ગર્લ ગાઈડ પ્રોગ્રામમાં જોડાઈ. ત્યારથી તેને વિકાસ માટેની એક મજાની દિશા મળી ગઈ. તેમાં શિસ્ત, સહકાર અને સ્વગૌરવ સભર, વ્યવસ્થિત જીવન જીવવાના પાઠ તેને શીખવા મળ્યા.

કુટુમ્બમાં માતા ઉચ્ચ શિક્ષણ વિનાની અને માત્ર સ્પેનિશ ભાષા જ બોલી શકતી સામાન્ય ગૃહિણી હતી. પણ એ જ સિલ્વિયાનો પ્રેરણાસ્રોત હતી. સિલ્વિયા ગર્લ્સ ગાઈડમાં જોડાઈ પછી એની માને પણ એમાં બહુ રસ પડ્યો હતો. બાપ અમેરિકામાં જન્મેલ મેક્સિકન વસાહતી અને કેમિસ્ટ્રી વિષયમાં સ્નાતક હોવા છતાં, સાવ પુરાણા ખ્યાલો ધરાવતો હતો. 'છોકરીઓનું જીવન લગ્ન કરી, બાળક પેદા કરી તેમના ઉછેર અને ઘરકામ પુરતું જ સીમિત હોય છે,' એમ એ માનતો હતો. પણ એના વાંચનના અપ્રતિમ શોખની અસર સિલ્વિયા પર પડી હતી.

માબાપમાંથી કોઈને પણ ઘર સંચાલન અને ભાવિ આયોજન અંગે કોઈ જાગૃતિ ન હતી. સિલ્વિયામાં આવેલ આ જાગૃતિ ઘરની ચીજો અને કારના સમારકામ અને ભાવિ ખર્ચના આયોજન માટે કામમાં લાગી ગઈ. ગર્લ્સ ગાઈડનો 'વિજ્ઞાન' અંગેનો બિલ્લો મેળવવા તેણે રોકેટ બનાવવાનો પ્રોજેક્ટ સફળતાથી બનાવ્યો અને તેના કારણે જ વિજ્ઞાનના સ્નાતક બનવાની મહેચ્છા જન્મી. આ જ સ્વપ્નના કારણે તેણે હાઈસ્કૂલમાંથી જ બેન્કમાં બચત કરવાનું શરૂ કર્યું. છેવટે તે આલ્બુકર્કીની યુનિ. માંથી વિજ્ઞાનમાં સ્નાતક બની. લેટિનો વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ મળવાથી તે છેવટે સ્ટેન્ફોર્ડની પ્રખ્યાત યુનિ. માંથી ઉચ્ચ યોગ્યતા સાથે અનુસ્નાતક પણ બની ગઈ. આના પ્રતાપે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા 'નાસા' માં રોકેટ રિસર્ચ વિજ્ઞાની તરીકે સ્થાન મેળવી તેણે પોતાનું સ્વપ્ન સિદ્ધ કર્યું.

આગળ જતાં , ગર્લ્સ ગાઈડ સંસ્થાના પ્રેસિડેન્ટ પદે પણ તેણે સેવાઓ આપી છે.

https://www.youtube.com/watch?v=WPebWV9ttMQ

આમ તો આ સાવ ઉપરછલ્લો પરિચય છે. પણ એની આત્મકથાનું પુસ્તક ' Path to the stars' જરૂર વાંચશો. એમાં મધ્યમ વર્ગના વસાહતી કુટુમ્બનો ધબકાર અને સ્વપ્ન સિદ્ધિ માટેની સિલ્વિયાની તપસ્યા તમારા દિલો દિમાગને તરબતર કરી નાંખશે.

સંદર્ભ -

https://en.wikipedia.org/wiki/Sylvia_Acevedo

https://sylviaacevedo.org/

## ગેરકાયદે વસાહતી

**'મારું કિન્સેનેરા ક્યારે અને શી રીતે થશે?'**

આ પ્રશ્ન જુલિસાને દિવસ રાત સતાવતો હતો. વારંવાર પૂછવા છતાં, મામી (સ્પેનિશમાં મમ્મી) આ બાબતમાં કશો ફોડ પાડતી ન હતી. ચીઢિયા અને મિજાજી સ્વભાવના પાપીને( સ્પેનિશમાં પપ્પા) પૂછવાનો તો કશો અર્થ જ ન હતો. જુલિસાને માબાપની આર્થિક મુશ્કેલીઓની બરાબર જાણ હતી. છેવટે જુલિસાએ કંટાળીને મામા અને માશીને ફોન કર્યા. એની પર અનહદ પ્રેમ રાખતાં આ સંબંધીઓના સધિયારાથી મેક્સિકોના ગુરેરો પ્રાંતના એમના શહેર

ટેક્સકોમાં પાર્ટી માટેના સ્થળના ભાડા અને જમવાના ખર્ચની બાંહેધરી જુલિસાને મળી ગઈ.

મેક્સિકો અને મોટા ભાગના લેટિન અમેરિકન દેશોમાં છોકરી પંદર વર્ષની થાય ત્યારે એની ઉજવણી ધામધૂમથી થતી હોય છે. એને કિન્સેનેરા કહેવામાં આવે છે. દરેક છોકરી માટે આ બહુ ઉત્સાહ અને ઉમંગની ઘટના હોય છે. બાલ્યકાળમાંથી યુવતિ બનવાની એને ખુશાલી હોય છે. સ્વાભાવિક રીતે જુલિસા પણ એનાં સપનાં સેવી રહી હતી.

છેવટે એણે માને આ બાબત જણાવી દીધું – "તમે બન્ને ખર્ચની ચિંતા ન કરતા. મેં મામા અને માશી સાથે આ બધું નક્કી કરી દીધું છે. "

ત્યારે માએ બોમ્બ ધડાકો કર્યો ,"તું અહીં ગેરકાયદે રહે છે. તારો મૂલાકાતી તરીકેનો વિસા તો ક્યારનો ય ખતમ થઈ ગયો છે. હવે તું કદી મેક્સિકો પાછી ન જઈ શકે."

એ ધડાકા સાથે જુલિસાનો ભ્રમનો અંચળો ચીરાઈ ગયો. એના માથે આભ ટૂટી પડ્યું.

----------

ટેક્સાસના મોટા શહેર સાન એન્ટોનિયામાં જુલિસાનાં માબાપ ઘણાં વર્ષોથી ચાંદી અને બનાવટી મેટલનાં દાગીના મેક્સિકોમાંથી લાવી વેચવાનો ધંધો કરતાં હતાં. અવારનવાર દેશમાં જઈ માલ લઈ આવતાં અને તેમાંથી તેમનું ગુજરાન થતું અને દેશમાં મકાન બનાવવાનો અને દીકરીઓના ભણવાનો ખર્ચ

નીકળી જતો . બે દીકરીઓ દેશમાં હતી અને નાની દીકરી જુલિસા અને દીકરો જુલિઓ તેમની સાથે રહેતાં હતાં. જુલિઓનો જન્મ અમેરિકામાં થયો હોવાના કારણે તે તો અમેરિકન નાગરિક હતો. પણ જુલિસા ગેરકાયદેસર વસાહતી હતી.

તે દિવસ સુધી જુલિસા એની સપન ભોમકામાં અને પરદેશની નિશાળમાં વિદેશી બાળકને પડતી જફાઓમાંથી રસ્તો કાઢવાના પ્રયત્નોમાં વ્યસ્ત હતી. પણ આ ધડાકાથી એની દુનિયા સાવ બદલાઈ ગઈ.

જુલિસાનું બાળપણ એના શહેર ટેક્સાકોમાં બહુ આનંદમાં વીત્યું હતું. એને એક માત્ર દિલગીરી હતી કે, એનાં માબાપ એની સાથે ખાસ સમય ગાળતાં ન હતાં. એમને જીવન ગુજારા માટે વેચાણ કરવા મેક્સિકોના વિવિધ શહેરોમાં જવું પડતું. ઘણી વખત તો મહિનાઓ સુધી તેને આ વિરહ સાલતો. ઉપરોક્ત ઘટનાના પાંચ વર્ષ પહેલાં તેઓ અમેરિકાના ટેક્સાસ રાજ્યના સાન એન્ટોનિયો શહેરમાં સ્થાયી થયાં હતાં અને વર્ષે માંડ એક વાર મેક્સિકો જઈ શકતા.

૧૧ વર્ષની ઉમરે જુલિસાને પણ માબાપ સાથે અમેરિકામાં રહેવાની તક મળી. પણ એ સાથે જ એનું જીવન નવી જાતની વ્યથાઓથી ઊભરાવા લાગ્યું. માબાપ સાથે રહેવાનો આનંદ તો દૂર રહ્યો; પણ નિશાળમાં વસાહતી વિદ્યાર્થિની તરીકે સાથી સહેલીઓની ટીકાઓ, અવજ્ઞા અને ખામી ભરેલા અંગ્રેજી ઉચ્ચારોને કારણે ઉપહાસ – એ રોજની બબાલ બની ગયાં. એની મા

તો અહીં પણ ભાગ્યે જ ઘેર રહેતી. વેપારમાં બાપની અણઆવડત અને કઠોરતાના કારણે તે જુલિસા અને જુલિઓને સાચવવા ઘેર રહેતો હતો. પણ એની સતત હાજરી, દારૂ પીવાની અનિયંત્રિત આદત, અને નિર્દય  વ્યવહાર જુલિસાને માટે વધારાની વ્યથા બની ગયાં હતાં.

જુલિસાની આ વ્યથાઓમાં ઉપર ની ઘટના બાદ પાછા મેક્સિકો ડિપોર્ટ થઈ જવાના ભયનો ઉમેરો થયો. બે વખત માબાપના વેપારમાં સાથીએ બેઇમાની કરી  ચાંદીના ઘરેણાંઓ ચોરી લીધા. મધ્યમ વર્ગમાંથી હવે તેઓ સાવ ગરીબીની અવસ્થામાં પટકાઈ ગયાં/ એમને ઘરેણાંનો વેપાર ઓછો કરવો પડ્યો અને મોલ કે વિવિધ ઠેકાણે ફનેલ કેક બનાવી ગુજરાન ચલાવવાની નોબત આવી ગઈ. આ અત્યંત મહેનતનું કામ હતું.

આ બધી વ્યથાઓ વચ્ચે જુલિસાએ નક્કી કર્યું કે, શાળાના અભ્યાસ પર અને અંગ્રેજી પર પ્રભુત્વ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું, અને સ્નાતક બની ઉજળિયાત વ્યવસાયમાં આગળ ધપવું. તેના આત્મબળના પ્રતાપે આ બધી ઉપાધિઓ વચ્ચે પણ, અભ્યાસમાં એની પ્રગતિ થતી ગઈ.

પણ, વિધિની વક્રતા તો જુઓ. એક દિવસ ફનેલ કેક બનાવતાં બળતણની ટાંકી ફાટી અને એની મા સખત રીતે દાઝી ગઈ.  ત્રણેક મહિને તે બચી તો ગઈ. પણ તેના મગજને બહુ ઈજા થઈ હતી. આખા કુટુમ્બની આવકનો આધાર એની મા પર હતો. હવે તે બહુ જલદી થાકી જતી અને એની યાદદાસ્ત પણ બહુ

નબળી પડી ગઈ હતી. હવે આ કામમાં તેને મદદ કરવાની જવાબદારી પણ જુલિસાના માથે આવી ગઈ.

આમ છતાં તેણે શાળાનો અભ્યાસ બહુ સારા ગ્રેડથી પૂરો કર્યો. હવે કોલેજમાં પ્રવેશ મેળવી, સ્નાતક બનવાનું સ્વપ્ન તેણે સેવવા માંડ્યું. પણ ગેરકાયદે વસાહતીને કઈ કોલેજ પ્રવેશ આપે? સોશિયલ સિક્યોરિટી નંબર ન હોવાના કારણે ૧૦૦ થી વધારે કોલેજોમાંથી જાકારાના આઘાતો જુલિસાને જીરવવા પડ્યા.

દુખિયાંનો બેલી રામ! ૨૦૦૧ની સાલમાં ટેક્સાસની સરકારે જુલિસા જેવાં ગેરકાયદે વિદ્યાર્થીઓને પણ કોલેજ પ્રવેશ મળી શકે, તેવો કાયદો કર્યો. [ house bill 1403, Texas]. અનેક નીરાશાઓ વચ્ચે જુલિસાને માટે આશાનું એક કિરણ ઝળકી ઊઠ્યું. એને ઓસ્ટિનની પ્રતિષ્ઠિત કોલેજમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષય માટે પ્રવેશ મળ્યો.

પણ, હતાશ બનેલા એના બાપનો સ્વભાવ વધારે ને વધારે બગડતો ગયો. દારૂની લત પણ હવે એના માટે એક રોગ બની ગઈ હતી. આ બધાંના પ્રતાપે છેવટે એનાં માબાપે મેક્સિકો પાછા જવાનું નક્કી કર્યું. હવે જુલિસા એકલી પડી ગઈ. એની બહેન અને બનેવી સાન એન્ટોનિયોમાં સ્થાયી થયાં હતાં – એ જ એનો એક સહારો હતો. પણ અભ્યાસનો ખર્ચ કાઢવા તે શનિ રવિ સાન એન્ટોનિયો જતી અને ફનેલ કેક બનાવી વેચવાનો અત્યંત પરિશ્રમ વાળો ધંધો એકલા હાથે ચાલુ રાખતી.

આ બધા આઘાતોના કારણે જુલિસાનું પોત હવે વજ્જર જેવું બની ગયું હતું. ધીમે ધીમે નસીબ પણ એને યારી આપવા લાગ્યું. બધી જ અગવડોને અતિક્રમીને ૨૦૦૪ની સાલમાં જુલિસા બહુ સારા ગ્રેડ સાથે ગ્રેજ્યુએટ બની શકી. બીજા જ વર્ષે ન્યુ યોર્કના વોલ સ્ટ્રીટની પ્રતિષ્ઠિત કમ્પની ગોલ્ડમેન સાક્સમાં તેને નોકરી પણ મળી ગઈ. અપ્રતિમ નિષ્ઠા અને થાક્યા વિના કામ કરવાના વર્ષોના મહાવરાએ તે વાઈસ પ્રેસિડેન્ટના પદ સુધી પહોંચી ગઈ. ૨૦૧૧ માં તે પ્રખ્યાત મેરિલ લિન્ચ કંપનીમાં જોડાઈ.

સફળ કારકિર્દીના કારણે જુલિસાને અમેરિકન નાગરિક જીવનસાથી પણ મળી ગયો, જેના પ્રતાપે ૨૦૦૯ની સાલમાં તેને ગ્રીન કાર્ડ મળી ગયું. છેવટે ૨૦૧૪ના ઓગસ્ટ મહેનામાં તેનું અમેરિકન સપનું સાકાર બન્યું અને તે અમેરિકન નાગરિક બની શકી. હવે તો જુલિસા પતિ સાથે લોસ એન્જેલસમાં રહે છે, અને તેના જેવા અનેકને ઇમિગ્રેશન અને શિક્ષણ માટે સલાહ આપે છે. તેમને માટે જુલિસા મસીહા છે.૨૦૧૨માં અન્ય લોકોની સહાયથી તેણે Ascend Education Fund ની સ્થાપના કરી છે. એ ફંડમાંથી અત્યાર સુધીમાં ૫ લાખ ડોલરની સ્કોલરશીપો આપવામાં આવી છે.

પોતાની જીવનકથાનાં બે પુસ્તકો પણ તેણે લખ્યાં છે; જેને જબરો પ્રતિસાદ મળ્યો છે. એના પુસ્તક 'Someone like me' ના આધારે જ આ ટૂંક પરિચય બનાવી શકાયો છે.

https://www.youtube.com/watch?v=KgvFCFGszos

સંદર્ભ –

http://julissaarce.com/biography

https://en.wikipedia.org/wiki/Julissa_Arce

https://ascendfundny.org/

https://sites.udel.edu/movingfictions/the-books/someone-like-me-arce-bio/

# ઘર વિનાના સૌ

આમ તો આ સત્યકથાનું મૂળ નામ જાળવી રાખીએ તો ‘મારા જેવા જ જુદા’ ( SAME KIND OF DIFFERENT AS ME) રાખવું જોઈએ પણ એનો મક્તા છે – ‘ઘર વિનાના સૌ’

એમ શા માટે? – એ જાણવા આખી કથા વાંચવી પડશે. એ આખી કથા તો બહુ લાંબી છે. એનું તો ૩૦૦ જેટલા પાનાં વાળું પુસ્તક લખાયું છે અને ફિલ્મ પણ બની છે. પણ અહીં એનો ટૂંક સાર જ આપી શકાય ને?

રોન હિલ બહુ સુખી માણસ છે. એના માબાપનું ટેક્સાસમાં મોટું રેન્ચ ( ફાર્મ હાઉસ ) છે. એ પોતે પણ મોંઘી કળા કૃતિઓ વેચવાનો માતબર ધંધો કરે છે. પણ લગ્નેતર સંબંધના કારણે તેનું લગ્ન ખરાબે ચઢ્યું છે. બન્નેનું લગ્ન જીવન વિચ્છેદના આરે આવીને ઊભેલું છે, પણ બે બાળકોના સબબે એ કિનારે આવીને અટકેલું છે. એની પત્ની ડેબોરા( ડેબી) સૂચવે છે કે, સ્થાનિક દેવળમાં તે સેવા આપે છે - તે કામમાં રોન મદદ કરે. કદાચ એનાથી એમનું લગ્ન જીવન બચી જાય.

રોન કમને આ સૂચન કબૂલે છે. આના કારણે એમના જીવનમાં એક અદભૂત વળાંક આવે છે. ઘર વગરના લોકોને ભોજન આપવાની પ્રવૃત્તિમાં રોન તેની પત્નીને મદદ કરવા લાગે છે. એ નિરાશ્રિત લોકોમાંના એક એવા અમેરિકન હબસી ડેનવરની અત્યંત ધૃણાપાત્ર અને બહુ જ આક્રમક રીતભાત જાણી તેને શરૂઆતમાં તો તેના માટે તિરસ્કાર જ પેદા થાય છે. પણ દૈવી વૃત્તિ વાળી અને માનવતાવાદી ડેબીના સૂચનથી રોન ડેનવર સાથે મિત્રતા કેળવવા પ્રયાસ કરે છે. બન્ને ધીમે ધીમે એકમેકની નજીક આવવા માંડે છે. અને માનવ જીવનની સાવ અજાણી વિવશતા અને કરૂણતા તરફ રોન સજાગ બનવા માંડે છે.

નાની ઉમરમાં બાપ મરી ગયો હોય અને મા ભાગી ગઈ હોય , તેવા ડેનવરને તેના બાપની માએ ઉછેર્યો હતો. ઘરમાં આગ લાગતાં તેણે દાદીનો સહારો પણ ગુમાવી દીધો અને તેનું બાળપણ અસહ્ય દુઃખના ગર્તામાં સરી ગયું. લુઇસિનિયાના એક પ્લાન્ટેશનમાં લગભગ ગુલામી કહી શકાય તેવી મજૂરી; ગોરા ત્રાસવાદીઓનો જુલમ, ત્યાંથી ભાગીને ન્યુ ઓર્લિયન્સમાં રસ્તા પર રઝળપાટ અને ગુનાખોરીથી ગુજરાન ચલાવતો કિશોર અને ગુનો કરતાં પકડાતાં લાંબા સમય માટે જેલ નિવાસ. આમ ડેનવરનું જીવન હતાશા અને દુર્દશાની ખાઈમાં નીચે ને નીચે અધઃ પતન કરતું રહે છે.

નિષ્ઠુર અને પથ્થર જેવા બની ગયેલા તેના દિલમાં ગોરા માણસો માટે ધિક્કાર સિવાય બીજી કોઈ જ લાગણી બચી નથી. પણ ડેબી અને રોનના પ્રયત્નોથી આધેડ અવસ્થામાં આવી પહોંચેલા ડેનવરના પથ્થર જેવા દિલમાં

એક કૂમળી કૂંપળ ફૂટી નિકળે છે, જેમને ડેનવર હાડોહાડ ધિક્કારતો હતો તેવા ગોરા લોકોમાંના એક કુટુમ્બ સાથે ડેનવરનો સંબંધ હવે કેળવાવા લાગે છે.

આશ્ચર્ય જનક રીતે આના કારણે રોનના દિમાગમાં પણ પરિવર્તનના પવન ફૂંકાવા લાગે છે. એના વહાણનું સૂકાન જીવનની એક સાવ અલગ જ દિશામાં ફંટાવા લાગે છે.

એક બે વર્ષ આમ પસાર થાય છે. પણ ડેબીને બહુ છેલ્લા તબક્કાનું કેન્સર છે, એમ નિદાન આપતાં નવા બનેલા આ બે મિત્રો માટે ડેબીનું જીવન ઊગરી જાય તે માટે શુભ સંકલ્પ જાગે છે. ડેબીના દિલના માનવતાના ઝરણાંમાંથી આકાર લીધેલો પ્રવાહ હવે બે મિત્રોના વ્હાલની ધસમસતી નદીમાં રૂપાંતર પામે છે.

ડેબી તો બચી શકતી નથી, પણ રોન અને ડેનવર નિરાશ્રિત લોકો માટે રહેઠાણ બનાવવાની પ્રવૃત્તિ શરૂ કરે છે. ડેબીના મરણ બાદ ભરાયેલી શોકસભામાં ડેનવરને મુખ્ય વક્તવ્ય આપવા કહેવામાં આવે છે. અને તે ભાવુકતાથી બોલી ઊઠે છે કે,

“ભલે આપણા સૌની જીવનકથા એકમેકથી સાવ નિરાળી હોય, આપણે બધા સરખા જ છીએ. આપણે સૌ પોતાના મૂળ ઘરમાંથી વિખૂટા પડી જીવન ભર આથડતા જ રહેતા હોઈએ છીએ. ડેબીની જેમ મરણ બાદ જ સૌ પોતાના મૂળ ઘર તરફ પ્રયાણ કરી ત્યાં પહોંચી શકે છે.“

અનેક આરોહ અવરોહ લેતી આ સત્યકથા જીવનના એક એવા પરિમાણ તરફ અંગુલિ નિર્દેશ કરે છે કે, જેનાથી આપણને પણ એમ લાગી આવે કે,

આપણે સૌ એકમેકથી સાવ વિભિન્ન હોવા છતાં, જીવનભર નિરાશ્રિતો જ હોઈએ છીએ - સૌ ઘર વિનાનાં.

તે બાદ તો આ બન્ને મિત્રો અને એમના શુભચિંતકોના પ્રયાસથી લાખો ડોલરના દાનનો પ્રવાહ એમના કલ્યાણકારી કામને પુષ્ટિ આપતો રહ્યો છે. એમણે સાથે લખેલ એ પુસ્તકનું વેચાણ પણ આની સાક્ષી પૂરે છે.

મૂળ પુસ્તક અથવા આ વિડિયો એક વિશિષ્ઠ અને ન ભુલાય તેવી અસર આપણા મનમાં સ્થાયી કરી દે છે.

https://www.youtube.com/watch?v=o1EsLulr2q4&feature=emb_logo

https://www.youtube.com/watch?v=T0MV4EJp8eM

સંદર્ભ -

https://en.wikipedia.org/wiki/Same_Kind_of_Different_as_Me

# ચિત્રકાર દાદીમા

૧૯૩૮ ના માર્ચ મહિનાની બપોર થવા આવી હતી. ન્યુયોર્ક રાજ્યના ઉત્તર ભાગમાં આવેલ આલ્બનીથી ત્રીસેક માઈલ ઉત્તરમાં આવેલ હૂસિક ફોલ્સ નામના ગામડા પાસેથી લુઈ કેલ્ડર પસાર થઈ રહ્યો હતો. તેના પેટમાં બિલાડાં બોલતાં હતાં. તેણે એક નાનકડા, ગામડિયા સ્ટોર પાસે, થોડીક પેટપૂજા કરવા ગાડી થોભાવી. તેની પેટપૂજા તો પતી ગઈ; પણ સાથે અમેરિકાના ચિત્રકળાના ઈતિહાસમાં એક મહાન શોધ પણ તેણે કરી નાંખી!

તેણે એ ચિત્રકાર દાદીમાનાં દસ ચિત્રો – એક એક ડોલરના ભાવે વેચાવા માટે સ્ટોરની દિવાલ પર ટિંગાયેલાં જોયાં. કેલ્ડર આમ તો એક ઈજનેર હતો; પણ કલાકારીની ચીજવસ્તુઓ એકઠી કરવાનો શોખ પણ એને હતો. આ ચિત્રો એને અદ્ભૂત લાગ્યાં. એ દોરનાર બાઈને મળવા તે આતુર બની ગયો. સરનામું પુછીને એ તો એન્ના મેરી મોઝિસના ઘેર પહોંચી ગયો. પણ ૭૮ વર્ષનાં એ માજી ક્યાંક ગયેલાં હતાં; એમ એમના દીકરાની વહુએ જણાવ્યું. કેલ્ડર તો એ નાનકડા ગામની એકમાત્ર વીશીમાં રોકાઈ પડ્યો; અને બીજા દિવસની સવારે માજીને મળીને જ જંપ્યો. સાથે બીજાં વીસ ચિત્રો પણ એણે ખરીદી લીધાં.

અને એક સપ્પરમા દિવસે અમેરિકાની એક મહાન ચિત્રકાર હસ્તીની જાણ આખા જગતને થવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ!

કોણ હતી આ મહાન ચિત્રકાર? કેમ અત્યાર સુધી એને કોઇ ઓળખતું નહોતું? શું હીરાને એનો સાચો ઝવેરી ના મળે તો એણે પોતાની ચમક ખોઇ નાંખવી?

ચાલો, એક નજર કરીએ આ ચિત્રકાળ બાળાના ઉછેર અને જીવનસંઘર્ષ પર.

*********************

૧૮૬૦ ના સપ્ટેમ્બરની ૭મી તારીખે એક ખેડુતના ઘેર જન્મેલ એ દીકરી. મૂળ આઈરીશ કૂળની વંશજ. અને એક વડવા તરફથી નેટિવ અમેરિકન લોહી પણ એની નસોમાં વહેતું હતું. એની મા માર્ગારેટ અને બાપ રસેલ રોબર્ટસનના દસ બાળકોમાં એન્ના ત્રીજા નમ્બરે હતી. વસાહતી અમેરિકન ખેડુતના ઘરમાં નાનાં મોટાં બધાં કામ કરવા એ છ વર્ષની ઉંમરથી જ પલોટાયેલી હતી. સાથે સાથે કાગળના ટુકડા અને સીવણ કામમાંથી વધેલાં ચીંથરાંમાંથી એ ઢીંગલીઓ પણ બનાવતી અને ઘેર જ બનાવેલા દ્રાક્ષ અને બ્લેક બેરીના રસથી એમને રંગતી. કદીક રસેલ ખેતીની ફસલ વેચીને પાછો આવે ત્યારે;બાળકો માટે ન્યુઝ પ્રિન્ટ માટે નકામા કાગળોનો થોકડો મફતમાં લઈ આવતો. બધાં બાળકો એ કરકસરથી વાપરતાં અને નાના નાના ટુકડાઓની બન્ને બાજુ, સહેજ પણ જગ્યા બાકી ન રહે તેમ, પેન્સિલ અને ચાક વડે ચિત્રો દોરતાં. ૮૦ વર્ષની ઉંમર પછી દેશ પરદેશમાં વિખ્યાત બનનાર ચિત્રકાર દાદીમાની આ બુનિયાદી તાલીમ હતી!

એન્ના બાર વર્ષની થઈ; ત્યારે કુટુમ્બ પરનું ભારણ ઓછું કરવા નજીકના એક ગામમાં ઘરકામમાં મદદ કરવા કામે લાગી. થોમસ વ્હાઈટ સાઈડ નામના

ખેડુતની પત્ની અપંગ હતી; અને તેમને આવી મદદની જરૂર હતી. એમની પાસે ઠીક ઠીક મત્તા પણ હતી; અને બંન્ને જણ બહુ માયાળુ સ્વભાવનાં હતાં. એની માલિક બાઈએ ઘણું બધું ઘરકામ, ચિત્રકામ અને સીવણકામ એન્નાને શીખવ્યું. એન્નાનાં ચિત્રો એમના જિલ્લાના મેળામાં દર વર્ષે પ્રદર્શન માટે પણ મુકાતાં. એન્નાની કળાની આ શાળા હતી!

એન્નાએ પાંચ વર્ષ વ્હાઈટ સાઈડ કુટુબં સાથે ગાળ્યા; અને બન્નેનાં મરણ બાદ બીજાં દસ વરસ આવી જ છુટી છવાઈ નોકરીઓ કરી. પણ એ પહેલા પાંચ વર્ષમાં ભેગો કરેલો ઘરકામનો અનુભવ એને આખી જિંદગી કામ લાગ્યો. સ્વાદિષ્ટ રસોઈ બનાવવી, સરસ મજાનું સીલાઈકામ કરવું, ફળોના રસ અને મુરબ્બા બનાવવા, આંગળાં કરડી ખાઈ જાય એવાં કૂકી બનાવવા એ બધા કામોમાં એ પાવરધી બની ગઈ હતી. પણ વ્હાઈટ સાઈડના ઘરમાં સરસ ચિત્રો સાથેની એની પ્રીત કાયમ માટે એના અંતરમાં વણાઈ ગઈ.

અને છેવટે ૧૮૮૬ ની સાલમાં આમ જ કામ કરતાં એને એના મનનો મિત પણ મળી ગયો. ૧૮૮૭ ના નવેમ્બર મહિનામાં થોમસ મોઝિસ સાથે, એના ગામ હૂસિક ફોલ્સમાં તેનાં લગ્ન થયાં.

લગ્ન પછી તરત મોઝિસ દંપતી દક્ષિણના રાજ્યઓમાં નસીબ અપનાવવા ઉપડી ગયું. એમનો વિચાર તો જ્યોર્જિયા કે એવા કોઈ રાજ્યમાં જવાનો હતો; પણ એક રાત વર્જિનિયાના સ્ટોન્ટન ખાતે રોકાયા ત્યારે તેમને શનન્ડો ખીણનો એ પ્રદેશ ગમી ગયો. સો એકરનું એક ખેતર પણ એમને ઢોર, ઢાંખર

અને રહેવાના મકાન સાથે ભાડે મળી ગયું. જીવનના આ નવા તબક્કામાં બન્ને જણ અથાક મજુરી કરવામાં લાગી ગયા. થોડાક સમય પછી થોમસની બહેન મેટ્ટી અને બનેવી પણ એમની સાથે આવી લાગ્યા

એન્નાને ખેડૂતો સાથે ઘરકામ કરવાની તાલીમ હવે બરાબર કામે લાગી. એણે બનાવેલું શુદ્ધ માખણ બહુ વેચાવા લાગ્યું. ચારે જણની મહેનતથી એમની સમૃદ્ધિ વધવા લાગી. ૧૮૯૬માં તો થોમસે પોતાની માલિકીનું, વીસ એકરનું ખેતર પણ ખરીદી લીધું. એન્નાએ પોટેટો ચીપ બનાવવાનો ધંધો પણ શરૂ કર્યો. પણ વતનની યાદ થોમસને બહુ સતાવ્યા કરતી. ૧૯૦૫ની સાલમાં એમણે વતન પાછા ફરવાનું નક્કી કર્યું; અને સારા ભાવે એ ખેતર વેચી, એન્નાના વતન હૂસિક ફોલ્સની નજીક ન્યુયોર્ક પાસે ઈગલ બ્રીજ ગામમાં એક ખેતર ખરીદી ત્યાં વસવાટ શરૂ કર્યો.

આ આખાયે સમય દરમિયાન એમને સંતાનો થવા લાગ્યા, ઉછરવા લાગ્યા અને પોતપોતાના વિકાસ માટે દૂર પણ જવા લાગ્યા. ૧૮૯૧માં એમની પહેલી દિકરી ઓના જન્મી અને ત્યાર બાદ એન્નાને બીજાં નવ  બાળકોને જન્મ આપ્યો. પણ એમાંથી પાંચ જ જીવતાં રહ્યાં.

આ બધી સાંસારિક જફાની સાથે સાથે એન્ના સમય ફાજલ કાઢીને પણ એની મનગમતી ચિત્રકામ અને ભરત ગુંથણની પ્રવૃત્તિ તો કરી જ લેતી! પણ એ બધું કેવળ પોતાના આનંદ માટે જ.  સ્થાનિક મેળાઓમાં એ પોતાની બનાવટો

– મુરબ્બા, જેલી વિ. ની સાથે ભરત ગુંથણના નમૂના પણ વેચવા મૂકતી; પણ ગામડાં ગામમાં એ કોણ ખરીદે કે એમને કોઈ ઈનામ મળે?!

છોકરાંવને ભણાવવા ગણાવવા અને પરણાવવાની જવાબદારીઓ અદા કરતાં કરતાં, ૫૮વર્ષની ઉમ્મરે એન્નાને એના ઘરને વોલ પેપરથી સજાવવાનું મન થયું. કામ પતતાં, રસોડાની એક દિવાલ બાકી રહી ગઈ. નવો વોલ પેપર લાવવાને બદલે એક જાડો મોટો કાગળ તેણે લાકડાના બોર્ડની એ દિવાલ પર ચીપકાવી દીધો; અને તેની ઉપર ઘર રંગવાના રંગોથી એને ચિત્રકામ કરી દીધું. એન્નાની ત્યાર સુધીની જિંદગીનું આ મોટામાં મોટું ચિત્ર હતું! બે બાજુએ બે ઝાડ અને ઘાસની વચ્ચે તળાવ વાળું એ ચિત્ર આજે પણ મોઝિસ દાદીમાના ચિત્રસંગ્રહમાં સંઘરાયેલું છે.

હવે તો ઘરનું અને ખેતરનું કામ એમનો દીકરો કરતો હતો. પણ એન્ના થોડીક જ નવરી બેસે એવો જીવ હતી? રસોડામાં અવનવી વાનગીઓ બનાવવી, ને ભરત ગુંથણ કામ કર્યે રાખવું – એમાંથી એ નવરી જ ન પડતી. ૧૯૨૭ ની સાલમાં થોમસે આખરી વિદાય લીધી; અને એન્નાના જીવનમાં નીરાશા છવાઈ ગઈ. એની ઉમ્મર હવે ૬૬ વર્ષની થઈ હતી. એને સંધિવા( Arthritis)ની તકલિફ પણ શરૂ થઈ હતી. ભરત ગુંથણની સોયો પરોવતાં એની આંગળીઓ દુખવા લાગતી. એના એક સંબંધીએ એન્નાને એ છોડી ચિત્રો દોરવાનું શરૂ કરવા કહ્યું;અને ડોશીમા તો મચી પડ્યાં! એનો ચિત્રકામનો જૂનો શોખ સજીવન થયો. ખેતરના કામમાં ઉપણી માટે વપરાતા જાડા કાપડમાંથી એ કેન્વાસ બનાવતી અને જૂની ફ્રેમો ગુજરીમાંથી ખરીદી લાવી;

સુતારીકામનાં સાધનોથી એમને રિપેર કરી ચિત્રો એ જાતે જ મઢતી! એનું કામ કરવાનું ટેબલ પણ તેણે જાતે સજાવ્યું હતું!

અલબત્ત એનાં એણે આખી જિંદગી જ્યાં ગુજારી હતી તે ખેતરો, ગામડાં અને અતિશય રળિયામણી શનન્ડો ખીણમાથી એને પોતાના ચિત્રોના વિષયો મળી જતા. એનાં મોટા ભાગના ચિત્રોમાં અમેરિકાના ગામડાંઓની ધરતીનો એ ધબકાર ગુંજતો રહે છે. અન્નાએ બનાવેલાં એ બધાં ચિત્રોમાં કોઈ વ્યાપારી વૃત્તિ ન હતી. ખાલી પોતાને અને મિત્રો/ સગાં સંબંધીઓને ખુશ કરવા તે ચિત્રો દોર્યે રાખતી.

૧૯૩૯માં હૂસિક ફોલના સ્ટોર વાળી બાઈ કેરોલિન થોમસે એના સ્ટોરની શોભા વધારવા થોડાંક ચિત્રો માંગી લીધાં, અને એક ડોલરના ભાવે વેચવા પણ રાખ્યાં.

જો કેરોલિનને આ વિચાર ન સૂઝ્યો હોત તો, લૂઈ કેલ્ડરને આ ચિત્રો જોવા મળ્યાં ન હોત; અને આ ચિત્રકાર દાદીમા અમેરિકાને અને જગતને અંધારામાં રાખીને જ પોઢી ગયાં હોત!

,,,,,,,,

લુઇ કેલ્ડરે એન્નાની પ્રતિભા પારખી; એ એક વાત હતી; પણ એને અમેરિકાના કલાક્ષેત્રના રસિયા અને માધાતાઓ પાસે કબુલાવવી એ બીજી. એક વર્ષ સુધી તેણે અનેક આર્ટ ગેલરીઓને આ ચિત્રો પ્રદર્શિત કરવા વ્યર્થ ફાંફાં માર્યા. છેક એક વર્ષ પછી- ૧૯૩૯ના ઓક્ટોબર મહિનામાં ન્યુયોર્કના મેનહટનમાં આવેલ

મોડર્ન આર્ટની એક આર્ટ ગેલરીએ એન્નાનાં ત્રણ ચિત્રો પ્રદર્શિત કર્યાં. એક મહિના પછી; એ પ્રદર્શન બંધ થતાં એ ચિત્રો, વેચાયા વિના પરત પણ આવી ગયાં. છતાં હિમ્મત હાર્યા વિના લુઈએ ચિત્રો બીજી આર્ટ ગેલરીઓને મોકલવાનું ચાલુ રાખ્યું.

અને છેવટે ઓસ્ટ્રિયાથી હિજરત કરીને આવેલ ઓટો કેલિર નામના કળાકારીની ચીજોના વેપારીને 'મેપલ સ્યુગર લાવતાં ( Bringing in Maple sugar) ચિત્ર બહુ જ ગમી ગયું. આ ચિત્રે એન્નાને માટે પ્રસિદ્ધિનું બારણું ફટ્ટાક દઈને ખોલી દીધું. એણે માત્ર એન્નાનાં જ ચિત્રોનો 'વન મેન શો' રાખવાનું નક્કી કર્યું.

http://mydailyartdisplay.wordpress.com/2012/11/09/bringing-in-the-maple-sugar-by-grandma-moses/

અને બીજા એક વર્ષ પછી ૧૯૪૦ ના ઓક્ટોબર મહિનામાં એની આર્ટ ગેલરીમાં એન્નાનો શો યોજાયો. આમ તો માત્ર ત્રણ ચિત્રો જ વેચાયાં હતાં; પણ ૮૦ વર્ષની આ ડોસીમાનાં ચિત્રોએ સારો એવો રસ કલારસિકોમાં પેદા કર્યો. આ જ સમય દરમિયાન મેનહટનમાં ગિમબ્લ બ્રધર્સ નામના પ્રસિદ્ધ વિક્રેતાઓ પોતાનો ડિપાર્ટમેન્ટલ સ્ટોર ખોલવાના હતા. એમને આ ડોસીમાના રંગબેરંગી ચિત્રો સારી શોભા ઊભી કરશે; એમ લાગતાં એમણે એ સ્ટોરના ઉદઘાટન વખતે આ ચિત્રો પ્રદર્શિત કરવાનું નક્કી કર્યું ; અને એન્નાને પોતાના ખર્ચે ન્યુયોર્ક પધારવા આમંત્રણ આપ્યું. ‘ ધોળા વાળ વાળી છોકરીનાં ચિત્રો’ ની સારી એવી જાહેરાત પણ તેમણે કરી!

અને એ શોમાં એન્ના એની ગામઠી નિખાલસતાથી દર્શકોની માનિતી બની ગઈ. તેને ન્યુયોર્ક રાજ્યનો પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો. આ તેનો સૌથી પહેલો એવોર્ડ હતો. અને ત્યાર પછી એન્નાની પ્રસિદ્ધિ વધતી જ ચાલી.

http://collections.fenimoreartmuseum.org/items/show/247 ( Old oaken Bucket)

એન્નાને ઢગલાબંધ પત્રો મળવા લાગ્યા, અને એના ગામમાં એની મુલાકાત લેવા પત્રકારો અને કલારસિકો ઉમટવા લાગ્યા. એનાં બહુ પ્રસિદ્ધિ પામેલાં ચિત્રોની નકલોના ઓર્ડર પણ આવવા માંડ્યા. ત્રણ ચાર વર્ષ આમ નીકળી ગયાં. એ ગાળા દરમિયાન વિશ્વના તખ્તા પર હાહાકાર જન્માવેલ બીજા વિશ્વ યુદ્ધનો અંત આવ્યો. ત્રાસ અને વેદનામાંથી હાશકારો કરેલા લોકોને એન્નાના ચિત્રોમાંની ગામઠી સંસ્કૃતિ અને કુદરતી સૌંદર્યથી રાહત આપતી લાગવા માંડી. હવે તો આખા અમેરિકામાં એન્નાનાં ચિત્રોની માંગ થવા લાગી. લોકોને એન્નાના જીવન વિશે જાણવાનો પણ રસ જાગવા લાગ્યો. એની જીવન કથાનું પહેલું પુસ્તક ૧૯૪૬માં બહાર પડ્યું ; અને અમેરિકા અને યુરોપમાં એ બહુ જ વખણાયું. તરત જ એની બીજી આવૃત્તિ બહાર પાડવી પડી. રેડિયો ઉપર પણ એન્નાનો ઈન્ટરવ્યુ લેવાયો અને આખા અમેરિકા અને યુરોપમાં લોકોએ તે રસથી સાંભળ્યો.

જ્યારે એના વેચાતાં ચિત્રોની મોટી કિમ્મત આવવા લાગી; ત્યારે રોયલ્ટીની મોટી રકમનો ચેક ઓટો કેલિરે એન્નાને મોકલ્યો. અને એ ભલી બાઈએ એ ચેક પાછો વાળ્યો કે, એ ચિત્રો તો તેણે લુઈ કેલ્ડરની વેચી જ દીધેલાં હતાં; અને

ફરીથી એની કિમ્મત તે શી રીતે લઈ શકે? ઓટોએ એને એ ચેક લેવા બહુ સમજાવવી પડી!

જો કે, ત્યાર બાદ એન્નાને કળાના બજારનું ભાન થયું. તેણે વકીલ અને નાણાંકીય સલાહકાર રાખ્યા; અને એની આવક ધુમ ધડાકા સાથે વધવા લાગી.

૧૯૪૯માં એન્નાની સાથે રહેતા હગનું અવસાન થયું. એનો શોક એન્નાએ માંડ જીરવ્યો; ત્યાં ત્રણ મહિના પછી; ૧૯૪૮ના વર્ષની છ ખ્યાતનામ સ્ત્રીઓને એવોર્ડમાં એનો સમાવેશ કરવામાં આવ્યો; અને મહાન માનવતાવાદી અને સદગત અમેરિકી પ્રમુખની પત્ની એલિનોર રૂઝવેલ્ટના હસ્તે એન્નાને આ એવોર્ડ આપવામાં આવ્યો. વોશિંગ્ટન ડી.સી.માં યોજાયેલ એ સમારંભ બાદ તે વખતના અમેરિકી પ્રમુખે એન્નાને વ્હાઈટ હાઉસમાં બોલાવી એનું સન્માન કર્યું. પણ એન્ના જેનું નામ; એ તો સહેજ પણ ગલવાયા વિના; એમની સાથે પણ એવી વાતોએ વળગી; કે પ્રમુખ આ ગામઠી બાઈના મિલનસાર સ્વભાવના આશક બની ગયા!

૧૯૫૦માં એન્નાનાં ચિત્રોનો શો યુરોપનાં છ શહેરોમાં યોજાયો અને એન્નાની પ્રસિદ્ધિ એટલાન્ટિક મહાસાગરને પણ આંબી ગઈ. ૧૯૫૨માં એન્નાએ લખેલી પોતાની આત્મકથા પ્રસિદ્ધ થઈ; અને એની સાદી સીધી અને હૈયાં સોંસરવી ઉતરી જાય એવી જીવનકથનીથી લોકો એની ઉપર ઓવારી જ ગયા. એ ચોપડીની અનેક આવૃત્તિઓ થઈ ચુકી છે; અને અનેક ભાષાઓમાં તેનું

ભાષાંતર થયું છે. ૧૯૫૨માં એ આત્મકથાના આધાર પર એક ટીવી નાટક પણ બન્યું અને બહુ વખણાયું હતું. આટલી બધી પ્રસિદ્ધિ છતાં ૯૦ વર્ષની ઉમ્મરે એન્નાએ ચીનાઈ માટીનાં વાસણો પર ચિત્રકામ કરવાનો નવો શોખ શરૂ કર્યો!

૧૯૫૫ માં અમેરિકનોની બહુ માનિતી બની ગયેલી આ ડોસીમા શી રીતે જીવે છે; અને એ કેવી રીતે કામ કરે છે; એ જણાવવા એના ઘરમાં જ એનો ઈન્ટરવ્યુ લેતો ટીવી શો યોજાયો.

૧૯૬૦માં આ ડોસીમાની ૧૦૦મી જન્મજયંતિ આખા અમેરિકાએ ઉજવી અને તે વખતના અમેરિકી પ્રમુખ આઈઝનહોવરે પણ એમને ખાસ મુબારકબાદી આપી. એન્નાના ગામમાં તો એ મોટો ઉત્સવ બની રહ્યો.

૧૯૬૧ના જુનમાં એન્નાએ એનું છેલ્લું ચિત્ર પુરું કર્યું' પણ તેની તબિયત કથળતી જતી હતી. એક વાર તે પડી ગઈ; પણ ઊભી ન થઈ શકી. છેવટે ૧૩મી ડિસેમ્બરે તેણે આખરી શ્વાસ લીધા;અને તેના વ્હાલા પતિ થોમસની કબરની બાજુમાં તેને દફનાવવામાં આવી; ત્યારે અમેરિકા અને યુરોપમાં તેના અસંખ્ય ચાહકોએ આંસું સાર્યાં હતાં.

સાવ સામાન્ય ખેડુતના ઘેર જન્મેલી અને શરૂઆતની જિંદગીમાં ખેડુતોના ઘેર નોકરડી તરીકે કામ કરતી આ ગામઠી સ્ત્રી એના અવસાન વખતે લાખો લોકોને રડાવી ગઈ. એનાં ચિત્રોમાં પ્રગટ થતી ખુશાલી, સુંદરતા અને તાજગી હજુ પણ લોકોના મનમાં આનંદની લહેરીઓ ફેલાવી દે છે.

https://www.youtube.com/watch?v=Lp8PChMQEbk&t=12s

https://www.youtube.com/watch?v=4dTLiG_slQQ

સંદર્ભ – https://en.wikipedia.org/wiki/Grandma_Moses

## ચેન્નાઈનો પક્ષીજણ

કેમ નવાઈ લાગીને આ શબ્દ વાંચીને? પક્ષીગણ તો જીવશાસ્ત્રનો શબ્દ. પણ આ તો જણ છે, જણ - જીવતો જાગતો જણ. પણ અફસોસ! એ સ્પાઈડરમેનની જેમ ઊડી નથી શકતો – એ ઊડતા પક્ષીઓના પ્રેમમાં ગળાડૂબ બની ગયેલો, માણસ' કહેવાય એવો એક જણ છે!

આમ તો જોસેફ સેકર સાવ સામાન્ય માણસ છે. ચેન્નાઈના રોયાપેટ્ટા વિસ્તારમાં ભાડાના મકાનમાં ૨૭ વર્ષથી તે રહે છે. મકાન પણ પચાસ વર્ષ જૂનું છે અને પાંચ ભાડવાત એમાં રહે છે. વ્યવસાયે તે ઇલેક્ટ્રિશિયન છે અને કેમેરા પણ રિપેર કરે છે. ઘણી વાત ઘરાક ન મળતાં તેને બે ટંક ભેગા કરતાં ફાંફાં પણ પડતા હતા. પણ જોસેફનું દિલ અમીર છે. ૬૩ વર્ષના જોસેફે ૨૦૦૫ ની સાલમાં આવેલ ત્સુનામી વખતે જોયું કે, બે ચાર પોપટ તેની અગાસી પર ચકલીઓએ ન ખાધેલા થોડાક ચોખા શોધવા આમ તેમ ઘૂમી રહ્યા હતા. આમ તો ત્યાં ચકલીઓ અને કબૂતર જ ચણ માટે આવતાં હતાં. તે ઘરમાં પાછો ફર્યો અને થોડાક ચણા લઈ આવ્યો અને અગાસી પર વેરી દીધા. બીજા આઠ દસ પોપટ પણ થોડીક જ વારમાં ત્યાં ભેગા થઈ ગયા અને આનંદની કિકલારીઓ કરવા લાગ્યા.

બસ , ત્યારથી જોસેફને આ નિર્દોષ પક્ષીઓની ભુખ શમાવવાનું ઘેલું લાગ્યું છે. વધારે પક્ષીઓ ચણી શકે અને ચણનો બગાડ ઓછો થાય  એ માટે અગાસી પર લાકડાના પાટિયા પર તે રોજ સવારે ૬ વાગે અને બપોરે ચાર વાગે આ પક્ષી વીશી ચાલુ કરે છે!

એક અંદાજ મુજબ, રોજના ૧,૦૦૦ પક્ષીઓ આ લોજમાં પધારે છે. શિયાળામાં તો આ આંકડો ૮,૦૦૦ સુધી પહોંચી જાય છે. આગંતુકોમાં  મોટા ભાગે પોપટ હોય છે. પણ કબૂતર અને ચકલી પણ ખરાં  જ. એ બે જાતનાં ચણ નીરે છે. પાણીમાં પલાળેલા અને વિટામિન પાવડર ઊમેરેલા ચોખા અને ચણા. પોતાની આવકનો ૪૦ % એ જીવદયાના આ કામમાં વાપરી નાંખે છે. સવારે ચાર વાગે જોસેફ ઊઠી જાય છે અને ૭૫ કિલોગ્રામ ચોખા પલાળી દે છે. કલાક બાદ પાંચ છ ફેરા કરી અગાસી પર ચોખા પીરસે છે.  આ કામ પતી જાય પછી તે મકાનના ભોંયતળિયે આવેલી દુકાન ચાલુ કરે છે. બિમાર હોય અને માંડ ઊડી શકતાં હોય તેવાં  પક્ષીઓને તે પોતાના ઘરની હોસ્પિટલમાં સારવાર પણ આપે છે, અને તંદુરસ્ત બની જાય પછી એમને છોડી મૂકે છે. આવાં પક્ષીઓ તો તેનાં મિત્ર બની જાય છે. કોઈક વખત તેને બહારગામ જવાનું હોય, ત્યારે એના કુટુમ્બના સભ્યો આ કામ ચાલુ રાખે છે. આમ ૩૬૫ દિવસ આ અભિયાન પંદર વર્ષથી અટક્યા વિના ચાલુ જ છે.

જોસેફનું આ સત્કાર્ય એટલું તો બધું જાણીતું બની ગયું છે કે,એની આ વીશી ચેન્નાઈના ઘણા પ્રવાસીઓ માટે યાદગાર મુલાકાત લેવાનું સ્થળ બની ગઈ છે!

https://www.youtube.com/watch?v=FDqzE-ApAXs

સંદર્ભ –

https://www.thebetterindia.com/205287/chennai-unique-tourist-spot-parrots-parakeets-rescue-help-birdman-joseph-sekar-india/

https://www.newindianexpress.com/cities/chennai/2020/jun/22/chennais-birdman-c-sekar-makes-ends-meet-for-birds-amid-covid-19-lockdown-2159641.html

## જીવનનૌકાના નાવિક

બાંગ્લાદેશના ગાંધી તરીકે પ્રખ્યાત શ્રી. મહમ્મદ યુનુસ તો તેમને મળેલ નોબલ ઈનામથી વિશ્વ વિખ્યાત બની ગયા. પણ લગભગ એમના જ સમકાલીન સર ફઝલ આબિદ વિશે આપણે ત્યાં ખાસ જાણકારી નથી. એ ખોટ પૂરી કરવાનો આ પ્રયાસ છે.

૧૯૭૨માં પાકિસ્તાનથી છૂટા પડ્યા બાદ બાંગ્લાદેશની હાલત બહુ જ કફોડી હતી. વિશ્વના સૌથી વધુ ગરીબ દેશમાં તેની ગણતરી થતી હતી. પશ્ચિમ પાકિસ્તાને કરેલ આર્થિક તબાહી, યુદ્ધ અને દર સાલ આવતા ગંગા/ બ્રહ્મપુત્રા નદીના પૂરથી સર્જાતો વિનાશ – આ બધાં પરિબળોના કારણે બાંગ્લાદેશ માટે કોઈ ઊજળા ભાવિનાં એંધાણ જ ન હતા. એ વખતે ફઝલ સાહેબના જીવનની દિશા જ પલટાઈ ગઈ.

૨૭, એપ્રિલ – ૧૯૩૬ ના દિને સિલ્હટના બનિયાચોન્ગ ગામમાં અમીર કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. એમના મા બાપના ઉભય પક્ષે સમાજમાં

આગળ પડતો ભાગ અને નેતાગીરી લેનારાઓનો તોટો ન હતો. પણ ફઝલભાઈને કિશોરાવસ્થામાં મોટી મોટી સ્ટીમરો બાંધનારા થવાનું ઘેલું લાગ્યું હતું. આ મકસદથી ૧૮ વર્ષની ઉમરે તેઓ ઇન્ગ્લેન્ડના ગ્લાસ્ગોમાં ઉચ્ચ શિક્ષણ લેવા ગયા હતા. પણ ત્યાં ગયા પછી તેમને જણાયું કે, આ માટે માદરે વતનમાં (એ વખતે પૂર્વ પાકિસ્તાન) કારકિર્દી બનાવવા કોઈ શક્યતા ન હતી. આથી ૧૯૬૨માં તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઉપાધિ પ્રાપ્ત કરી. વતન પાછા ફરી તેઓ શેલ ઓઈલ કમ્પનીમાં જોડાઈ ગયા અને ઉત્તરોત્તર બઢતી પામતા ગયા.

પણ ૧૯૭૦ માં આવેલ અભૂતપૂર્વ પૂરના કારણે સર્જાયેલ તબાહી નિહાળી તેમનો અંતરાત્મા જાગી ગયો અને ઉચ્ચ સ્થાન પરની સવલતોમાંથી મન ઊઠી ગયું. તેમણે નોકરીની સાથે સાથે જનસેવાના કામોમાં સહાય કરવાનું શરૂ કર્યું. આ સાથે જ તેમના જીવન ધર્મની તેમને પ્રતીતિ થઈ ગઈ.

તરત જ શરૂ થયેલા, બાંગ્લાદેશના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે તેમને ત્યાં રહેવું હિતાવહ ન લાગ્યું અને ઇન્ગ્લેન્ડ જતા રહ્યા અને ત્યાં વૈભવી ફ્લેટમાં રહેવા લાગ્યા. ત્યાં પણ તેઓ સ્વદેશના સ્વાતંત્ર્ય માટેની પ્રવૃત્તિઓમાં જોડાયા.

બાંગ્લાદેશ સ્વતંત્ર થયા બાદ ફઝલ વતન પાછા ફર્યા. ભારતમાં હિજરત કરી ગયેલા નિરાશ્રિતો પાછા ફરતાં તેમને પુનર્વસવાટ કરાવવા અને પગભર કરવાની તાતી જરૂર ઊભી થઈ હતી. ફઝલે પોતાનો ઇન્ગ્લેન્ડ ખાતેનો ફ્લેટ વેચી દીધો અને પૂર્ણ રીતે નૈરૂત્ય બાંગ્લાદેશના સુલ્લા ખાતે આ કામમાં

જોડાઈ ગયા.     બસ, આ જ ઘટના અને ૧૯૭૨માં એક મહાન સંસ્થાની સ્થાપના થઈ ગઈ. ' Bangladesh Rehabilitation Assistance Committee'

ત્યાર પછીની આ સંસ્થાની પ્રગતિની ગાથા જગમશહૂર છે. ૨૦૦૨ ની સાલમાં આ સંસ્થાએ આંતરરાષ્ટ્રીય કામગીરી શરૂ કરી અને માત્ર બાંગ્લાદેશના ૮૪ જિલ્લાઓમાં જ  નહીં પણ એશિયા અને આફ્રિકાના ૧૦ પછાત દેશોમાં આ સત્કાર્ય ફેલાઈ ગયું.

'બ્રાક' સંસ્થા શિક્ષણ, સ્વાસ્થ્ય, નાની નાણાંકીય મદદ (micro-finance) માનવ અધિકાર, માનવ કૌશલ્ય વિકાસ અને ગૃહ ઉદ્યોગના ઉમદા ધ્યેયોને વરેલી છે.  તેમનું આ મહાન અભિયાન ઉપાડી લેવા બહુ મોટી ટીમ તેમણે તૈયાર કરી છે. ગરીબીની રેખાની નીચે જીવતાં લોકોની ( ખાસ કરીને સૌથી વધારે અસર જેમના જીવન પર થાય છે, તેવી દરિદ્ર મહિલાઓની) આ સંસ્થા તારણહાર છે. એમને દારૂણ પરિસ્થિતિમાંથી પગભર થઈ આગળ વિકાસ કરવા માટે એક વિશિષ્ઠ યોજના કાળક્રમે ઊભી થઈ છે, અને એનો લાભ લાખો વંચિતોને મળી રહ્યો છે.

વિશ્વભરની સંસ્થાઓએ એમના આ મહાન કામની કદર કરીને ૨૧ જેટલા એવોર્ડ આપી એમનું બહુમાન કર્યું છે – જેમાં રેમન મેગ્સેસે એવોર્ડ મુખ્ય છે. નેધરલેન્ડનો Order of Orange-Nassau  શાહી એવોર્ડ પણ તેમને એનાયત કરવામાં આવ્યો છે. ઇન્ગ્લેન્ડની રાણીએ એમને નાઈટહુડની ભેટ આપી છે, જેના કારણે એમના નામની આગળ 'સર' નો ખિતાબ જોડવામાં આવે છે.

જોરીનાનો એક જ નાનકડો દાખલો એમના મહાન કાર્યની સાક્ષી પૂરે છે. બાંગ્લાદેશના સાવ પછાત ગામમાં જન્મેલી જોરીનાને કોઈ શિક્ષણ મળ્યું ન હતું. ૧૫ વર્ષની ઉંમરે એનાં લગ્ન થઈ ગયાં અને પતિની ક્રૂરતાની હદ તો એ આવી કે, દારૂણ ગરીબીના કારણે બે બાળકો અને જોરીનાને છોડીને એ ભાગી ગયો. આપઘાત કરવાના નિર્ણય સુધી પહોંચી ગયેલી જોરીનાને 'બ્રાક'નો સહારો મળ્યો અને એનું જીવન પલટાઈ ગયું.

૨૦૦૫ માં એને પોતાના પગ પર ઊભા રહેવાની તાલીમ મળી અને અઠવાડિયે એક ડોલર, બે ગાય અને અઠવાડિક પ્રોત્સાહન માટે સ્વયંસેવકોના સહારા અને માર્ગદર્શન સાથે એના નવજીવનની શરૂઆત થઈ. આજે જોરીનાનું પોતાનું મકાન અને જમીન છે અને એ વિસ્તારમાં સૌથી મોટી દુકાન તે ચલાવે છે. આટલું જ નહીં; પોતાના જેવી અનેક પીડિતાઓની તે ઉધ્ધારક બની ફઝલની મશાલને આગળ ધપાવી રહી છે.

આવી ૨૦ લાખ મહિલાઓની જીવનમાં 'બ્રાક' ના પ્રયત્નોથી રોશની ઝળહળી ઊઠી છે.

૨૦૧૯ માં ઢાકા ખાતે શ્વાસ લેવાની તકલીફના કારણે તેમનું અવસાન થયું; પણ તેમના પુત્ર શર્મને તેમનો વારસો આગળ ધપાવ્યો છે. શર્મનના આ વિડિયો નિહાળી આપણે આ મહાન માનવ સેવકને અંજલિ અર્પીએ.

https://www.ted.com/talks/shameran_abed_4_steps_to_ending_extreme_poverty?

સંદર્ભ -

https://en.wikipedia.org/wiki/Fazle_Hasan_Abed

https://www.ted.com/talks/shameran_abed_4_steps_to_ending_extreme_poverty

https://en.wikipedia.org/wiki/BRAC_(organisation)

http://www.brac.net/

## ઝંવરથી નાનજિંગ

આશા ગોન્ડ - મધ્ય પ્રદેશના પન્ના જિલ્લાના નાનકડા ઝંવર ગામની આદિવાસી કન્યા; માંડ બે ટંકનું પેટિયુ રળતા, ગરીબીની રેખાની નીચે આયખું ગુજારતા કુટુમ્બની કન્યા. પણ ક્યાંથી ક્યાં પહોંચી ગઈ? છેક ચીનના નાનજિંગમાં - વાયા દિલ્હી અને ઇન્ગ્લેન્ડના ઓક્સફર્ડ શાયરનું વોન્ટેજ ગામ!

લો. એની વાત માંડીને –

ઝંવર ગામના ધર્મજ અને કમલા ગોન્ડની એ પુત્ર. માંડ ૧૨૦૦ માણસની વસ્તીવાળું એ ગામ. આવા પછાત વિસ્તારમાં એનું જીવન ચીલાચાલુ રીતે વીતી રહ્યું હતું. પણ ૨૦૧૫ની સાલમાં ઉલરિક રાઈનહાર્ડના દિમાગમાં એના ગામમાં સ્કેટ પાર્ક બનાવવાનો ધખારાએ જન્મ લીધો, અને આશા અને એના જેવાં ઘણાં બાળકોની જિંદગીમાં એક નવી શક્યતાની ઉષા પ્રગટી.

ઉલરિક ૧૯૬૦માં જર્મનીના હીડલબર્ગમાં જન્મી હતી. ટેલીવિઝન અને મિડિયાના વ્યવસાયમાં પાંગરેલી એની કારકિર્દીમાંથી કોઈક અનોખી પળે

એને વિશ્વસમાજના છેવાડાના માનવીઓમાં રસ પેદા થયો. એના પ્રતાપે ૨૦૧૨ ની સાલમાં તે ભારત આવી. ઉલરિકને શરૂઆતમાં તો ભારતના કોઈક પછાત વિસ્તારમાં એક નવી રસમની બુનિયાદી શાળા સ્થાપવી હતી. પણ ભારતના શિક્ષણ ક્ષેત્રની આગવી પરંપરાઓ અને મર્યાદાઓએ એના મગજમાં કાંઈક અવનવું કરવા વિચાર આવ્યો. આ જ ગાળામાં સ્કેટિંગ દ્વારા બાળકો અને યુવાનોમાં જાગૃતિ આણવાનો પ્રયાસ કરતી 'સ્કેલિસ્ટન' નામની સંસ્થાનો તેને પરિચય થયો. આમ તો ભારતના શહેરોમાં પણ આ રમત ખાસ પાંગરેલી નથી. પણ સાવ નાના અને છેવાડાના કોઈક ગામમાં આવી સવલત ઊભી કરવાનો નવતર પ્રયોગ કરવાનું ઉલરિકને સૂઝ્યું.

આ ધખારાના પરિણામે ઉલરિકે ઝંવર ગામમાં અદ્યતન સ્કેટ પાર્ક બનાવવાનું નક્કી કર્યું. સ્કેલિસ્ટન અને થોડાક સ્થાનિક નેતાઓના સહકારથી તેનો આ વિચાર અમલમાં મૂકી શકાયો. વિશ્વભરમાંથી આવેલી બાર ઉત્સાહી વ્યક્તિઓ અને સ્થાનિક પ્રજાના પરિશ્રમ અને સહકારથી એ સ્કેટ પાર્ક સ્થપાયો. બાળકોના અભ્યાસને વાંધો ન આવે તેમ અને કોઈ પણ જાતના જાતિભેદ વિના, આની તાલીમ આપવાનું શરૂ થયું. ખાસ કરીને છોકરીઓ આમાં જોડાય તેનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. બીજી નોંધવા જેવી વાત તો એ છે કે, ઉલરિકને પોતાને તો આ રમતની ખાસ આવડત ન હતી પણ આ તાલીમ માટે તેણે યુ -ટ્યુબના વિડિયોનો ભરપેટ ઉપયોગ કર્યો છે!

ઝંવરગામનાં આદિવાસી બાળકો કદી એમનાથી ઉચ્ચ વર્ણનાં બાળકો સાથે ભળી શકતાં ન હતાં. વર્ણાશ્રમ વ્યવસ્થા પર આધારિત મધ્ય પ્રદેશના પન્ના

જિલ્લામાં ગોન્ડ આદિવાસી પ્રજા સમાજના સાવ તળિયે છે. એમનાથી સહેજ ઊંચેની યાદવ જાતિ પણ એમને હલકા ગણે છે. શરૂઆતમાં તો ઉલરિકને ગામના ઉચ્ચ વર્ણના લોકોના ઉપહાસ અને અસહકારનો ઘણો સામનો કરવો પડ્યો. પણ છેવટે એ પાર્ક ધમધમતો બની ગયો અને નાતજાતના વાડાઓ તહસ નહસ થઈ ગયા.

આશાની જ વાત કરીએ તો તેની માતાને ધમકીઓ મળતી અને 'આ પરદેશી લોકો તેની દીકરીને ઊઠાવી જશે.'- તેવી ચેતવણીઓ પણ મળ્યા કરતી. પણ દિકરીમાં પ્રગટેલો ઉત્સાહ જોઈ તેણે આશાની પ્રગતિમાં સહકાર આપવા માંડ્યો. પડી જઈને માથું ભાંગવાની દહેશત ધીમે ધીમે ઓસરતી ગઈ અને આશા અવનવી તરકીબો શીખવા લાગી. બધા બાળકોમાં તેની આવડત સૌથી વધારે વિકસવા લાગી. આના પ્રતાપે તે સ્કેટબોર્ડિંગની સ્પર્ધાઓમાં ભાગ લેવા લાગી.

દેશના સીમાડાઓ ઓળંગી શકે તેટલો આત્મવિશ્વાસ તેનાં પ્રગટે, તે માટે આશાને તાલીમ આપવા ઉલરિકે તેને ઇન્ગ્લેન્ડના ઓક્સફર્ડ શાયરના વોન્ટેજ ગામના બટલર સેન્ટરમાં (વિશ્વવિખ્યાત ઓક્સફર્ડ યુનિ.થી ૨૪ કિ. મિ. દૂર) ટૂંકા ગાળા માટે જવાની વ્યવસ્થા પણ કરી આપી. ૨૦૧૮ ની સાલમાં તો આશા ચીનના નાનજિંગમાં વિશ્વસ્પ્રર્ધામાં ભાગ લેવા પહોંચી ગઈ!

બીજા ઉત્સાહીઓના સહકારથી હવે તો આશાએ 'Barefoot Skateboarders' નામની સંસ્થા સ્થાપી છે, અને ઝંવર ગામના બાળકોમાં જાગૃતિ આણી છે.

https://www.youtube.com/watch?v=LY4CyqtPwrk

અને...... આશા ન્યુ યોર્કના ટાઈમ સ્ક્વેરમાં !

https://www.youtube.com/watch?v=KIbI-Q4eGAE

આવા જ કથા વસ્તુ વાળી આ હિન્દી ફિલ્મ 'સ્કેટર ગર્લ' જોઈ ત્યારે આશાની વાત જાણવા મળી હતી. આશા ગોન્ડની વાત સૌ શહેરીજનોએ સમજવા જેવી છે. ભારત દેશની મહત્તમ વસ્તીના જીવનનો એમાં વાસ્તવિક ચિતાર છે. પણ સાથે સાથે એમાં ધરબાઈને રહેલી અદભૂત શક્યતાઓ અને ઊજળા ભાવિ માટેની અભિપ્સાઓ પણ એટલી જ પ્રસ્તુત છે.

સંદર્ભ -

https://en.wikipedia.org/wiki/Asha_Gond

https://en.wikipedia.org/wiki/Skater_Girl

http://thevibe.asia/high-rollers-little-hearts-meet-the-indian-teens-who-are-all-set-to-star-at-the-world-skatepark-world-championship-in-china/

https://www.npr.org/sections/goatsandsoda/2021/06/11/1005499252/skateboarding-gives-freedom-to-rural-indian-teen-in-netflix-film-and-in-real-lif

# દિવ્યાંગ દિવ્યાની પ્રતિભા

૧૯૮૭

સુજલે પતિ રવીન્દ્રને કહ્યું ,"ચોક્કસ દિવ્યા જોઈ શકતી નથી." ડો. રવીન્દ્ર આ વાત માની ન શક્યા. સુજલ પણ ડોક્ટર જ હતી – એનેસ્થેટિસ્ટ. અને રવીન્દ્ર? – આંખનો જ સર્જન! મુંબઈ નજીક વસાઈમાં બન્નેની ધીકતી પ્રેક્ટિસ ચાલતી હતી. પણ એમને માથે આભ ટૂટી પડ્યું. દિવ્યા - માત્ર એક જ મહિનાની, પરાણે વ્હાલી લાગે એવી ઊગી રહેલી કળી અને જીવન ભરનો કારમો અંધાપો.

બીજા જ દિવસે ડો. રવીન્દ્રે જાતે દિવ્યાની આંખ તપાસી જોઈ. તેના જ્ઞાન મુજબ તેને ખાતરી થઈ ગઈ કે, આંખને મગજ સાથે જોડતા જ્ઞાનતંતુમાં જન્મજાત ખામીના કારણે દિવ્યા જિંદગીમાં કદી જોઈ નહીં શકે. ડો. રવીન્દ્ર દિવ્યાને મુંબઈના શ્રેષ્ઠ સર્જનો પાસે લઈ ગયા. પણ આશાનું કોઈ જ કિરણ દિવ્યાની અંધાર કોટડીને અજવાળી શકે તેમ ન હતું. અઠવાડિયા સુધી સુજલ અને રવીન્દ્ર માટે ઊંઘ હરામ થઈ ગઈ. શી રીતે દિવ્યાની આખી જિંદગી પસાર થશે? શી રીતે?

પણ આ આપત્તિ સામે  ઝૂકે એવા એ દમ્પતિ ન હતાં. આ દુઃસહ્ય આઘાતને એમણે જીરવી લીધો અને નિર્ધાર કર્યો કે, દિવ્યાના વિકાસમાં સહેજ પણ પાછી પાની કરવાની નથી.

૨૦૦૨

વસાઈની સેન્ટ પિટર હાઈસ્કૂલમાંથી દિવ્યાએ ૮૭ % માર્ક સાથે એસ.એસ.સી.ની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી છે અને અંધજનો માટેની રાષ્ટ્રીય સંસ્થાએ (NAB) તેનું બહુમાન કર્યું છે. શાળાના બધાં વર્ષોમાં દિવ્યા અવ્વલ નંબર જાળવતી આવી છે. કે.જી. માં દાખલ પણ નહોતી થઈ ત્યારથી સુજલ મોટી દીકરી અદિતિને ભણાવતી હોય ત્યારે દિવ્યા તેની લગોલગ બેસીને નવું નવું જાતે શીખી લેતી. આ કારણે એને સીધો પહેલા ધોરણમાં પ્રવેશ મળી ગયો હતો. ભલે કુદરતે એને દૃષ્ટિનું સૌભાગ્ય આપ્યું નથી, પણ તેને અંતરની ચબરાક આંખ આપી છે.

ભણતરની સાથે સાથે એને સંગીત માટે પણ ગજબની લગની છે. અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયમાંથી તે કંઠ્ય સંગીતની પાંચ પરીક્ષાઓ પણ પસાર કરી ચૂકી છે, અને હાર્મોનિયમ સરસ રીતે બજાવી શકે છે.

સુખી માબાપની સાથે દિવ્યા માથેરાન, મહાબળેશ્વર, કોડાઈકેનાલ અને સિંગાપુર પણ ફરી આવી છે. દરેક સ્થળના અવાજો અને સુગંધો પંદર વર્ષની આ કિશોરીના દિલો દિમાગમાં તરબતર છે. પૂણેમાં ડોકટર થવાની ખ્વાહેશ રાખી ભણતી બહેન અદિતિની જેમ દિવ્યાને પણ લોકોની સેવા કરવાના અભરખા છે. આ માટે તેણે ફિઝિયોથેરાપીની તાલીમ આપતી અંધ જન સંસ્થામાં પ્રવેશ મેળવી લીધો છે. બે વર્ષમાં તેને એનો ડિપ્લોમા મળી જવાનો છે.

૨૦૨૦

દિવ્યાની ગાયકી પણ મરાઠી ફિલ્મમાં ઝળકી ઊઠી છે. શરીરનાં અંગોનાં દાન બાબત સર્જાયેલી મરાઠી ફિલ્મ 'વિકુન તાક' ફિલ્મ માટે તેણે ' ચંદવા…' શબ્દ વાળું એક સુમધુર ગીત ગાયું છે. એન જ પ્રતાપે દિવ્યાનો ડંકો મિડિયામાં ગાજતો થયો છે.

અલબત્ત તકલીફમાં હોય એવા લોકોની સુશ્રુસા કરવાનું તેનું સ્વપ્ન પણ સાકાર થયું જ છે. વસાઈમાં જ તેનું પોતાનું ફિઝિયોથેરાપી ક્લિનિક છે.

https://www.youtube.com/watch?v=ym-QeV0bcwU

દિવ્યાની દિવ્ય દૃષ્ટિને સો સલામ

સંદર્ભ -

http://timesofindia.indiatimes.com/articleshow/21588201.cms?utm_source=contentofinterest&utm_medium=text&utm_campaign=cppst

https://www.outlookindia.com/newsscroll/visuallychallenged-singer-records-for-marathi-film/1707290

# નરેન્દ્ર સાંઢ

નરેન્દ્ર નામથી કયો ભારતીય નાગરિક અજાણ હશે? પણ આ વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નથી; અને નરેન્દ્રનાથ ( વિવેકાનંદ) ની પણ નથી! એટલે જ એ વિશિષ્ઠ પ્રતિભાને યોગ્ય રીતે ગુજરાતી વાચકોને જ્ઞાત કરવા આ શિર્ષક વાપર્યું છે. હા! સ્વ. નરેન્દ્રકુમાર શર્મા સાંઢ (Bull) તરીકે વધારે જાણીતા હતા.

૨૦૨૦ ની ૩૧ ડિસેમ્બરે દિલ્હીમાં અવસાન પામેલ એ સાંઢ  ૧૯૩૩ ની સાલની ૮ મી ડિસેમ્બરે રાવલપિંડીમાં જન્મ્યો હતો. એમની જીવન કથની માનવ શરીરમાં સાંઢની તાકાતનું આપણને નિદર્શન કરાવે છે. એમની એ જીવનશૈલીની શરૂઆત કિશોરાવસ્થાથી જ શરૂ થઈ ગઈ હતી. માત્ર તેર જ વર્ષની ઉમરે એણે  પેરીસ ખાતે યોજાયેલ વિશ્વ સ્કાઉટ જમ્બોરીમાં એ વખતના સંયુક્ત પંજાબ રાજ્યના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. જીવનભર એણે એ ખમીર જાળવી રાખ્યું હતું.

પેરીસથી પાછો ફર્યો ત્યારે નરેન્દ્રને સ્ટીમરમાંથી મુંબઈ ઉતારવામાં આવ્યો હતો અને એની સાથેના મુસ્લીમ કિશોરોને કરાંચીમાં. કારણ? એ વખતે અખંડ ભારત દેશ બે ભાગમાં વિભાજિત થઈ ગયો હતો. એનું કુટુંબ તો ઘણા સમય પછી શિમલામાં સ્થાયી થયું હતું. ૧૯૫૦ની સાલમાં નરેન્દ્ર ભારતીય લશ્કરમાં ભરતી થઈ ગયો. લશ્કરની બોક્સિંગની એક સ્પર્ધામાં એનું લડાયક ખમીર ઝળકી ઊઠ્યું અને ઘણા પ્રતિસ્પર્ધીઓને એણે ચીત કરી દીધા. ત્યારથી એના નામ સાથે  'સાંઢ'નું ઉપનામ વળગી ગયું! ત્યાર બાદ ભાગ્યે જ એ નરેન્દ્ર શર્મા તરીકે ઓળખાતો હતો!

૧૯૫૪માં  દહેરાદૂનની લશ્કરી સંસ્થામાંથી ઉત્તીર્ણ થઈ તે કુમાઉં રાઈફલ્સમાં ભરતી થયો હતો. ત્યારથી જ ઊંચાઈવાળા પ્રદેશોમાં જીવન પસાર કરવાની એની તવારીખ ચાલુ થઈ, જે જીવન ભેર ચાલુ રહીઅને પહાડીઓ માટેનો એનો પ્રેમ જાગી ઊઠ્યો. ૧૯૫૮માં દાર્જિલિંગમાં હિમાલયન માઉન્ટેનિયરિંગ સંસ્થામાં તાલીમ લેવા પ્રવેશ મળે તે માટે નરેન્દ્રે  પોતાની

શિયાળુ વેકેશનને પણ તિલાંજલી આપી દીધી હતી. એવરેસ્ટ વિજેતા તેનસિંગ નોર્ગેનો તે માનીતો વિદ્યાર્થી હતો. જીવનભર બન્ને ખાસ મિત્રો બની રહ્યા હતા.

આ જ લાયકાતના કારણે લશ્કરના અધિકારીઓને પર્વતખેડુ તાલીમ આપવા માટે તેની નિમણૂંક થઈ હતી. તેનસિંગની સૂચનાથી તેની ટીમે ૨૩,૩૬૦ ફૂટ ઊંચાઈ વાળા ત્રિશૂલ શિખરને સર કરવાનું બીડું ઝડપ્યું હતું અને બહુ ટાંચા સાધનોથી એ કામ પાર ઉતાર્યું હતું.

તરત જ ૧૯૫૯માં એવરેસ્ટ શિખર સર કરવા માટેની પહેલી ટૂકડીનો તે નેતા બન્યો હતો પણ ૨૮,૭૦૦ ફૂટની ઊંચાઈએથી એમને પાછા વળી જવું પડ્યું હતું. પણ આટલી ઊંચાઈએ સ્વદેશી અભિયાનથી પહોંચનાર પહેલો ભારતીય નરેન્દ્ર સાંઢ હતો.

અને આમ ને આમ જ નરેન્દ્રની પર્વત પ્રીત વધતી રહી. ૧૯૬૧માં નીલકંઠ શિખર સર કરવાના અભિયાનમાં કાતિલ ઠંડીના કારણે તેના પગની ચાર આંગળીઓ થીજીને ખરી પડી હતી. પણ એવી હરકતોથી હિમ્મત હારે તો એ સાંઢ શેનો ? નંદાદેવી શિખર સર પહેલી વાર સર કરવાના ભારતીય અભિયાનને તેણે નેતૃત્વ આપ્યું હતું . આની ચરમસીમા રૂપે ૧૯૬૫માં તેણે એવરેસ્ટ સર કરનાર પહેલી ભારતીયને નેત્રુત્વ આપ્યું હતું.

આવી તો અનેક સિદ્ધિઓથી આ સાંઢની આખી જીવનગાથા ભરપૂર છે. એમાં એન્ટાર્કટિકાની યાત્રા પણ સામેલ છે! લડાખમાં સિયાચીન હીમનદી વિસ્તારની એની કામગીરીના કારણે જ ભારતીય લશ્કર ત્યાં પોતાનો

કાયદેસરનો કબજો અમલમાં મૂકી શક્યું હતું. ૧૯૮૪ માં નિવૃત્ત થયો ત્યાં સુધી આ સાંઢને સતત પહાડીઓનો સાદ પ્રેરતો જ રહ્યો છે . Indian Army's High Altitude Warfare School. ના કમાન્ડિન્ગ ઓફિસર તરીકે તેણે આપેલી સેવાઓ કાબિલે દાદ છે. નરેન્દ્રે સિયાચીન વિસ્તારની એકઠી કરેલી સામગ્રીના આધાર પર જ ભારત સરકાર એ વિસ્તાર પર અધિકૃત કબજો જમાવવા માટેનું ઓપરેશન મેઘદૂત શરૂ કરી શકી હતી.

અંગત જીવનની વાત કરીએ તો ૧૯૬૬ માં નરેન્દ્રે મૃદુલા સદાશિવ સાથે પ્રભુતામાં પગલાં ભર્યાં હતાં. તેમની દીકરી શૈલજા પણ પિતાના પગલે શિયાળુ ઓલમ્પિક રમતોની ખેલાડી છે. તેમનો દીકરો અક્ષયકુમાર પણ પર્વત ખેડવાના પ્રવાસનની કમ્પની ચલાવી રહ્યો છે.

ભારત સરકારના પ્રતિષ્ઠિત પદ્મશ્રી એવોર્ડ અને બીજા એવોર્ડો નરેન્દ્રને ઉચિત રીતે જ મળેલા છે. પણ સિયાચીનમાં ભારતીય લશ્કરના મુખ્ય થાણાને કુમાર બેઝ નામ આપવામાં આવ્યું છે – એ એની કામગીરીની સૌથી વધારે શાનદાર કદર છે.

સંદર્ભ -

https://timesofindia.indiatimes.com/india/the-bull-who-secured-siachen-for-india-dead/articleshow/80061218.cms

https://en.wikipedia.org/wiki/Narendra_Kumar_(mountaineer)

## પગ કપાયો તેથી શું?

૧૯૮૯ માં જન્મેલી, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરના નિવૃત્ત વૈજ્ઞાનિક ગીરીશચન્દ્ર જોશીની દીકરી માનસી વ્યવસાયે તો ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર છે. છ વર્ષની ઉંમરથી તે બેડ્‌મિન્ટન પણ રમતી હતી. પણ એ તો એક શોખ તરીકે જ. પોતાના કામમાં કાંઈક કરી શકવાનાં સપનાં તે સેવતી હતી.

પણ તે  ૨૨ જ વર્ષની હતી ત્યારે ૨૦૧૧ની સાલમાં તેના માથે આભ ટૂટી પડ્યું. અમદાવાદમાં બાઈક ચલાવતાં ખટારા સાથે અકસ્માત થતાં તેના ડાબા પગમાં ગંભીર ઈજા થઈ. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર પછી ડોક્ટરોને એમ લાગ્યું કે, તેનો પગ બચાવી ન શકાય એટલો ટૂટી ગયો હતો. છેવટે એ પગ ઢીંચણ આગળથી કાપી જ નાંખવો પડ્યો. આમ અપંગ થઈ જીવવા કરતાં મરી જવું સારૂં;  એવી હતાશામાં માનસી ડૂબી ગઈ. રૂઝ આવી જતાં સુખી કુટુમ્બની માનસીને બહુ ખર્ચાળ એવો પ્રોસ્થેટિક પગ નાંખવામાં આવ્યો. ધીમે ધીમે હતાશા ખંખેરી નાંખી તેણે ઊભા રહેવાની અને ચાલવાની તાલીમ લેવાની શરૂ કરી. હવે તેને બેડમિન્ટન યાદ આવી ગયું. કૃત્રિમ પગમાં તાકાત અને કૌશલ્ય મેળવવા તેણે બેડમિન્ટન રમવાનું શરૂ કર્યું.

આ સાથે જ તેના જીવનમાં એક અદભૂત વળાંક આવી ગયો. પોતાના વ્યવસાયની સાથે સાથે તેણે  રમતમાં વધારે ધ્યાન આપવા માંડ્યું. કમ્પનીની રમત સ્પર્ધામાં તેણે ભાગ લીધો અને સારો દેખાવ કરી શકી. બસ! હવે તેનો જુસ્સો ન રોકાય તેવો અસીમ બની ગયો. રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની અપંગો

માટેની સ્પર્ધામાં તે ભાગ લેવા માંડી અને મેડલો જીતતી ગઈ. હવે એની ગણના રાષ્ટ્રીય કક્ષાની ખેલાડી તરીકે થવા લાગી. ૨૦૧૭ માં સ્પેનમાં માડ્રીડ ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તેને કાંસ્ય ચન્દ્રક એનાયત થયો. ૨૦૧૯માં સ્વિટ્ઝર્લેન્ડના બેસલ ખાતે તે સુવર્ણ ચન્દ્રક પણ જીતી અને ગુજરાત અને દેશનું ગૌરવ શિખર પર પહોંચાડી દીધું.

ધન્ય છે માનસી - તને સલામ !

માનસી માને છે કે, ૨૦ થી ૫૦ લાખની કિમતનો આ કૃત્રિમ પગ સામાન્ય માણસને પણ પોસાઈ શકે, તે માટે સમાજ અને સરકારે કાંઈક કરવું જોઈએ.

https://www.youtube.com/watch?v=YTHP4YNXYFo

માનસી જોશી જેવી ઘણી વ્યક્તિઓ છે કે, જેમના શક્તિમાન બનીને જીવવાના ધખારાને કુદરતી કે જન્મજાત આપત્તિ રોકી શકતી નથી.

આવો જ એક દાખલો જેસિકા લોન્ગનો છે – જે રશિયાના સાઇબિરિયામાં બન્ને પગમાં ખોડ સાથે જન્મી હતી, અને અનાથાશ્રમમાં સબડતી હતી. તેના સદનસીબે અમેરિકાના સુખી લોન્ગ દમ્પતીએ તેને દત્તક લીધી અને પોતાનાં બીજાં બાળકોની જેમ જ તેનો મુક્ત ઉછેર કર્યો. ૨૦૦૪ની સાલમાં એથેન્સ ખાતે પેરલેમ્બિક ઓલિમ્પિકમાં ૧૨ જ વર્ષની ઉમરે તે ત્રણ સુવર્ણ ચન્દ્રક જીતી હતી. ૨૦૦૬ની સાલમાં દક્ષિણ આફ્રિકાના ડર્બનમાં યોજાયેલી દિવ્યાંગોની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તો તે સાત સુવર્ણ ચંદ્રક જીતી હતી.

આવાં સૌ દિવ્યાંગો આપણને ગૌરવભેર  જીવવાનો મહાન સંદેશ આપી જાય છે ને?

સંદર્ભ -


https://timesofindia.indiatimes.com/sports/badminton/never-let-amputated-leg-become-an-obstacle-on-court-manasi-joshi/articleshow/74653438.cms

https://en.wikipedia.org/wiki/Manasi_Girishchandra_Joshi

https://www.indiawest.com/sports/para-shuttler-manasi-joshi-prosthetics-limbs-should-be-subsidized/article_818b1662-3448-11e8-8a8a-43cd1579dcbf.html

https://en.wikipedia.org/wiki/Jessica_Long

# પવનમાંથી પાણી

૨૦૦૨

દેશી ચીકણા લાકડાવાળા ઝાડની મજબૂત ડાળીઓને દોરડા વડે બાંધીને એક ઊંચો  માંચડો બનાવેલો હતો. પ્લાસ્ટિકની જાડી પાઈપોને કાપી-સીધી કરીને બનાવેલી ચાર વાંકા પાંખિયાંવાળી એક પવનચક્કી એની ઉપર આડી મૂકેલી હતી. એની ધરી સાથે સાઈકલનું પાછલું પૈડું જોડેલું હતું. એ પૈડાંની રબરના ટાયર પર સાઈકલની લાઈટ માટેનો ડાયનેમો ફરી શકે તે રીતે રાખેલો હતો. ડાયનેમોના વાયર જમીન પર મૂકેલી, કબાડી બજારમાંથી લાવેલી, ૧૨ વોલ્ટની બેટરી સાથે જોડેલા હતા.

બધી તૈયારી પૂરી થઈ એટલે દોરડાંની ગાંઠ છોડી, વિલિયમે પવનચક્કીને ફરવા માટે મુક્ત કરી દીધી. અને બાપુ, પંદર વર્ષના વિલિયમની  પવનચક્કી તો ફરવા માંડી હોં! ડાયનેમોના પાવરથી બેટરી ચાર્જ થવા માંડી. એકાદ કલાક પછી, વિલિયમે બેટરી સાથે સાઈકલનો હેડ લેમ્પ લગાડી જોયો. એમાંથી ધોળે દહાડે પણ પ્રકાશનાં કિરણો નીકળવાં લાગ્યાં.

હરખઘેલા બની ગયેલા વિલિયમે  ભંગારમાંથી મળેલા પાણીના પમ્પની મોટરની સ્વિચ ‘ઓન’  કરી બેટરી સાથે જોડી. પમ્પ ફરવા લાગ્યો. એક જ મિનિટ અને પમ્પની પાઈપમાંથી પાણીનો ધધૂડો નીચે તૈયાર રાખેલી નીકમાં વહેવા લાગ્યો. ભૂખી ભંઠ ધરાને ખેડીને તૈયાર રાખેલા ક્યારાઓ પાણીથી

ભરાવા લાગ્યા. વિલિયમની મા, બાપુજી અને પાડોશી ખેડૂતોના કુટુમ્બીઓએ વિલિયમને આનંદથી વધાવી લીધો.

દસેક દિવસ પછી એ ક્યારાઓમાં કાળજીથી વાવેલાં શાકભાજી અને ધાન્યના બીજમાંથી અંકૂર ફૂટી નીકળ્યા. કારમા દુકાળમાં સૂકાયેલી, વેરાન રણ જેવી બની ગયેલી ધરતીના એક ખૂણે હરિયાળી લહેરાવા લાગી.

૧૯૮૭માં મલાવીના કસુંગુ શહેરથી ૩૫ કિ.મિ. દૂર આવેલા સાવ નાના ગામ વિમ્બેમાં એક ગરીબ ખેડૂતના ઘેર જન્મેલા વિલિયમ કાંકામ્બ્વાની આ વાત છે. કિશોરાવસ્થામાં આવ્યા બાદ જાતજાતના હુન્નરમાં તેને રસ પડવા લાગ્યો હતો અને તે આડોશ પાડોશીઓના રેડિયો પણ રિપેર કરી આપતો હતો. માબાપ ગામની શાળામાં તેની ફી શક્યા ન હતા, એટલે બીજા ઘણા વિદ્યાર્થીઓની જેમ એને નિશાળમાંથી રૂખસદ આપવામાં આવી હતી.

પણ તીનપાટિયા નિશાળની સાવ નાની લાયબ્રેરીની જમાના જૂની ચોપડીમાંથી પવનચક્કી વડે વિજળી પેદા કરી શકાય એવું અને વિજળીના વિવિધ ઉપયોગો વિશે જ્ઞાન તેને મળ્યું હતું. એ આછી પાતળી જાણકારી અને પોતાનામાં ધરબાઈને પડેલી કોઠાસૂઝના પ્રતાપે વિલિયમે ઉપર દર્શાવેલો ચમત્કાર સર્જ્યો હતો.

વિલિયમમાં રહેલી જન્મજાત સર્જનશક્તિથી ભૂખમરા અને વિનાશના આરે આવીને ઊભેલા એના કુટુમ્બના જ નહીં, પણ ગામમાંથી શહેર ભણી હિજરત ન કરી ગયેલા પાડોશીઓના ખેતરો પણ હરિયાળાં બની ગયા હતાં. ‘હવે મોતના

મુખમાંથી બચી શકાશે, તેવી આશાની હરિયાળી એ મહેનતકશ, અદના આદમીઓના દિલો દિમાગમાં પણ લહેરાવા લાગી હતી.

આમ તો આ સાવ નાની ઘટના જ હતી. પણ વિલિયમના દિમાગમાં થયેલો એ ચમકારો નાનો સૂનો ન હતો. એની આ સફળતાની વાત ચારેકોર ફેલાઈ ગઈ. મલાવીની સરકાર તરફથી એને ઘણી મોટી આર્થિક સહાય અને માર્ગદર્શન પણ મળવાં લાગ્યાં. થોડાક વખત પછી તેણે સૂર્ય શક્તિથી ચાલતો મોટો પમ્પ પણ ચાલુ કર્યો અને આખા ગામની ધરતી નવ પલ્લવિત થવા લાગી. હવે ઘેર ઘેર પાઈપ વડે પાણી મળતું થઈ ગયું. કહેવાની જરૂર નથી કે, ૧૨ મીટર ઊંચા ટાવર પર મૂકેલી પવનચક્કીએ વિલિયમની એ પહેલી, તિનપાટિયા ચક્કીનું સ્થાન લઈ લીધું છે!

હવે વિલિયમના વિકાસની આડેના બધા અંતરાયો દૂર થઈ ગયા. ૨૦૦૬ની સાલમાં મલાવીના મૂખ્ય આર્થિક નગર બ્લેન્ટાયરના દૈનિકમાં એની કહાણી છપાઈ અને વિલિયમ સોશિયલ મિડિયામાં ઝગમગવા લાગ્યો. ૨૦૦૭માં ટાન્ઝાનિયાના અરૂષામાં યોજાયેલી TED conference માં પણ વિલિયમે ભાષણ આપ્યું. ૨૦૦૯ માં ઘાનામાં યોજાયેલા Maker Faire Africa માં વિલિયમને તેના પ્રયોગોની રજૂઆત કરવાનું આમંત્રણ મળ્યું. આ બધાના પ્રતાપે મલાવીના પાટનગર લિલોન્ગ્વેમાં વિલિયમનું ભણતર શરૂ થઈ ગયું. હવે તેની જ્ઞાન પીપાસાને એક્સપ્રેસ હાઈવે મળી ગયો.

૨૦૧૪ માં વિલિયમ કાંકામ્બ્વા અમેરિકાના ન્યુ હેમ્પશાયરના હેનોવર શહેરમાં આવેલી ડાર્ટમાઉથ કોલેજમાંથી સ્નાતક બની ગયો. તેણે પોતાની આત્મકથા પણ લખી છે - ‘ The boy , who harnessed the wind’

૨૦૧૯માં આ આત્મકથાના આધાર પરથી એક સરસ વિડિયો ફિલ્મ પણ બનાવવામાં આવીછે. આ રહી.

https://www.youtube.com/watch?v=aADLZwkNm5o

સંદર્ભ -

https://en.wikipedia.org/wiki/William_Kamkwamba

https://en.wikipedia.org/wiki/The_Boy_Who_Harnessed_the_Wind

https://www.ted.com/talks/william_kamkwamba_how_i_built_a_wind mill?language=en

## પાઈલોટ નં. # ૧

વિમાન ચલાવવાની તાલીમ લીધા પછી મોટર વેહિકલની જેમ પાઈલોટ તરીકેનું લાયસન્સ આપવામાં આવે છે. ભારતના પાઈલોટ નં.૧ કોણ હતા?

# જહાંગીર રૂસ્તમજી ટાટા

૧૦. ફેબ્રુઆરી – ૧૯૨૯ ના દિવસે ભારતના એ પ્રથમ પાયલોટ બન્યા હતા. અલબત્ત એમના જીવનમાં વિમાન ઊડાવવા કરતાં ઘણી મોટી ઘટનાઓ બની હતી અને ઘણી મોટી સિદ્ધિઓ તેમણે પ્રાપ્ત કરી હતી. એર ઇંડિયાની સ્થાપના તો તેમના કાર્યકાળની એક સાવ નાની બાબત રહી છે. પણ એમના જીવનની આ ઓછી જાણીતી ઘટનાની જાણ વાચકોને કરવી છે.

ઇસ્માઈલી ખોજા સમાજના વડા નામદાર આગાખાને વિમાન ચલાવવાની કુશળતાનો ભારતમાં વ્યાપ થાય એ ઈરાદાથી ૫૦૦ પાઉન્ડના એક ઈનામની જાહેરાત કરી હતી. ભારત અને ઇન્ગ્લેન્ડ વચ્ચે એકલા હાથે વિમાન ઊડાવી સૌથી પહેલાં સફર પૂરી કરનાર પાયલોટને તે ઈનામ એનાયત કરવામાં આવનાર હતું. ૧ જાન્યુઆરી -૧૯૩૧ સુધીમાં આ સ્પર્ધા જારી રહેવાની હતી.

પચીસ વર્ષની ઉમરના જહાંગીરે આ બીડું ઝડપી લીધું. એ વખતના અખંડ ભારતમાંથી ત્રણ જણે આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઝંપલાવ્યું હતું. જહાંગીર ઉપરાંત રાવલપિંડીના સિવિલ એન્જિનિયર મનમોહનસિંહ અને કરાંચીના એસ્પી મેરવાન એન્જિનિયર પણ આ સ્પર્ધાના ઉમેદવાર હતા. જહાંગીર

કરાંચીથી લન્ડન ઊડવાના હતા; જ્યારે બાકીના બે લન્ડનની ભારત. મનમોહન સિંહે આ માટે બે પ્રયત્નો કર્યા હતા. પણ બન્નેમાં એમના વિમાનને અકસ્માત ઊતરાણ કરવું પડ્યું હતું અને તેઓ સફર પૂરી કરી શક્યા ન હતા.

પણ ૧૭ જ વર્ષના એસ્પી વધારે નસીબવાન હતા. ૨૫ એપ્રિલ ૧૯૩૦ ના રોજ એ લન્ડનથી ઊડ્યા હતા. લિબિયાના બેન ગાઝીમાં એમના પ્લેનને તકલીફ નડી હતી. છતાં એ બેળે બેળે ઇજિપ્તના અલેક્ઝાન્ડ્રિયા તો પહોંચી જ ગયા હતા. પણ એમના વિમાનને જરૂરી સ્પાર્ક પ્લગ ત્યાં મળે તેમ ન હતું. ઘણા બધા દિવસો સુધી પ્રયત્નો કર્યા છતાં એમને જરૂરી સ્પાર્ક પ્લગ ઇજિપ્તમાંથી મળી શકયા ન હતા અને તે નિરાશ થઈ ગયા હતા.

આ જ ગાળામાં જહાંગીર કરાંચીથી ૩ જી મે – ૧૯૩૦ના રોજ નીકળ્યા હતા. એમને પણ માર્ગમાં ઘણી તકલીફો પડી હતી. પણ એ બધી પાર કરતાં તેઓ પણ અલેક્ઝાન્ડ્રિયાના એરપોર્ટ પર પહોંચી ગયા. એમના આશ્ચર્ય વચ્ચે એમને બીજું વિમાન ત્યાં પાર્ક કરેલું જોવા મળ્યું. નિરાશ વદનના એસ્પીએ જહાંગીરને પોતાની સમસ્યા જણાવી. વિમાન ચલાવવા ઉપરાંત આવી તકલીફો માટે જહાંગીરની તૈયારી વધારે આયોજનપૂર્વકની હતી. એમની પાસે આવી તકલીફો માટે ઘણી બધી પૂર્વ તૈયારી હતી. તેમણે ખેલદિલીપૂર્વક પોતાની પાસેના આઠ સ્પાર્ક પ્લગમાંથી ચાર એસ્પીને આપ્યા. બન્ને હસ્તધૂનન કરીને છૂટા પડ્યા. એસ્પીએ ભારત તરફ અને જહાંગીરે લન્ડન તરફ પોતપોતાની સફર શરૂ કરી.

પણ જહાંગીરના વિમાનમાં ઇટાલીના નેપલ્સ નજીક તકલીફ ઊભી થઈ અને તેમણે ત્યાં ઊતરાણ કરવું પડ્યું. એ મિલિટરીનું એરપોર્ટ હતું અને ત્યાં એમને ઊતરાણ કરવા અને ફરી ઊડવા પરવાનગી મેળવવામાં ચાર કલાક વીતી ગયા. આના કારણે એસ્પી એમના કરતાં વહેલાં ભારત પહોંચી ગયા અને વિજયી જાહેર થયા! માત્ર અઢી કલાક મોડા પહોંચવાના કારણે જહાંગીરે એ તક ગુમાવી. પણ જે આર.ડી.ની ખાનદાનીની આ ગાથા અમર બની ગઈ.

એ દિલાવરીની વાત હજી પૂરી નથી થઈ. આ ઘટનાના ૨૭ વર્ષ બાદ - ૧૯૫૭માં જહાંગીરે સ્થાપેલી એર ઇંડિયાની રજત જયંતિના ટાણે એસ્પીએ જહાંગીરને મુબારકબાદીનો સંદેશ મોકલ્યો હતો. એ વખતે જહાંગીર તો ટાટા ગ્રુપના ચેરમેન પદે હતા અને એસ્પી પણ ભારતના હવાઈ દળના એર વાઈસ માર્શલ પદે વિરાજમાન હતા.

એ સંદેશાના જવાબમાં જહાંગીરે પણ એ યાદ કર્યું હતું કે, સ્પર્ધા પત્યા બાદ જહાંગીર પાછા ભારત આવ્યા અને કરાંચીમાં ઊતરાણ કર્યું ત્યારે એર ફોર્સમાં જોડાયેલા એસ્પીએ એમના કેડેટો સાથે એમનું સ્વાગત કરી બહુમાન કર્યું હતું.

આવી ખેલદીલી અને દિલાવરી જ મહાન માણસોની ખરેખરી મહાનતા નથી વારુ?

# પૂજારીમાંથી અબજોપતિ

૧૯૭૪ ના તે દિવસે  ૧૩ વર્ષના નરેન્દ્રે જનમંગલ સ્તોત્રનું રટણ ૫૦૦મી વખત પૂરું કર્યું. આમ તો આ સ્તોત્રના રટણથી જીવનની વિટંબણાઓ દૂર થઈ જાય છે, એમ માનવામાં આવે છે, પણ નરેન્દ્ર માટે તો તે જરૂર કલ્યાણકારી હતું. ભૂજના સ્વામીનારાયણ ગુરૂકૂળમાં ૧૦૦ રૂ. ની ફી માંડ  ભરી શકતા નરેન્દ્ર માટે ભાવિક ભક્તો માટે આ સ્તોત્ર વારંવાર ગાઈ, એમાંથી મળતી દક્ષિણાની રકમ ગાડાનાં પૈડાં જેવડી મોટી હતી.  એ વખતે નરેન્દ્ર પાસે પહેરવાના જોડા પણ ન હતા. એક વખત તો વૈશાખના તાપથી તપેલી જમીન પર ચાલવાના ત્રાસથી છૂટકારો મેળવવા નરેન્દ્રે  મંદિરના આંગણામાંથી જોડા પણ કમને ચોરવા પડ્યા હતા.

૧૯૬૧ માં જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના બોડકા ગામમાં જન્મેલા નરેન્દ્રને જીવનના દસ વર્ષ તો કાંઈ તકલીફ પડી ન હતી. પણ કુટુમ્બ આર્થિક ભીંસમાં આવી જતાં તે દારૂણ ગરીબીમાં ફંગોળાઈ ગયો હતો. ભણતાં ભણતાં બ્રાહ્મણ સંસ્કારોને કારણે તેને મંદિરમાં પૂજારીને મદદ કરવાનું કામ મળી ગયું હતું. એમાંથી મળતા પગારના બળથી એનો ગુજારો થઈ જતો અને ઘેર ગામડે પણ તે નાની રકમ મોકલી શકતો હતો.

૧૯૭૮ની સાલમાં ત્યાંથી જ તો તેને કેન્યામાં આવેલા સ્વામીનારાયણ મંદિરમાં કામ કરવાની તક મળી ગઈ. નરેન્દ્ર નૈરોબી પહોંચી ગયો અને મહિને ૫૦/- $ ના માતબર પગારના જોર પર અડધા પાંદડે થયો! બે ત્રણ વર્ષે

વતનની યાદ આવતાં તે દેશ પાછો ફર્યો, પણ મંદિરની નોકરી તો છૂટી જ ગઈ. ૧૯૮૧ની સાલમાં  નસીબ અજમાવવા તેણે ફરીથી આફ્રિકા ગમન કર્યું અને નૈરોબીની નજીક આવેલ નકૂરુ ગામમાં સ્વામીનારાયણ મંદિરમાં  પૂજા અને જ્યોતિષના સહારે રોજની ભૂખ ભાંગતો થયો. આ જ અરસામાં તેને કાશ્મિરી બ્રાહ્મણ કન્યા નીતા પંડિત સાથે પરિચય થયો જે પ્રણય અને ૧૯૮૨ માં લગ્નમાં પાંગર્યો.

પરિણિત વ્યક્તિ સ્વામીનારાયણ મંદિરમાં પૂજાનું કામ ન કરી શકે, આથી નરેન્દ્રને મંદિર છોડવું પડ્યું . પણ એક ગ્રાહકની સહાયથી એને લોખંડના હાર્ડવેર વેચતી એક દુકાનમાં નોકરી મળી ગઈ. એમાંથી હવે એને બચત પણ થવા લાગી.

ધીમે ધીમે નરેન્દ્રના નસીબ આડેનું પાંદડું હટવા માંડ્યું. થોડાક વખત બાદ નૈરોબીના ગિકોમ્બા વિસ્તારમાં તેણે ‘સ્ટીલ સેંટર’ નામની  હાર્ડવેર  વેચવાની પોતાની નાની દુકાન શરૂ કરી. હવે એના ફળદ્રૂપ મગજમાં લોખંડના ધંધાની ગેડ બેસવા લાગી. વ્યાજબી ભાવ અને પ્રામાણિકતાના સબબે એની આવક વધવા માંડી. તેની નજર વધારે મોટા સાહસમાં ઝંપલાવવા દોડવા લાગી. આજુબાજુ રહેતી ગરીબ વસ્તીની દારૂણ હાલત જોઈ તેને થયું કે, લોખંડનાં પતરાં જો સસ્તાં બનાવી શકાય તો એ ગરીબ લોકો ઓછા ખર્ચમાં પોતાનાં ઝૂંપડાં બાંધી શકે.

૧૯૯૨માં જૂના ઘરાકો અને મિત્રો પાસેથી ઉછીની મૂડી અને બેંકમાંથી લોન લઈ નરેન્દ્રે એક ઔદ્યિગિક શેડ ભાડે રાખ્યો અને પતરાં રોલ કરવાનું એક સેકન્ડ હેન્ડ મશીન લોન પર લઈ આવ્યો. એ જ શેડના એક નાના રૂમમાં પતિ પત્ની રહેવા લાગ્યાં અને થોડાક કારીગરો રાખી પતરાં રોલ કરવાનું શરૂ કર્યું. શરૂઆતના છ મહિના તો તેમને પગાર પણ આપી શકાતો ન હતો, પણ એક પ્રામાણિક માણસ અને ગુરૂ તરીકે તેની શાખના કારણે માણસો ટકી રહ્યા. નીતા ટ્રક ચલાવીને પેદા થયેલો માલ વેપારીઓના ગોદામમાં પહોંચાડવાનું અને હિસાબ કિતાબ રાખવાનું કામ કરતી હતી. પહેલા છ મહિના તો મોટી કંપનીઓ સાથે હરીફાઈમાં ઊતરવું સહેલું ન હતું . માલ ખાસ વેચાતો જ ન હતો અને ગોદામમાં માલનો ભરાવો થતો જતો હતો.

પણ એકાએક લોખંડના ભાવમાં અભૂતપૂર્વ તેજી આવી અને એનો માલ બહુ બહોળા નફા સાથે વેચાવા લાગ્યો. બધું દેવું ચૂકવાઈ ગયું, અને ધંધો હવે પૂરઝડપે પ્રગતિ કરવા લાગ્યો.

બસ ... એ ઘડી અને નરેન્દ્રે પાછું વાળીને જોયું નથી. દેવકી સ્ટીલ ઇન્ડસ્ત્રી અત્યારે કેન્યામાં સિમેન્ટ અને સ્ટીલનું ઉત્પાદન કરતી અગ્રગણ્ય કંપની ગણાય છે. યુગાન્ડા, ઇથિયોપિયા અને કોન્ગોમાં પણ એનાં કારખાનાં ધમધમે છે. એના આ ઔદ્યોગિક સામ્રાજ્યમાં ૪,૦૦૦ લોકો કામ કરે છે. નિવૃત્ત થયેલા એના એક સાથીએ એની સહાયથી સ્ટીલનો વેપાર પણ શરૂ કર્યો છે. સામાજિક સેવાના કામોમાં નરેન્દ્રે લાખો ડોલરનાં દાન કર્યાં છે. નરેન્દ્ર એના જૂના સાથીઓને ભૂલી ગયો નથી. એમાંના ઘણા પણ હજુ એની સાથે છે. એમનાં

બાળકોને નરેન્દ્રે શિક્ષણ અપાવ્યું છે. એ બધા એના કુટુંબીજનો જેવા બની ગયા છે. ૨૦૧૮ ની સાલમાં તેમના મિત્ર અને સાથી કૈલાશ મોટાના સૂચન અને સહકારથી નરેન્દ્રે 'ગુરૂ' નામની પોતાની આત્મકથા પણ લખી છે.

સંદર્ભ -


https://en.everybodywiki.com/Narendra_Raval

http://www.coastweek.com/3837-Kul-Bhushan-Narendra-Raval-From-Priest-Palmist-and-Astrologer-to-Kenyan-Tycoon.htm

https://www.forbes.com/sites/mfonobongnsehe/2015/01/16/the-400-million-man-of-steel-who-said-no-to-africas-richest-man/#114054b25418

https://www.youtube.com/watch?v=Cq8pFgRLkjE

https://www.youtube.com/watch?v=KfPBnTfy0aw

# પ્રતિકૂળમાંથી અનુકૂળ

બાળપણથી જ તેની કેટલી બધી યશસ્વી કારકિર્દી હતી? કેટકેટલાં સપનાં હતાં? હા! ભુપેન્દ્ર ત્રિપાઠી બહુ તેજસ્વી વિદ્યાર્થી હતો. સુરતમાંથી એનું ભણતર શરૂ થયું પણ પિતાને મુખ્ય ઇન્કમ ટેક્સ કમિશ્નર તરીકે બઢતી મળતાં કુટુંબ સાથે એ કલકત્તા પહોંચી ગયો. ફરીથી મેટ્રિક વખતે તે ગુજરાત પાછો આવ્યો અને CBSE ની પરીક્ષા ઉચ્ચ કક્ષાએ પસાર કરી. અમદાવાદની નિર્મા યુનિ.માંથી આઈ.ટી. નિષ્ણાત તરીકે તે બહાર પડ્યો, ત્યારે નામાંકિત ટાટા કન્સલ્ટન્સી સર્વિસમાં તરત નોકરી પણ મળી ગઈ. ત્યાં પણ એનું હીર ઝળકી ઊઠ્યું. ફિંન્લેન્ડની નોકિયા કંપનીમાં બહુ જટિલ પ્રોજેક્ટ માટે તેની નિમણૂંક પણ થઈ ગઈ.

પણ વિધાતાનો એક જ ફટકો અને એનાં બધાં સપનાં ચકનાચૂર બની ગયાં. ફિંન્લેન્ડનો વિસા તો હજુ આવ્યો પણ ન હતો અને ભુપેન્દ્રને ચક્કર આવવાં શરૂ થઈ ગયાં. આખા શરીરમાં અશક્તિ જ અશક્તિ. એક દિવસ તે બાથરૂમમાં પડી ગયો. પથારીમાં તે પગનો અંગૂઠો પણ હલાવી શકતો ન હતો. તબીબી પરિક્ષણ પછી ખબર પડી કે, તેની કરોડરજ્જુમાં તકલીફ છે. બાયોપ્સીના પરિક્ષણ પછી એ પણ ખબર પડી કે, તેમાં કેન્સરની ગાંઠ છે અને તે પણ છેલ્લા તબક્કાની. તે દોઢ મહિનાથી વધારે જીવી નહીં શકે! જીવલેણ કેન્સરના ભયાનક અજગરનો ભરડો તેની આખી કરોડરજ્જુ, પેન્ક્રિયાસ, લીવર અને આંતરડાંમાં ફેલાઈ ચૂક્યો હતો. આખા કુટુંબ પર આભ જ ટૂટી પડ્યું.

મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં કેન્સરની ગાંઠ કાઢી નાંખવાનું નક્કી થયું. પણ તે અમદાવાદ છોડે એ પહેલાં જે તેને સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. જીવન બચાવવા માટેની અને સ્ટેરોઇડ દવાઓના મારા સાથે આશ્ચર્ય જનક રીતે તેના પગના અંગૂઠામાં જાન આવવા માંડ્યો. ડોક્ટરો પણ આ ફેરફાર જોઈ સ્તબ્ધ બની ગયા. થોડાક દિવસ માટે તેની સ્થિતિ પર નજર રાખવાનું નક્કી થયું.

અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં તેની સારવાર શરૂ થઈ; જે એક વર્ષ ચાલુ રહી. ત્યાં સારવાર દરમિયાન કોઈ તેને દર્દી કહે, તો તે પસંદ કરતો ન હતો . પોતાની જાતને એક અડગ યોદ્ધો જ તે માનતો હતો. એની આ ખુમારી આગળ જીવલેણ કેન્સરને પણ ઝૂકી જવું પડ્યું. હવે એને કેન્સરથી વિમુક્ત જાહેર કરવામાં આવ્યો . જાણે કે, વિધાતા ફરીથી એને માટે સોનાના દરવાજા ખોલી રહી હતી. માતાની પ્રાર્થનાઓ જાણે કે, કશુંક અદભૂત કામ કરી રહી હતી.

પણ આ શું? કેમો થેરાપીના કારણે ધીમે ધીમે તેની આંખોનું તેજ હણાવા માંડ્યું હતું. સૌથી ઊંચા નંબરના ચશ્માં પહેરવા છતાં, તેને બધું ઝાંખું ઝાંખું દેખાવા લાગ્યું. વિધાતાનો એક ઓર ફટકો અને ભુપેન્દ્ર પૂર્ણ રીતે અંધ બની ગયો. કેન્સરની સારવાર દરમિયાન યોધ્ધાની જેમ ઝઝૂમેલા ભુપેન્દ્ર માટે આ અસહ્ય આઘાત હતો. તે બચી ગયો હતો, પણ આખી જિંદગી અંધાપામાં શી રીતે પસાર થશે? ઘેરી નિરાશાના ગર્તામાં તે સરી પડ્યો. તેણે તેની સારવાર કરતા ડો. આલાપ ગઢવીને બધી સારવાર બંધ કરી દેવા કહ્યું.

પણ ડો. આલાપ તેને પોતાના પિતા કૈલાસ ગઢવી પાસે લઈ ગયા. તે સંગીતના શિક્ષક હતા અને બ્રેઈલની તાલીમ પણ આપતા હતા. હવે ભુપેન્દ્રની બ્રેઈલ તાલીમ શરૂ થઈ. તેની જીજીવિષા પણ ફરી જાગી ઊઠી. એક ભાષામાં બ્રેઈલ શીખતાં સામાન્ય અંધજનને એક વર્ષ લાગી જાય. પણ આંતરિક જાગૃતિથી ફરી બળવાન બનેલો ભુપેન્દ્ર પાંચ જ મહિનામાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી બ્રેઈલ શીખી ગયો!

તેણે ફિઝિયોથેરાપી શીખવા વિચાર્યું. પણ તેની માનસિક ક્ષમતા જોઈ એક પ્રોફેસરે તેને સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા સૂચવ્યું . આ સૂચને ભુપેન્દ્રની જિંદગીને એક નવો જ વળાંક આપી દીધો. તેણે રોજના પંદર પંદર કલાક દિવ્યાંગો માટેના કોમ્પ્યુટર પર તાલીમ લેવા માંડી. એના પ્રતાપે, એક પછી એક ઘણી બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તે ઉચ્ચ કક્ષામાં પસાર કરવા લાગ્યો.

આના પ્રતાપે ૨૦૧૫ માં તેને રિઝર્વ બેન્કમાં મદદનીશ ઓફિસર તરીકે નોકરી પણ મળી ગઈ. નોકરીમાં હજુ એક મહિનો માંડ વીત્યો હશે અને તેને મેનેજરના સ્થાન માટે ઇન્ટરવ્યૂની તક સાંપડી. અલબત્ત તેમાં તેને ઝળહળતી સફળતા મળી. ચેન્નાઈમાં ચાર મહિનાની તાલીમ અને ૨૦૧૬ માં અમદાવાદની રિઝર્વ બેન્કમાં પ્રજ્ઞાચક્ષુ ભુપેન્દ્ર મેનેજર બની ગયો!

વધારે ઉચ્ચ જવાબદારી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ પસાર કરવાની ભુપેન્દ્રની આગેકૂચ તો હજુ પણ જારી જ છે. તેની બેમિસાલ અને સફળ

કારકિર્દી પર ઘણાંની નજર પડવા માંડી અને ઘણી જગ્યાએ તેને વ્યાખ્યાનો માટે બોલાવવાનું શરૂ થઈ ગયું . એનો આ એક જ વિડિયો જોઈ લો ...

Kindly embed this video

https://www.youtube.com/watch?v=34DmI62oT-U

ભુપેન્દ્ર કહે છે -

”પાયાની અશક્તિ માણસના મનમાં હોય છે. એ ઊંબરો અતિક્રમી જાય, એના માટે ભાવિનાં દ્વાર ફટાબાર ખુલ્લા થઈ શકે છે. તમારી અશક્તિઓ નહીં , પણ તમારી શક્તિઓ પર ધ્યાન કેંદ્રિત કરો.“

સંદર્ભ - https://www.thebetterindia.com/60714/bhupendra-tripathi-cancer-ahmedabad/

# ભારતીય એડિસન

ભારતીય અને એડિસનની જ ધરતી અમેરિકામાં!

હા! ગુરતેજ સાંધુએ અમેરિકામાં આલ્બર્ટ આલ્વા એડિસન કરતાં 30% વધારે પેટન્ટો હાંસલ કરી છે – ૧૩૪૦ પેટન્ટ [ એડિસનની પેટન્ટો – ૧૦૯૩]

૨૪, ઓક્ટોબર – ૧૯૬૦ ના રોજ લન્ડનમાં ભારતીય માબાપ સરજિત અને ગુરમિત સાન્ધુના ઘેર જન્મ લીધેલ ગુરતેજ ત્રણ વર્ષનો હતો ત્યારે માબાપની સાથે ભારત પાછો આવ્યો હતો. નાનપણથી જ તેને રમકડાં અને અન્ય સાધનો તોડીને એમની રચના જાણવાનો શોખ હતો. ઉમર વધતાં આ શોખ સાધનો રિપેર કરવામાં રૂપાંતર પામ્યો. આ તેના સંશોધન ક્ષેત્રમાં સફળતાનું મૂળ હતું. આમને આમ આગળ વધતાં I.I.T. -New Delhi માંથી તેણે એમ.એસ.સી. ની ડીગ્રી મેળવી હતી.

૧૯૮૫ માં તે ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા આવ્યો અને ઉત્તર કેરોલિના રાજ્યની ચેપલ હીલ યુનિ. માંથી ભૌતિક શાસ્ત્રમાં પી.એચ.ડી. ની ડીગ્રી મેળવી લીધી.

૧૯૮૯ની સાલમાં ઇડાહો રાજ્યના બોઇસ શહેરમાં આવેલી માઇક્રોન સેમી કન્ડક્ટર કં. માં તે સંશોધન કરવા જોડાયો અને ત્યારથી એની સંશોધન યાત્રા શરૂ થઈ ગઈ. હવે તો તે માઇક્રોનની સંશોધન શાખાનો વાઈસ પ્રેસિડેન્ટ છે.

ગુરજિતે મેળવેલી પેટન્ટો વિશે અહીંથી જાણકારી મેળવી શકશો. https://patents.justia.com/inventor/gurtej-sandhu

આપણે રોજે રોજ વાપરીએ છીએ તે ડિજિટલ મિડિયાના મૂળમાં કામ કરતી માઇક્રો પ્રોસેસર ચીપ એ એના સંશોધનોની એરણ છે - માઇક્રોસ્કોપમાંથી જ એની ડિઝાઇન જોઈ શકાય! એ બધાનાં ટેક્નિકલ નામ છે-

- Thin film processes and materials,
- VLSI and semiconductor device fabrication,
- DRAM and NAND chips

૨૦૧૮ ની સાલમાં અમેરિકાની ઇલેક્ટ્રોનિક્સ એન્જિ.ની માનક સંસ્થા તરફથી તેને બહુ પ્રતિષ્ઠિત એન્ડ્રુ ગ્રોવ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. (IEEE Andrew S. Grove Award )

તેણે સંશોધનની સાથે પોતાની માતૃ સંસ્થામાં પણ વિદ્યાર્થીઓ અને સંશોધન કરતા વૈજ્ઞાનિકોને ઉત્તેજન આપવાનું ચાલુ રાખ્યું છે.

https://www.youtube.com/watch?v=uHmPQDXgAsk

https://www.youtube.com/watch?v=UuKcra5PTrk

સંદર્ભ

https://www.thebetterindia.com/194656/gurtej-sandhu-indian-origin-inventor-more-patents-than-edison-inspiring/

https://en.wikipedia.org/wiki/Gurtej_Sandhu

https://prabook.com/web/gurtej_singh.sandhu/3507570

## માતૃભક્ત મન્જિરો

ત્રીજા દિવસે માછલીઓનું એક મોટું ટોળું હાથવગું થયું હતું. ઘણી બધી માછલીઓ પકડી શકાશે; અને દુઃખના દાડા ફરી નહીં જોવા પડે; એવી આશા બંધાઈ હતી. પણ કરમ બે ડગલાં આગળ હતું. એકાએક દરિયાઈ વાવાઝોડું ધસી આવ્યું. અને મન્જિરોની બધી આશાઓ પર પાણી ફરી વળ્યું. વાવાઝોડાની સાથે એ લોકો સાત સાત દહાડા સુધી દિશાના કોઈ ભાન વિના ખેંચાતા રહ્યા. સાતમે દિવસે એક અજાણ્યા ટાપુની નજીક તો આવ્યા પણ એમની હોડી ખડકની સામે ખાબકી અને એને તોડી ફોડીને, એ દુશ્મન વાવાઝોડાએ એમના ગામથી એમને એ સાવ નિર્જન ટાપુ પર ફંગોળી દીધા. ઉપર આકાશ અને નીચે ધરતી.

૧૮૨૭ની સાલમાં જાપાનના દરિયાકિનારે આવેલા સાવ નાનકડા ગામ ‘નાકાહામા’માં જન્મેલો મન્જિરો સાવ ગરીબ વિધવા માનો, સૌથી મોટો દિકરો હતો. બાપનું મરણ થતાં, એના માથે ઘર ચલાવવાની જવાબદારી માત્ર નવ વર્ષની ઉમરે આવી પડી હતી. પાંચ પાંચ વર્ષ કાળી મજુરી કરી માંડ ખાવા ભેગાં એ લોકો થતા. એની દશા પર દયા આવતાં, ડેન્ઝો નામના માછીમારે ભાડે લીધેલી હોડીમાં સહિયારી ભાગીદારીમાં માછલીઓ પકડી સ્વતંત્ર ધંધામાં બીજા ત્રણ એના જેવા જ વખાના માર્યા કિશોરો સાથે એને લીધો હતો.એની સાથે એણે પોતાના બે ભાઈઓ ગોમોન અને જુસુકેને અને એક દોસ્ત તોરેમોનને પણ લીધા હતા. કુલ પાંચ જણનો કાફલો. બધા સ્વતંત્ર ધંધાની

કમાણીમાંથી ગરીબાઈની રેખાની ઉપર આવી જવાની આશામાં નાચતા અને કૂદતા હતા.

અને પહેલી જ સફરમાં આ દુર્ભાગ્ય...એ સાવ નિર્જન ટાપુ પર એમણે પાંચ મહિના માંડ માંડ કાઢ્યા. ચાર મહિના તો ત્યાં આવીને રહેલા યાયાવર આલ્બ્બેટ્રોસ પક્ષીઓનો શિકાર કરીને એમની ભુખ ભાંગતી; પણ પીવાના પાણીનાં ત્યાં સાંસાં હતાં. થીજેલા બરફમાંથી ટપકી ટપકીને માંડ પાણી ભેગું કરી શકાતું. મંજિરો સિવાયના બધા માંદા પડી ગયા હતા. કદાચ એમનો ઉગાર કરવા કોઈ વહાણ આવી જાય; તો પણ પાછા જાપાન પહોંચવાના વિચારે પણ એ સૌ કંપી જતા. સાવ સાદા કારણે કે, ૧૬૦૩ની સાલથી ૧૮૫૫ સુધી જાપાને બહારની દુનિયા સાથેનો સમ્પર્ક સમ્પૂર્ણ રીતે કાપી નાંખ્યો હતો. માત્ર ડચ જહાજોને જ નાગાસાકી નજીકના એક ટાપુ પર લાંગરવા દેવામાં આવતા; અને ડચ ખલાસીઓ ત્યાં લગભગ કેદીઓની જેમ જીવન ગુજારી શકતા. બીજા કોઈ પણ દેશનું વહાણ, તોપમારના ભયથી જાપાનના કિનારાની નજીક જવાની હિમ્મત કરી ન શકતું. જાપાનની કોઈ પણ વ્યક્તિ જાપાનની બહાર જઈને પાછી આવે; તો તેની સામે દેશ છોડવાના ગુના માટે કાયદેસર ખટલો માંડવામાં આવતો; અને મોટે ભાગે તો ફાંસીની સજા થતી.

આમ દુર્ભાગી જાપાનીઓ માટે જીવનમાં કોઈ જ આશા ન હતી.

અને ૧૮૪૧ ના જુન મહિનામાં એમનું ભાગ્ય જરીક ખુલ્યું. વ્હેલનો શિકાર કરતા, ‘જ્હોન હાઉલેન્ડ નામના અમેરિકન વહાણે એ ટાપુની નજીક લંગર

નાંખ્યું અને બે હોડીઓમાં એના બાર ખલાસીઓ ટાપુ પરથી કાચબા પકડવા ઉતર્યા. આ કમનસીબોની કરમકહાણી હાથ અને મોંના હાવભાવ વડે એમણે જાણી અને વહાણ પર એમને આશરો આપ્યો. મંજીરો અને એના સાથીઓએ આવા ફિક્કા રંગના માણસો કદી જોયા ન હતા. પરદેશીઓને તો જાપાનમાં ભયાનક દેખાવ વાળા રાક્ષસો જ માનવામાં આવતા હતા. પણ આ વહાણના દયાળુ સ્વભાવવાળા કેપ્ટન વિલિયમ વ્હિટફિલ્ડની કૃપાથી વહાણ પર એમને આશરો મળ્યો અને એ સૌ પણ વ્હેલના શિકારના કામમાં જોતરાઈ ગયા.

મંજીરોના સાથીઓ તો હજી હતાશામાં જ ગરકાવ હતા; પણ માંડ ૧૪ વર્ષની ઉમરનો મંજિરો તરવરાટવાળો હતો. એને એ સમજાઈ ગયું કે, જાપાનના માછીમારો કરતાં આ અમેરિકનો ઘણા વધારે કાબેલ હતા. મધદરિયે વ્હેલનો પીછો કરીને એનો શિકાર કરી શકતા; અને ઘણા મોટા વહાણને હંકારી શકતા હતા. એના મિલનસાર સ્વભાવ અને નવું તરત શીખી લેવાની ધગશ અને આવડતના કારણે એ તો કેપ્ટનનો માનીતો બની ગયો; અને ફટાફટ શિકારની અને વહાણ ચલાવવાની કળા શીખવા લાગ્યો.

૧૮૪૧ના નવેમ્બર મહિનામાં ઓગણીસ વ્હેલોનો શિકાર કર્યા પછી હવાઈ ટાપુઓના સૌથી મોટા બંદર હોનોલુલુમાં વહાણ પહોંચી ગયું. મંજિરો સિવાયના ચારેય જણા તો ત્યાં રહી જ પડ્યા. એમને નોકરી અને રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. પણ મંજિરોને કેપ્ટને પોતાની સાથે અમેરિકા આવવા કહ્યું. ચબરાક મંજિરોએ આ તક ઝડપી લીધી; અને એની જિંદગીનું એક નવું પ્રકરણ શરૂ થયું.

જાન્યુઆરી-૧૮૪૨માં વહાણે હોનોલુલુ છોડીને વહેલના શિકારની બીજી યાત્રા શરૂ કરી; ત્યારે મન્જિરો એની કામદારોમાંનો એક બની ગયો હતો. અને હવે તે વખાનો માર્યો નિરાશ્રિત ન હતો. હેલ્પર તરીકે એને ચોખ્ખા નફાનો ૧૪૦મો ભાગ પણ મળવાનો હતો. હવે તે અમેરિકન વહાણ પર કમાતો ધમાતો બન્યો હતો. પણ... એના અંતરમાં તો કાળી લ્હાય સતત બળ્યા કરતી. એની ગરીબડી માતા એની મદદ વિના બીજાં ભાંડવોને શી રીતે ખવડાવતી હશે; એની ચિંતા એના હૈયાને કોરી ખાતી.

સોળ સોળ મહિના લગણ એ લોકો વ્હેલ માછલીઓને ગોતતા, પેસિફિક મહાસાગરના પટને ફંફોળતા રહ્યા. તાહિટી, ગુનામ અને કેપ હોર્ન( દક્ષિણ અમેરિકાનો દક્ષિણ છેડો) થઈને 'જ્હોન હાઉલેન્ડ' વહાણ ૧૮૪૩ના મેની સાતમી તારીખે મેસેચ્યુસેટ્સના ન્યુ બેડફર્ડ બન્દરે, સાડા ત્રણ વર્ષની લાંબી સફરના અંતે પાછું ફર્યું. મન્જિરોને માદરે વતન છોડ્યાને અઢી વર્ષ પુરા થયા હતા.

આમ પહેલા જાપાનીઝે અમેરિકન ધરતી પર પગ મૂક્યો. આ નવી દુનિયાની અજીબો ગરીબ જીવન શૈલી જોઈને મન્જિરો તો હેરત પામી ગયો. થોડાક દિવસ પછી કેપ્ટન વ્હીટ્ફિલ્ડ મન્જિરોને પોતાની સાથે, ધંધાદારી કામ માટે ન્યુયોર્ક પણ લઈ ગયો. એને વ્હેલના તેલ અને હાડકાંનો સારો ફાયદો મળે એવો ઘરાક ગોતવાનો હતો. અને પોતાના જૂના મિત્ર એબન અકીનને મન્જિરોને રાખવાની અને ભણાવવાની જવાબદારી સોંપી. સોળ વર્ષની ઉમરનો મન્જિરો એના જીવનની પહેલી શાળમાં એકડો ઘૂંટવા લાગ્યો!

બે મહિના પછી, કેપ્ટન વ્હિટ્ફિલ્ડે કમાણી તો રોકડી કરી જ લીધી; પણ આલ્બરટાઈન કીથ સાથે લગ્ન પણ કરી લીધાં. એની નવોઢાને પણ મન્જિરો બહુ ગમી ગયો; અને ત્રણે જણાં ન્યુ બેડફર્ડના સામા કિનારે ફેરહેવન પાછા વળ્યા. કેપ્ટને નવું ઘર ખરીદી લીધું; અને મન્જિરો એમના પાલક પુત્રની જેમ એમની સાથે રહેવા લાગ્યો. ત્યાંની બાર્ટલેટ એકેડેમીમાં વહાણવટા અને સર્વે ઈંગની તાલીમ પણ મન્જિરો લેવા લાગ્યો.

કેપ્ટન સાથે અઢી વર્ષ આમ ગાળ્યા બાદ; મન્જિરોને થયું કે, તેણે હવે જાતે કમાવું જોઈએ. આથી કેપ્ટનની પરવાનગી લઈને તે કેપ્ટન ઈરા ડેવિસના 'ફ્રેન્કલિન' નામના જહાજ પર રસોઈયાના મદદનીશ તરીકે જોડાઈ ગયો. ૧૮૪૬ના મેની ૧૫મી તારીખે ૨૪ સાથીઓ સાથે ફ્રેનક્લિન જહાજે સફર આદરી. એક વરસ પછી, વ્હેલની શોધમાં એટલાન્ટિક મહાસાગર ખુંદતાં ખુંદતાં; આફ્રિકાની દક્ષિણ ટોચ 'કેપ ઓફ ગુડ હોપ' થઈને જાપાનના દરિયાની નજીકથી પસાર થયું. જાપાનના માછીમારોની હોડીની નજીકથી એ લોકો પસાર થયા.

આખી દુનિયાનો ચકરાવો ફરી ચૂકેલા મન્જિરોને આશા બંધાઈ કે, કેપ્ટન તેને જાપાનના કિનારે ઉતારી દેશે; અને પોતાની વ્હાલસોયી માતાની સાથે એનું પુનર્મિલન થશે. પણ એ આશા ઠગારી નીવડી. જાપાનની વિદેશીઓ માટેની નફરતની ડેવિસને પુરી ખબર હતી. ખાલી ખાધસામગ્રીની આપલે કરીને જહાજ હોનોલુલુના અમેરિકન કિનારા તરફ ધસી ગયું.

અને ૧૮૪૮ના સપ્ટેમ્બર મહિનામાં મન્જિરો હોનોલુલુ પરના એના જાપાની સાથીઓને ફરી મળી શક્યો. એમાંનો એક જુસુકે તો ગુજરી પણ ગયો હતો.

એક મહિનો ત્યાં ગાળ્યા બાદ, જહાજ તો વધુ વ્હેલના શિકાર માટે આગળ ધપ્યું. પણ કશીક માંદગીના કારણે કેપ્ટન ડેવિસની હાલત ખરાબ થઈ ગઈ; અને તે લગભગ ગાંડા જેવો બની ગયો; અને ખલાસીઓ તરફ હિંસક બનવા લાગ્યો. બધાએ ભેગા મળીને એને કેદી બનાવી દીધો; અને એના મદદનીશને કેપ્ટન બનાવ્યો. મન્જિરોના વહાણ ચલાવવાના અને બીજા કામોની અદભૂત આવડત જાણીને બધાએ આ નવા કેપ્ટનના મદદનીશ તરીકે તેની નિમણૂંક એકમતે કરી દીધી.

ફિલિપાઈન્સના મનીલા બન્દર પર વહાણ લાંગર્યું ત્યારે ત્યાંના અમેરિકન કોન્સલે ડેવિસને જેલમાં પુરી દીધો; અને વહાણ ફરીથી આવ્યું હતું ; તે રસ્તે પાછું વળ્યું. અને છેવટે ૧૮૪૯ના સપ્ટેમ્બર મહિનામાં વહાણ લગભગ સાડા ત્રણ વર્ષની સફરના અંતે ન્યુ બેડફર્ડ પાછું ફર્યું. તેમણે ૫૦૦થી વધારે વ્હેલોનો શિકાર કર્યો હતો. સફરના અંતે, ૩૫૦ ડોલર જેટલી માતબર રકમ મન્જિરોને મળી.

અને મન્જિરોએ ગાંઠ વાળી કે, અમેરિકાની ધરતી પર ખુબ કમાણી કરી; પોતાનું વહાણ ખરીદવું અને પોતાની તાકાત પર વ્હાલી માને મળવા જાપાન પાછું ફરવું.

મન્જિરો અમેરિકા પાછો ફર્યો, ત્યારે અમેરિકા એક ચેપી રોગમાં ઘેરાયેલું હતું; અને મન્જિરોને પણ એ રોગે ઘેરી લીધો. કયો હતો એ રોગ? એનું નામ હતું 'ગોલ્ડ ફીવર' – સોનેરી તાવ! 'કેલિફોર્નિયામાં સોનું મળ્યું છે.' – એ સમાચારે ઘણા અમેરિકનો પાગલ બની ગયા હતા; અને રાતોરાત લખપતિ બની જવાની લ્હાયમાં પોતાની બધી મૂડી વેચી સાટીને કેલિફોર્નિયાના સેક્રેમેન્ટો ( હાલની રાજ્યધાની) નજીક સોનું ખોદી કાઢવાના કામમાં જોતરાઈ ગયા. હતા.

મન્જિરો પાંત્રીસ ડોલરની ટિકીટ ખર્ચીને અને વહાણમાં મદદનીશ તરીકે કામ કરીને તે આખા અમેરિકા ખંડની પરિક્રમા કરીને સાન ફ્રાન્સિસ્કો પહોંચી ગયો. ત્યાંથી સોનું મળતું હતું, એ વિસ્તારમાં જવા, એણે નવા શરૂ થયેલા સ્ટીમથી ચાલતા વહાણમાં મુસાફરી કરી. એક મહિનો તો તેણે મજુર તરીકે કામ કર્યું; પણ સોનું મેળવવાની કળા હસ્તગત કરીને જાતે એ કામમાં પરોવાઈ ગયો. બે જ મહિના આમ કામ કરીને તે ૬00 ડોલર કમાયો. ભેગી થયેલી મુડી લઈને તે તો હોનોલુલુ લઈ જતા સ્ટીમ વહાણમાં બેસી ગયો. ત્યાં પહોંચીને એના જૂના સાથીઓને જાપાન પાછા ફરવાનો પોતાનો પ્લાન સમજાવ્યો. પણ 'ત્યાં પાછા ફરીને ફાંસી જ મળવાની.' –એ ભયથી ડેન્ઝો અને ગોમન સિવાય કોઈ તૈયાર ન થયું.

પણ પોતાનું નાનકડું વહાણ ખરીદવા મન્જિરો પાસે એકઠી થયેલી મૂડી પુરતી ન હતી. તેણે છાપામાં મદદ માટે જાહેરાત આપી; અને ત્યાં રહેતા હમદર્દ રહેવાસીઓની ઉદાર મદદનો ધોધ વહેવા લાગ્યો. ૧૬૦ ડોલર રોકડા, કપડાં,

કમ્પાસ, વિ, સફરને માટે જરૂરી સામગ્રી તેને આમ મળી ગઈ. એણે ‘ એડવેન્ચરર’ નામની નાની હોડી ખરીદી.

આ સમય દરમિયાન ૧૭, ડિસેમ્બર -૧૮૫૦ ના રોજ ‘સેરા બોઈડ’ નામનું વેપારી જહાજ હોનોલુલુના બંદરમાં લાંગર્યું. તે સાન ફ્રાન્સિસ્કોથી શાન્ઘાઈ જતાં રસ્તામાં વેપારી સામગ્રી લે વેચ કરવા હોનોલુલુ આવ્યું હતું. મન્જિરોએ એના કેપ્ટનને વિનંતી કરી કે, ત્રણે જણાને એની હોડી સાથે એની પર સફર કરવા દે; અને જાપાનના કિનારાથી થોડે દૂર એમને ઉતારી દે. મન્જિરો તો હોનોલુલુમાં ખાસો પ્રખ્યાત બની ચૂક્યો હતો. આથી એ જહાજના કેપ્ટનને પણ એને માટે સહાનુભૂતિ થઈ. જો કે, કેપ્ટનને પણ મહેનત કરી શકે તેવા ખલાસીઓની જરૂર પણ હતી જ. એના મોટા ભાગના સાથીઓ ઓલ્યા ‘સોનેરી તાવ’ લાગવાના કારણે ભાગી ગયા હતા! હોનોલુલુના ગવર્નરે તેને સરસ પ્રમાણ પત્ર પણ આપ્યું. હોનોલુલુના રહેવાસીઓએ પણ કેપ્ટન ‘જ્હોન મન્ગ’ને મુબારકબાદી આપી.

અને છેવટે... મન્જિરો અને તેના સાથીઓની માદરે વતન તરફની સફર શરૂ થઈ. ૭૦ દિવસની સફર બાદ ‘સેરા બોઈડ’ જાપાનના ‘લૂ ચૂ’ ટાપુના ‘ઓકીનાવા’ બંદરથી ચાર જ માઈલ નજીક આવી પહોંચ્યું.આ કથાની શરૂઆતમાં જણાવ્યું છે ; તેવી જ તોફાની હવા એ વખતે ચાલી રહી હતી. સખત પવન અને સ્નોનું અવિરત આક્રમણ જારી હતાં. કેપ્ટને મન્જિરોને ઉતરાણ કરવાના જોખમો અંગે ચેતવ્યો. પણ દસ દસ વરસની તપશ્ચર્યા અને વહાણવટાની તાલીમ અને સાધનાના પ્રતાપે, મન્જિરો હવે ઘણો વધારે કાબેલ

અને આત્મવિશ્વાસથી ભરપૂર હતો. ગરીબડી અને વ્હાલી માને મળવાની અને એને માટે ખરીદી રાખેલી ભેટોથી એને ઢાંકી દેવાની આતુરતા એના શરીરમાં નવા પ્રાણનો ધસમસતો સંચાર કરી રહી હતી.

અને છેવટે એ બધાં તોફાની પવનોને અતિક્રમીને મન્જિરો અને તેના બે સાથીઓએ માદરે વતનની જમીન પર પગ મુક્યા.

કિનારા પરના ગ્રામવાસીઓ આ વિચિત્ર કપડાં પહેરેલા, પરદેશી જેવા લાગતા માણસોને જોઈને ગભરાઈ ગયા; અને એમને આવકારવાને બદલે ભાગીને દૂર જતા રહ્યા. માત્ર અડધા કલાકમાં જ સ્થાનિક પોલિસે એમને પકડી લીધા. એમની હોડી અને એમાંની બધી મતા સરકાર હસ્તક કરવામાં આવી. પણ એમને ફાંસીની સજા; એ વિસ્તારના ડેઈમ્યો( સ્થાનિક સૂબો) નારિયાકિરાની સંમતિ વિના ન આપી શકાય; એથી એમને ઓકિનાવાની જેલમાં પુરી દેવામાં આવ્યા; અને ઘનિષ્ઠ પૂછતાછ શરૂ થઈ. સાત મહિના સુધી પાંચ પોલિસ ઓફિસરોએ એમની સાથે માથાફૂટ કરીને એક લાંબો લચક હેવાલ બનાવ્યો અને ડેઈમ્યોની જાણ માટે મોકલી આપ્યો.

મન્જિરો, એના સાથીઓ અને જાપાનના સદભાગ્યે નારિયાકિરા ઉદારમતવાદી હતો; અને જાપાનની એ સદીઓની ‘બંધ બારણાં’ની નીતિનો વિરોધી હતો. એને આ હેવાલમાં બહુ જ રસ પડ્યો અને તેણે મન્જિરો અને તેના સાથીઓ સાથે રૂબરૂ જાતમાહિતી મેળવવાનું નક્કી કર્યું. અને તેને પોતાની માન્યતા સાચી લાગી. એને પ્રતીતિ થઈ ગઈ કે, જાપાન વિશ્વમાં થઈ રહેલી પ્રગતિની

સાથે તાલ નહીં મીલાવે તો, અત્યંત શક્તિશાળી અમેરિકાનું આક્રમણ હાથવેંતમાં જ છે.

નારિયાકિરાના હેવાલના આધારે જાપાનના સમ્રાટના જમણા હાથ જેવા શોગુને ૧૮૫૧ના ઓક્ટોબર મહિનામાં મન્જિરો અને એના સાથીઓને જાત તપાસ માટે નાગાસાકી બોલાવી લીધા.ફરી છ મહિના એ જ જેલની વ્યથા; અને ઘણી બધી સતામણીઓ, સવાલ, જવાબ. બીજું કોઈ હોય તો પાગલ જ બની જાય. પણ મન્જિરો જુદી માટીનો હતો. તેણે પોતાનું અને પોતાના સાથીઓનું ધૈર્ય ટકાવી રાખ્યું. તેણે શોગુન અને તેના અધિકારીઓને પોતાની વાતની સચ્ચાઈની પ્રતીતિ કરાવી દીધી. અમેરિકાના વહાણોને જાપાનમાં પૂરવઠા માટે આવવા દેવામાં કશું જોખમ નથી; અને જાપાનને એનાથી બહુ જ મોટો ફાયદો થઈ શકે એમ છે; એ વાત પણ મન્જિરો તેમને સમજાવી શક્યો.

છેવટે, ૧૮૫૨ના જૂનમાં એમનો છૂટકારો થયો; અને મન્જિરો એની માને મળવા નાગાસાકીથી નીકળ્યો. અનેક મુસીબતો વાળી એમની સફર બાદ, ૧૮૫૨ ની પાંચમી ઓક્ટોબરે, સોળ વરસ બાદ મન્જિરો એની મા, અને ભાંડવોને મળી શક્યો. એની મા, ભાઈ બહેનો અને ગ્રામવાસીઓને આમ બનશે, એની સ્વપ્નમાં પણ આશા ન હતી. બધાં આનંદમાં ઘેલા ઘેલા બની ગયા.

પણ આ આનંદ ત્રણ દિવસ જ ટકવાનો હતો ને? મન્જિરોને પાછા એમના વિસ્તાર ટોસાના ડેઈમ્યો યામાનુચી સાથે ચર્ચા માટે જવું પડ્યું. પણ હવેની

એની જીવનયાત્રા એને જાપાનના ઉચ્ચ વર્તુળોમાં ટોચે પહોંચાવવાની હતી. યામાનુચી મન્જિરોની વાતોથી અને શોગુન તરફથી મળેલી સૂચનાના કારણે એટલો તો પ્રભાવિત બની ગયો કે, તેણે મન્જિરોને અત્યંત માનભર્યો ‘સમુરાઈ’નો ખિતાબ આપ્યો. સાવ હલકી જાતના માછીમાર – માત્ર ‘મન્જિરો’ નામધારી - આ જવાંમર્દની ઓળખ હવે ‘મન્જિરો નાકાહામા’ બની. હવે એની કમરે બે તલવારો ચમકતી હતી. એક સમુરાઈની ૧૭ વર્ષની કન્યા ‘તેત્સુ’ સાથે એનાં લગ્ન પણ થયા.

મન્જિરોની આગલી જિંદગી એને ઉપર અને ઉપર ચઢાવવાની હતી; એટલું જ નહીં; પણ જાપાન પણ સમૃદ્ધિ અને તાકાતના પંથે, એક મહાન વિશ્વ સત્તા બનવાનું હતું.

અને ૧૮મી જૂન-૧૮૫૩ માં એક અભૂતપૂર્વ ઘટના બની. કોમોડોર મેથ્યુ પેરીના નેત્રુત્વ વાળી, અમેરિકાના નૌકાદળની ચાર અત્યંત શતિશાળી સ્ટીમરો જાપાનના ઈડો અખાતમાં લાંગરી. શોગુને જાપાનની બધી તાકાત એકઠી કરીને કોમોડોર પેરીને જાપાનનો દરિયામાંથી ભાગી જવા તાકીદ કરી. પણ પેરી પાસે શોગુનની તાકાત કરતાં ઘણી વધારે લડાયક સામગ્રી હતી. પેરીએ જાપાનના સમ્રાટ સાથે વાટાઘાટો કર્યા વિના પાછા વળવાની કોઈ તૈયારી ન બતાવી; અને જો એની આ માંગણી સ્વીકારવામાં ન આવે તો ઈડો બંદર પર તોપમારો શરૂ કરવાની ધમકી પણ આપી દીધી.

અસહાય બની ચુકેલા શોગુન માટે આ વાત સ્વીકાર્યા વિના કોઈ છૂટકો જ ન હતો. તેણે  અમેરિકા વિશે જાણકારી ધરાવતા એકમાત્ર જાપાનીઝ તરીકે મન્જિરોને સલાહ માટે બોલાવી લીધો. અનેક દિવસોની વાટાઘાટો પછી, જાપાન અને અમેરિકા વચ્ચે વ્યાપારી કરારો થયા; અને જાપાનના માટે નવા યુગનું બારણું ખુલ્લું થઈ ગયું.

જાપાનના અમેરિકા જનાર યુવાનોને અંગ્રેજીનું શિક્ષણ આપવા માટે મન્જિરોની નિમણૂંક થઈ.

૧૮૫૯માં હોકોડાટે ખાતે, નવી ઢબના વહાણો બાંધવા માટેની સંસ્થા પણ તેણે સ્થાપી અને જાપાનના વ્હાણવટાનો નવો યુગ શરૂ થયો.

૧૮૬૦માં અમેરિકામાં જાપાનની પહેલી એલચીના દુભાષિયા તરીકે તેણે ફરી એકવાર અમેરિકાની ધરતી પર પગ મુક્યો. પણ રસ્તામાં નડેલ તોફાની ઝંઝાવાતમાં એની વહાણવટાની કુશળતાના પ્રતાપે વહાણ ડુબતું બચ્યું હતું. આ વાતની જાણ થતાં જાપાનના સમ્રાટે મન્જિરોનું ખાસ બહુમાન કર્યું હતું.

૧૮૭૦માં મન્જિરોને ફરી વખત અમેરિકા જવાની તક મળી. ત્યારે તે પોતાના પાલક પિતા જેવા કેપ્ટન વ્હીટ્‌ફિલ્ડને ફેરહેવનમાં મળ્યો અને ભેટી પડ્યો. પાછા વળતાં તેણે લન્ડન ખાતે ભરાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદમાં જાપાનના પ્રતિનિધી તરીકે હાજરી પણ આપી. જાપાન પાછા વળ્યા બાદ ટોકિયો ખાતે અંગ્રેજી ભાષાના પ્રોફેસર તરીકે મન્જિરોએ એની શેષ જિંદગી પુરી કરી. આજે એ સંસ્થા યુનિવર્સિટી ઓફ ટોકિયો તરીકે ઓળખાય છે.

૧૮૯૮માં મન્જિરોનો દેહવિલય થયો ત્યારે તે જાપાનની એક અત્યંત સન્માનનીય વિભૂતિ બની ચુક્યો હતો.

મન્જિરોએ ધાર્યું હોત તો, બાકીની જિંદગી અમેરિકન તરીકે ગાળી શક્યો હોત; અને ઘણું ધન અને કીર્તિ કમાઈ શક્યો હોત. પણ એના દિલમાં જલતી આગે એને એક જ દિશામાં હંકારે રાખ્યો- એની વ્હાલી માની સેવામાં. અને એ જ પ્રબળ પ્રેમ અને સંઘર્ષે એની એ આકાંક્ષા પુરી કરી એટલું જ નહીં; એના માદરે વતનની પણ એ અમૂલ્ય સેવા કરી શક્યો. જાપાન આજે જે છે; એમાં મન્જિરોનું પ્રદાન અજોડ છે; અને રહેશે.

## રોપિયો

૩૦, જુન, ૧૮૫૯, નાયગ્રા ધોધ

નાયગ્રા નદીની અમેરિકન અને કેનેડિયન – બન્ને બાજુએ હકડેઠઠ ભીડ ઊભરાઈ છે. માણસોથી ઊભરાતી ટ્રેનો ગામેગામથી નજીકના સ્ટેશન પર ઠાલવી રહી છે. નદીમાં પણ બોટોથી ભરી ભરીને લોકો આજનો હેરતભર્યો તમાશો જોવા ખડકાઈ રહ્યાં છે. ઘોડાગાડીઓ અને ગાડાંઓથી ગામના રસ્તા ચિક્કાર છે. નજીકના વ્હાઈટ પ્લેઝર ગ્રાઉન્ડના માલિકે આ તકનો ઉપયોગ કરીને માથા દીઠ ૨૫ સેન્ટ પ્રવેશ ફી રાખી તગડો નફો રળી લીધો છે.( એ જમાનામાં આ બહુ મોટી રકમ હતી.)

ટોળામાં ગણગણાટ થઈ રહ્યો હતો – 'કદાચ આ મોટું ગપ છે. ઈવડો ઈ આવશે જ નહીં. આવશે તો ય ૧૦૦% ડૂબી મરશે '

સટ્ટાબાજોએ તો આનો ય ઉપયોગ કરીને તગડો નફો કરી લીધો હતો.

'બ્લોન્ડિન ચાલી શકશે કે નહીં ?!'

પણ મોટા ભાગની બેટિંગ આખા તમાશાની નિષ્ફળતા માટે જ હતી .

વાત એમ છે કે, સરકસના એક ખેલાડી ચાર્લ્સ બ્લોન્ડિને સ્થાનિક છાપા 'ડેઈલી ગેઝેટ'માં છ મહિના પહેલાં સમાચાર છપાવ્યા હતા કે, તે લોખંડનું દોરડું નાયગ્રા ધોધની ઉપર બંધાવશે, અને એની પરથી ચાલીને અમેરિકન બાજુથી કેનેડિયન બાજુએ ચાલતો જશે!

છેવટે બધાંની આતૂરતાનો અંત આવ્યો અને બરાબર પાંચ વાગે દોરડાની બાજુએ રાખેલ મંચ પર બ્લોન્ડિન એના મેનેજર હેરી કોલોર્ડ સાથે હાજર થઈ ગયો.  તમાશો શરૂ કરતાં પહેલાં એના મેનેજરે જાહેર એલાન આપ્યું કે, કોઈ એના ખભા પર સવાર થવા તૈયાર હોય તો બ્લોન્ડિન એને પણ 'મફત ' સહેલ આપશે !

પણ કયો માઈનો પૂત આવા જોખમ માટે તૈયાર થાય? !

છેવટે, તાળીઓના ગડગડાટ અને બેન્ડની સૂરાવલિઓ વચ્ચે, હાથમાં મોટો વાંસ લઈ, લોકોની તરફ હાથ ફરકાવી, બ્લોન્ડિને ચાલવાનું શરૂ કરી જ દીધું ! પાછો એ નાટકિયો સરકસિયો જાતજાતના અટકચાળાં પણ કરતો જાય. પડી જતો હોય, ડરતો હોય, તેવા ચેનચાળા પણ વચમાં કરી લે!

વીસેક મિનિટમાં તો એ કેનેડિયન બાજુએ પહોંચી ગયો. બન્ને બાજુ તાળીઓના ગડગડાટ અને શાબાશીના સૂરોથી વાવાવરણ છવાઈ ગયું.

અને, બધાંના આશ્ચર્ય વચ્ચે એણે તો દોરડા પર પાછા ચાલવાનું શરૂ કર્યું , અને પાછો અમેરિકન બાજુએ આવી ગયો.

અત્યાર સુધીમાં કોઈએ ન કર્યો હોય, એવો આ હેરતભર્યો તમાશો કરનાર બ્લોન્ડિન ૩૪ વર્ષ પહેલાં ફ્રાન્સમાં જન્મ્યો હતો અને એ વખતે એનું નામ  જીન ફ્રેન્કોઈસ ગ્રેવલેટ હતું. પાંચ જ વર્ષની ઉમરે એક સર્કસમાં કોઈ બજાણિયાને આમ ચાલતો જોઈ, એણે પણ સફળ અખતરો કરી જોયો હતો!

બસ... એ દિવસથી સ્થાનિક લોકોમાં એના ખેલ ચાલુ થઈ ગયા હતા. જે સર્કસમાં એ કામ કરતો હતો – તે આખું યુરોપ ફરી, તે નાયગ્રા ધોધની નજીકના ગામમાં આવ્યું હતું.  એ વખતે પોતાની જન્મજાત કુશળતા પર મુસ્તાક બ્લોન્ડિનને આમ નાયગ્રા ધોધ ક્રોસ કરવાનો અફલાતૂન વિચાર સૂઝ્યો હતો . સર્કસના મેનજર પાસે રજા માંગી એ ત્યાં જ રોકાઈ ગયો હતો. છાપામાં જાહેરાત પછી, એને ધોધની ઉપરથી દોરડું પસાર કરવાના અને બીજા આનુષંગિક ખર્ચ માટે રોકાણ કરનાર પણ મળી ગયા હતા.

દોરડું પણ કેવું ? ત્રણ ઈંચ વ્યાસ, ૧૧૦૦ ફૂટ લાંબું અને નદીના પ્રવાહથી ૧૬૦ ફૂટ ઉપર. અલબત્ત દોરડાંને સીધું અને સ્થિર રાખવા માટેના ઘણા બધા તાણિયા guy rope પણ ખરા જ તો.  છ મહિને એ કામ પૂરું થયું હતું . અલબત્ત . દોરડા સાથે તાણિયા બાંધવાનું કામ તો તેણે જાતે જ સરકીને કરવું પડ્યું હતું!

ઉપરોકત ઘટના પછી તો આમ તમાશો કરવાનો બ્લોન્ડિનનો વ્યવસાય જ બની ગયો. દર વખતે એ નવા અખતરા ઉમેરતો જતો હતો. એક વખત તો તેણે જાહેર કર્યું કે, હવેની વખતે એ એના મેનેજરને પણ આ સહેલગાહ કરાવશે. માંડ માંડ હેરી કોલાર્ડ માટે તૈયાર થયો હતો. એ વખતે તો બ્લોન્ડિન પણ બે એક વખત થાકી ગયો હતો અને નીચે પડતાં માંડ બચ્યો હતો , પણ ફ્યૂઝ ઊડી ગયેલા હેરી સાથે એણે આ તમાશો ય પૂરો કર્યો હતો .

અલબત્ત એ હવે પ્રખ્યાત અને માલેતૂજાર બની ગયો હતો. તેણે આ તમાશો ૧૮૬૦ ના ઉનાળામાં પણ ફરી કર્યો હતો. પણ હવે ગઈસાલ જેવી સનસનાટી

થોડી જ હોય? થોડાક નવાં આકર્ષણો છતાં, એને આ ખેલ સંકેલી લેવો પડ્યો હતો અને ફરીથી સર્કસની દુનિયામાં ખોવાઈ હયો હતો . ૭૨ વર્ષની ઉમરે છેલ્લી વાર દોરડા પર ચાલીને એણે રોપિયાની કારકિર્દી સંકેલી લીધી હતી, અને ઇન્ગ્લેન્ડમાં સરસ મજાનો 'નાયગ્રા વિલા' બાંધી, ત્યાં નિવૃત્ત થયો હતો.

સંદર્ભ -

https://www.youtube.com/watch?v=gmme0BiEWl0

https://www.smithsonianmag.com/history/the-daredevil-of-niagara-falls-110492884/

https://www.niagarafallsinfo.com/niagara-falls-history/niagara-falls-tourism-history/daredevils-of-niagara-falls/the-great-blondin/

## લાડુ અને ભૈતિકશાસ્ત્ર!

દસમા ધોરણની પહેલા સત્રની પરીક્ષા ઢૂંકડી હતી અને આ હરીશભાઈને બધા વિષયોમાં ઉત્તીર્ણ થવાની પણ આશા ન હતી. નોન મેટ્રિક થઈ મજૂરી અથવા બહુ બહુ તો ફીટર કે મિકેનિક બનવા સિવાય કશા ઉજળા ભાવિની એનાં માવતરને આશા ન હતી. સાવ રખડેલ અને અભ્યાસ તરફ ઉદાસીન જીવ. એની મા રામવતીનું હૈયું તો ડૂસકાં ભરે.

એ માહોલમાં છઠના દિવસે ભગવાનને ધરાવવા તે લાડુ બનાવતી હતી ત્યારે એને એક ફળદ્રૂપ વિચાર સૂઝ્યો. તરત એણે બાબલાને કહ્યું, " જો તું એક કલાક ભણે તો તને એક લાડુડી મળશે.

લાડુ આરોવાનો શોખિન હરીશ તો મચી જ પડ્યો. ત્યારે એને ખ્યાલ આવી ગયો કે, પોતે માનતો હતો એટલો મંદબુદ્ધિ ન હતો. ધ્યાન દઈને વાંચેલું એને યાદ રહી શકતું હતું. ગણિતના દાખલાઓમાં તેની અક્કલ પણ બરાબર દોડી શકતી હતી.

૮, એપ્રિલ – ૧૯૫૨ના રોજ બિહારના દરભંગાના શિક્ષક ગણેશચંદ્ર વર્મા અને રામવતીના ઘેર જન્મેલ હરીશની ગાડી તો પૂરપાટ પાટે ચઢી ગઈ. તે દસમા ધોરણની પરીક્ષામાં બધા વિષયમાં ઉત્તીર્ણ થયો એટલું જ નહીં, એસ.એસ.સી, ની પરીક્ષા સારા માર્કથી પસાર કરી અને પટણાની વિજ્ઞાન કોલેજમાં પ્રવેશ મેળવી યુનિ. ની ફાઈનલ પરીક્ષામાં ભૈતિકશાસ્ત્રના વિષયમાં ત્રીજા નંબરે બહાર પણ પડ્યો.

પટણામાં જીવનની શરૂઆત કરનાર હરીશે આઈ.આઈ.ટી.(કાનપુર)માં અનુસ્નાતક અને પી.એચ.ડી. ની પદવીઓ પણ હાંસલ કરી છે.

ડો. હરીશ્ચન્દ્ર બન્યા બાદ, તેણે પટણાની વિજ્ઞાન કોલેજમાં ભૌતિકશાસ્ત્રના વિષયમાં શિક્ષણ કાર્ય શરૂ કર્યું. વિદ્યાર્થીઓને ભણાવતાં તેને સમજાયું કે, ભૌતિકશાસ્ત્રના પચાવવા માટે અઘરા સિદ્ધાંતો સમજાવવા સરળ રીતો અજમાવી શકાય. આઠ વર્ષના શિક્ષણકાર્યના અનુભવ બાદ તેણે બે ભાગમાં ભૌતિકશાસ્ત્રના સિધ્ધાંતોનું પુસ્તક બહાર પાડ્યું છે.

૧૯૯૪ની સાલમાં તેની માનિતી સંસ્થા આઈ.આઈ.ટી.(કાનપુર) માં પ્રોફેસર તરીકે કામ કરવાની તક તેને મળી. ત્યાં તેણે શિક્ષણ ઉપરાંત ન્યુક્લિયર ફિઝિક્સના વિષયમાં સંશોધન  પણ કરવા માંડ્યું. આ ઉપરાંત બીજા સહકાર્યકરો અને વિદ્યાર્થીઓના સહકારથી તે ‘શિક્ષાસોપાન’ નામની સંસ્થાનું સંચાલન પણ કરે છે. આ સંસ્થા  આઈ.આઈ.ટી. ની આજુબાજુ રહેતા આર્થિક રીતે નબળા વિધ્યાર્થીઓને મદદ કરવાનું કામ પણ કરે છે.

આખા દેશના ભૈતિકશાસ્ત્રના પ્રોફેસરોની સંસ્થા IAPT ( Indian Association of Physics Teachers) ની સંચાલન સમિતિમાં પણ તે સક્રીય સભ્ય છે. આ અઘરા વિષયની સરળ સમજ માટે તેણે ૬૦૦ જેટલા પ્રયોગોની રીતો બનાવી છે. દેશના ૨૨ જેટલા શહેરોમાં આ અને  શિક્ષણની બીજી સરળ રીતોનો વ્યાપ થઈ રહ્યો છે. ભૌતિક શાસ્ત્રના શિક્ષકોની તાલીમ માટે પણ ઘણી શિબિરો આ સંસ્થાએ આયોજી છે. આ અભિયાન હેઠળ દેશના ૮,૦૦૦ શિક્ષકોને અદ્યતન તાલીમ આપવામાં આવી છે.

૨૦૧૭ની સાલમાં આ કાર્યની કદર રૂપે મૌલાના અબ્દુલ કલામ આઝાદ શિક્ષા પુરસ્કાર પણ તેને એનાયત થયો છે. ૨૦૧૦ની સાલમાં તેને ભારત સરકારની પદ્મશ્રી પદવી પણ મળી છે. આ ઉપરાંત તેને યોગ શિક્ષણમાં પણ અનહદ રસ છે. તેનો મોટો ભાઈ દેવીપ્રસાદ પણ પ્રોફેસર છે. ૩૮ વર્ષ શિક્ષણ કાર્ય કર્યા પછી, ૨૦૧૭ની સાલમાં તે નિવૃત્ત થયા છે.

https://www.youtube.com/watch?v=lbUxXZT5DlU

https://www.youtube.com/watch?v=4vJFFsuOyMA

સંદર્ભ -

https://starsunfolded.com/h-c-verma/

https://en.wikipedia.org/wiki/H._C._Verma

## વન માનવ

આ ટારઝન જેવા કોઈ કાલ્પનિક પાત્રની કે ઘનઘોર જંગલમાં રહેતા કોઈ ચીલાચાલુ આદિવાસી માણસની વાત પણ નથી. આ એવા એક માણસની વાત છે કે, જેણે બ્રહ્મપુત્રા નદીમાં સાવ બંજર બની ગયેલા ટાપુ પર આખેઆખું જંગલ ઊગાડ્યું છે! એણે ખાલી વૃક્ષો જ વાવ્યાં નથી, પણ એવી સૃષ્ટિ ખડી કરી છે; જેમાં વન્ય પ્રાણીઓ પોતાની જાતે વસવા આવી ગયાં છે – હરણ, વાંદરા, સસલાં, સાપ, વાઘ, હાથી અને ગેંડા સમેત!

૩૧, ઓક્ટોબર – ૧૯૫૯ના રોજ આસામના જોરહટ જિલ્લાના કોકિલામુખ નજીક આવેલા  એક ગામમાં મિશિન્ગ જાતિમાં  જન્મેલ જાદવ પિયાન્ગ ૧૯ વર્ષનો હતો; ત્યારે એના ગામની નજીક બ્રહ્મપુત્રા નદીમાં આવેલા સાવ વેરાન પણ વિશાળ ટાપુ પર તેણે પૂરના કારણે તણાઈ આવેલા મરેલા સાપ જોયા. તેને ખ્યાલ આવ્યો કે, આ સાપ ભુખના કારણે મરી ગયા હતા. એ વિશાળ ટાપુ પર સમ ખાવા માટે પણ કોઈ વૃક્ષ કે નાનાં સરખાં જાનવર કે પક્ષીઓ ન હતાં. તેના મગજમાં વિચાર આવ્યો કે, અહીં વૃક્ષો વાવે તો જાનવરો અને પક્ષીઓ રહેતાં થાય.

બસ, આ જ એક વિચાર અને તેણે વાંસનાં બી લાવીને ૨૦ રોપા વાવ્યા અને મોટા થયા ત્યાં સુધી તેમની માવજત કરી. થોડાક જ વર્ષ થયા અને આવી વિશાળ નદી અને ભરપૂર વરસાદના સબબે એક નાનકડું વાંસનું જંગલ ઝડપભેર ફેલાવો કરવા લાગ્યું. લગ્ન થયા બાદ તેની નવોઢા બિનિતા સાથે તેણે આ બગીચામાં એક ઝૂંપડું બાંધ્યું અને પોતાના ગામમાંથી ઢોર લાવી રહેવા લાગ્યો.  પશુપાલનમાંથી બન્નેનો ગુજારો થવા લાગ્યો અને સાથે સાથે અવનવી જાતનાં વૃક્ષોની વસાહત પણ બન્ને ઉમેરવા લાગી ગયાં.

થોડાક જ વર્ષોમાં એ નાનકડું વન એની મેળે વિસ્તરવા લાગ્યું. એમાં પક્ષીઓ, વાંદરા, સસલાં વિગેરે જીવો પણ વસવાટ કરવા લાગ્યાં. અને લો! દૂર દૂરથી આકર્ષાઈને એક ગેંડા દમ્પતિ પણ એમનું પાડોશી બની ગયું! અને શિકારની શોધમાં આવીને આ જંગલમાં વાઘ પણ વસવા  લાગ્યા. ૨૦૦૮ની સાલમાં ૧૧૫ હાથીઓના એક ધણે એક ગામમાં થોડોક વિનાશ કર્યો હતો, તેની શોધ કરતાં કરતાં આસામના વન વિભાગના અધિકારીઓને, જ્યાં હાથીઓએ કામચલાઉ નિવાસ કર્યો હતો તેવા આ વનની જાણ થઈ. દર વર્ષે છ મહિના માટે હાથીઓ આ વનની મુલાકાત લે છે.

અલબત્ત આ જંગલમાં રહીને પશુપાલન કરવાનું જોખમી હતું, એટલે બન્ને જણ તેમનાં ત્રણ સંતાનો સાથે હવે નજીકના મિશિન્ગ ગામમાં પાકું મકાન બાંધીને રહે છે, અને પશુપાલન અને ખેતીથી તેમનો જીવન નિર્વાહ સરસ રીતે થાય છે.

જાદવે ૧૯૭૯ માં શરૂ કરેલા આ નાનકડા અભિયાનને કારણે તેને ભરપૂર પ્રસિદ્ધિ મળી છે. ૧૩૯૦ એકરમાં હવે વિસ્તરેલું આ વન તેના નામના એક અંશ પરથી મોલાઈ વન તરીકે વિશ્વ વિખ્યાત થયું છે. અનેક એવોર્ડોથી જાદવના કામની નવાજેશ થઈ છે. ૨૦૧૨ની સાલમાં જવાહરલાલ નહેરૂ યુનિ. માં તેને એનાયત કરવામાં આવેલ એવોર્ડની સાથે તેના વાઈસ ચેન્સેલર સુધીર કુમાર સોપોરીએ તેને ‘Forest man of India’ ના નામથી ઓળખાવ્યો હતો. ત્યારથી આખી દુનિયામાં તે આ નામથી જાણીતો થયો છે.  એની ચરમસીમા રૂપે ૨૦૧૫ની સાલમાં રાષ્ટ્રપતિના હસ્તે તેને ‘પદ્મશ્રી’ ઇલ્કાબ એનાયેત થયો હતો.

૨૦૧૮ની સાલમાં બહુ જાણીતી બનેલી ફિલ્મ ‘ હાથી મેરે સાથી’ એના કામના આધાર પર અને મોલાઈ વનમાં બનાવવામાં આવી હતી. જાદવના આ કામનો ચિતાર આપતું એક બાળ પુસ્તક પણ પ્રસિધ્ધ થયું છે.

https://youtu.be/MptiEZ36024

સંદર્ભ –

https://www.oneearth.org/reforestation-hero-jadav-payeng/

https://en.wikipedia.org/wiki/Jadav_Payeng

# વિયેટનામનું અદભૂત ગ્રામ્યજીવન

આપણા મસ્તિષ્કમાં  ગ્રામ્ય જીવનનું ચિત્ર સ્વાભાવિક અને લાક્ષણિક રીતે ગુજરાતીતાથી ભરપૂર હોય છે. બહુ બહુ તો જમુનાના કાંઠે બાળ કૃષ્ણનું કે, સરયૂ તટે કિલ્લોલતા બાળ રામનું કલ્પન હોય.

ગ્રામ જીવનની સમસ્યાઓની સાથે  સાથે....નદીનો તટ, કુવાનો કાંઠો,
લીલૂડી ધરતી, લહલહાતાં ખેતરો
વાંસળીના સૂર.

પણ, એવાં ગામ પણ હોય કે, જેમાં એક બાજુ મગરોથી ઊભરાતી નદી હોય, બીજી બાજુ ભયાનક જાનવરોથી ઊભરાતું જંગલ હોય, ત્રીજી બાજુ નાના પર્વતો પર  જંગલી વાનરો કૂદાકૂદ કરતા હોય, કે પંદર-વીસ ફૂટ લાંબા અને પગના નળા જેટલા જાડા ભયાનક સાપ ફૂંફાડાં મારી રહ્યા હોય! એવાં ગામમાં એ બધાંની વચ્ચે છીછરાં પાણી અને પાણીમાં જીવતા સાપથી ભરેલાં ખેતરોમાં જાનના જોખમે ડાંગરની ખેતી, માછીમારી, પશુપાલન  અને શિકાર કરતાં, વીસ પચીસ કૂબાઓમાં વસતા ગ્રામવાસીઓની સાવ નાની પણ આત્મનિર્ભર જમાત પણ હોય!

એવા ગ્રામજીવનની  આપણે કલ્પના કરી શકીએ ખરા?

ન જ કરી શકીએ. પણ વાંચી તો શકીએ જ! પંદર સત્યઘટનાઓથી  ભરપૂર એવું એક પુસ્તક 'The land I lost' વાંચવામાં આવ્યું અને એ પણ એક વસાહતી અમેરિકનની કલમે – ત્યારે ગુજરાતી વાચકને ધરવા મન થઈ ગયું. આ

પુસ્તકના લેખકે (Huynh Quang Nhuong) જીવનની પ્રારંભનાં સોળેક વર્ષ આવા ગ્રામ પ્રદેશમાં ગુજાર્યાં હતાં. વિયેટનામના પાટનગર હો ચિ મિન્હ સીટીથી માંડ ૭૦ કિ. મિ. દૂર અને મહાકાય મેકોન્ગ નદીના એક ફાંટા, માય થો નદીના કાંઠે, એ જ નામનું શહેર આવેલું છે. એનાથી થોડેક જ દૂર આવેલા, ઉપર જણાવેલ વર્ણન વાળા ગામમાં ૧૯૪૧ માં ક્વાન્ગનો જન્મ થયો હતો.

માય થો શહેરમાં માધ્યમિક કક્ષા સુધીના શિક્ષણ બાદ, તે સાયગોન યુનિ.માં ( હાલનું હો ચિ મિન્હ શહેર) રસાયણશાસ્ત્રનો સ્નાતક થયો હતો. વિયેટનામની સરકારમાં જોડાયા બાદ સામ્યવાદ તરફી ઉત્તર ભાગ અને મુડીવાદી દક્ષિણ ભાગ વચ્ચે ૧૯૫૫માં યુદ્ધ ફાટી નીકળ્યા બાદ, તે અમેરિકન લશ્કરમાં ભરતી થયો હતો અને ફર્સ્ટ લેફ્ટેનન્ટના હોદ્દા સુધી પહોંચ્યો હતો. લડાઈમાં બેસૂમાર ઘવાતાં તેને સારવાર માટે અમેરિકા લઈ જવામાં આવ્યો હતો. અમેરિકાએ યુધ્ધમાંથી પીછેહઠ કર્યા બાદ, ક્વાન્ગ અમેરિકામાં જ રહી પડ્યો હતો અને આગળ અભ્યાસ શરૂ કર્યો હતો. ૧૯૭૩માં તેણે મિઝોરી યુનિ.માંથી ફ્રેન્ચ ભાષામાં અનુસ્નાતકની પદવી પણ મેળવી હતી. આમ તો તે વિયટનામથી આવેલા અન્ય વસાહતીઓની જેમ અનામી જ રહ્યો હોત પણ; તેણે ૧૯૮૨માં પોતાના બાળપણના યાદગાર પ્રસંગોનું વર્ણન કરતું, ઉપર જણાવેલ પુસ્તક પ્રસિદ્ધ કર્યું. એ સાથે જ તે અમેરિકન સાહિત્ય જગતમાં મશહૂર બની ગયો.

એના યુવાવસ્થાના જીવનની વાત બાજુએ મૂકી, સાવ છેવાડે આવેલા ગામમાં તેણે ગાળેલ જીવનની ચપટીક વાત અહીં જાણીએ.

એમાં નદીની ભેંસો અને જોરાવર પાડાઓની વાતો છે – ખાસ તો ક્વાન્ગના પશુધનના મુખિયા એવા ‘ટાન્ક’ નામના પાડાની વાત. પર્વતો પર રહેતા જોરાવર જંગલી પાડા અને પાલતુ ભેંસનું એ ફરજંદ જાણે કે, એના કુટુમ્બનો એક સભ્ય હોય, એવી પ્રતીતિ આપણને  વારંવાર થતી રહે છે. જંગલી પાડાઓ અને ખૂંખાર વાઘ  સામે ભેંસોના ધણ અને ક્વાન્ગના કુટુંબને રક્ષણ માત્ર જ નહીં, પણ મોટી માછલીઓ પકડવામાં પણ એ પાડો મદદ કરતો!  સહેજ ઈશારા માત્રથી જ એણે કરવાનું કામ એ સમજી જતો. આપણને ઘરઆંગણાના અક્કલવાન બળદો તરત યાદ આવી જાય.

જીવલેણ અને ઝેરી સાપ પણ પાળેલ પ્રાણી હોઈ શકે - એ વાત પણ આપણને અહીં જાણવા મળે છે. પંદર ફૂટ લાંબા અને પગના નાળા જેટલા જાડા ‘ઘોડા સાપ’ના ( horse snake) શિકારની એક વાત પણ આપણને જકડી રાખે છે. એમાં એક પાડોશી ડોશીએ  પાળેલા વાંદરાની વાત પણ છે - જેના વાંદરવેડાને કારણે તે બાઈનું ઝૂંપડું બળી ગયું હતું! એમ જ ક્વાન્ગે પાળેલ બે પક્ષીઓની વાત પણ મજાની છે.

પણ એમાં માત્ર જંગલી કે પાળેલાં પ્રાણીઓની જ વાતો છે -એમ નથી. ખેડૂત જીવનના અવનવા પાસાંની અવનવી વાતો પણ આ પુસ્તક કહી જાય છે. એક નવવધુ લગ્નવિધિ બાદ રિવાજ પ્રમાણે નદીમાં સ્નાન કરવા જાય છે, અને

જીવલેણ મગરના સકંજામાં આવી જાય છે. હેતરભરી રીતે તે એનાથી છૂટી પણ જાય છે – એ વાત આપણને શરૂથી અંત સુધી જકડી રાખે છે. આવી જ એક લગ્ન વિધિ બાદ બીજો એક નવકોડીલો વર પહેલી જ રાતે સાવ નાનકડા કણા જેવા પણ અત્યંત ઝેરી સાપના મોંમાંથી નીકળતો વાયુ શ્વાસમાં જતાં તરફડીને મરણ શરણ થાય છે – એની કરૂણ કથની પણ છે.

આવી જ એક વાત ક્વાન્ગની એંશી વરસની દાદીમાની છે. વ્યવહારિક હોંશિયારી, માથાફેર શખ્શને કરાટેથી ચિત કરવાની બહાદુરી, લુંટારાઓને કળથી ભગાડવાની સૂઝ - એ બધાંની સાથે સાથે, કરૂણાંત ગ્રામ નાટિકાની કથાવસ્તુથી ભાવવિભોર થઈ, ચોધાર આંસુએ રડી પડવાની તેની સંવેદનશીલતાની દાસ્તાન પણ છે. માનવજીવનના વિવિધ પાસાંઓને ઉજાગર કરતી એની કથની આપણને મહેનતકશ નારીજીવનને સલામી ભરતા કરી દે છે.

આ બધી વાતોની મજા તો એ પુસ્તક વાંચતાં જ આવે. વિગતે એ પુસ્તકમાંથી આ બધી વાતો વાંચીએ, ત્યારે ક્વાન્ગની વર્ણનશક્તિ અને એના જીવનની દુષ્કરતાઓ પર આપણે અભિભૂત થઈ જઈએ.

આશા છે કે, વાચકને ભારતીય જીવન કરતાં સાવ નિરાળા આવા ગ્રામ્ય જીવનની આ નાની ઝલક ગમશે. ગમે તે પ્રદેશ હોય; ભલે ત્યાંની અલગ જીવન રસમ હોય, પણ માનવજીવનની મીઠાશ, કડવાશ, કારૂણ્ય, અને માધુર્યનું પાયાનું પોત સમાન હોય છે. આવી જીવનકથાઓ વાંચીએ ત્યારે,

માણસના પાયાના હોવાપણામાં રહેલ જીવનના પડકારોને ઝીલી, એનો સામનો કરી, પોતાના આગવા વિકલ્પો શોધી શકવાની ક્ષમતા પર આપણને વિશ્વાસ જરૂર બેસી જાય છે. નહીં વારૂ ? .

સંદર્ભ -

1. Land I lost - Book
2. https://en.wikipedia.org/wiki/Quang_Nhuong_Huynh

## વૃક્ષમાતા - સાલુમરાદા થિમક્કા

હા. આ માજી ૩૮૪ વડના ઝાડની મા છે ! ૧૯૧૦ કે ૧૯૧૧ માં કર્ણાટક રાજ્યના તુમ્કુર જિલ્લાના ગબ્બી તાલુકમાં જન્મેલ એ પણ વડની જેમ જ હજુ ખખડધજ છે. બન્ગ્લુરૂથી ૬૩ કિ. મિ. દૂર આવેલા કુડુર અને હલિકલ ગામ વચ્ચેના રસ્તાની બન્ને બાજુએ માજીએ એ વૃક્ષો જાતમહેનતથી રોપ્યાં છે. આમ તો એમનું નામ થિમક્કા છે. પણ સાલુમરાદા (વૃક્ષમાતા) કન્નડ ભાષામાં એમના બહુમાન રૂપે મળેલ લોકજીભનો ખિતાબ છે.

ચાળીસ વર્ષની ઉમરે બાળકને જન્મ ન આપી શકવાના કારણે હતાશ બની ગયેલ થિમક્કાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પણ એના સમજદાર પતિએ એને એ ઉણપના ઉકેલ તરીકે વૃક્ષના છોડ રોપવા પ્રેરણા આપી. બસ, ત્યારથી એ જ લગન એના દિલમાં ઘર કરી ગઈ. આમ તો એણે ૮,૦૦૦ થી પણ વધારે વૃક્ષો રોપ્યાં છે. પણ આ ૩૮૪ વૃક્ષો રોપી, એમની માવજત કરવાના કારણે માજી જગતભરમાં પ્રસિદ્ધ થઈ ગયાં છે.

સાવ નાના ગામમાં જન્મેલી થિમક્કાને કશું શિક્ષણ મળ્યું ન હતું. સમજણી થઈ ત્યારથી જ ખેતરોમાં મજૂરીથી એના સક્રીય જીવનની શરૂઆત થઈ હતી. લગ્ન કરવાની ઉંમરે રામનગર જિલ્લાના માગડી તાલુકાના હલ્લિકલ ગામના બિકાલુ ચિક્કૈયા સાથે તેનાં લગ્ન થઈ ગયાં અને બાજુની ખાણમાં મજુરી ચાલુ થઈ ગઈ. આમ તો તેનું જીવન એમ જ પસાર થઈ ગયું હોત, પણ બાળકના અભાવે એની જિંદગીમાં આવેલ વળાંકે એ વૃક્ષમાતા બની ગઈ.

જીવનનો બીજો આઘાત – ૧૯૯૧ માં પચીસ વરસના લગ્નજીવન બાદ તેણે પતિ ગુમાવ્યો. પણ હવે તેનું કુટુમ્બ લીલી હરિયાળીથી છવાયેલું હતું . આથી આ આઘાત તે જીરવી શકી. આમ તો તેને હવે ઘરમાં કોઈ વ્યક્તિની જરૂર સાલતી ન હતી; પણ એક દા'ડો પોતે ય વિદાય લેવી પડશે, અને 'વૃક્ષો રોપવાનું કામ કોણ ઊપાડી લેશે?' - એ ખયાલે થિમક્કાએ ઉમેશ નામના યુવાનને દત્તક લીધો છે.

આમ તો આવા નાનકડા ગ્રામ વિસ્તારમાં એણે કરેલ કામની કોને ખબર પડે? પણ ૧૯૯૬ માં એના આ કામની જાણ ભારતના કેન્દ્ર સરકારને થઈ અને તેને રાષ્ટ્રીય નાગરિક સન્માન એવોર્ડ એનાયત થયો. પછી તો સાવ સામાન્ય થિમક્કા આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી બની ગઈ અને એની પર એવોર્ડોનો રીતસર વરસાદ વરસવા લાગ્યો .

Nadoja Award, Karnataka Kalpavalli Award, Godfrey Phillip Award, Vishwathama Award,

અને બીજા ઘણા બધા. બીબીસીની ૧૦૦ સૌથી વધારે અસરકારક અને પ્રેરણાદાયી સ્રીઓના લિસ્ટમાં પણ થિમક્કાનું નામ છે.

પણ એની ચરમસીમા રૂપે ૨૦૧૯ માં તેને પદ્મશ્રી એવોર્ડ એનાયત થયો ત્યારે તેમનાથી ઉમરમાં ઘણા નાના, ભારતના રાષ્ટ્રપતિ કોવિદે તેમને પ્રણામ કરેલા, ભલી ભોળી થિમક્કાએ એમને આશિર્વાદ પણ આપેલા! તેના હાથે રાષ્ટ્રપતિ ભવનમાં એક વૃક્ષ પણ તેણે રોપી આપ્યું છે.

વુક્ષારોપણ ઉપરાંત તેણે હલ્લિકલમાં વરસાદના પાણીન એ સંઘરવાની ટાંકી પણ બનાવી છે. હવે તેની ઉમેદ ગામમાં હોસ્પિટલ બને તેવી છે.

કોન્ક્રિટના જંગલમાં વસતા આપણે બે ચાર નાના કુંડામાં હરિયાળી વસાવીએ તો ?

https://www.youtube.com/watch?v=7pdmwk-5RBE

https://www.youtube.com/watch?v=BBYzqhugRN0&feature=emb_logo

૧૧૦ વર્ષના આ માજીની વાત વાંચીને આપણને જાપાનના ઓકિનાવા ટાપુ પર મજાની જિંદગી જીવતાં ૧૦૦ + ઉમરના વયસ્કોની અને એ સુખથી જીવવા માટેના પર્યાય જેવો જાપાની શબ્દ 'ઈકિગાઈ' યાદ આવી જાય.

https://www.youtube.com/watch?v=Zxj3P0enJNQ

સંદર્ભ -

https://changestarted.com/the-changeblazers-when-passion-meets-purpose/

https://en.wikipedia.org/wiki/Saalumarada_Thimmakka

https://bookofachievers.com/articles/saalumarada-thimmakka-the-mother-to-more-than-8000-trees

## સહિયારું ઘર

હૈદ્રાબાદમાં આ ઘર આવેલું છે, તેલુગુમાં ( અંદરી ઇલ્લુ) . સહિયારું એટલે માત્ર એક બે કે ચાર કુટુંબોનું જ નહીં – આખો દિવસ ખુલ્લું રહે, એમાં કોઈ પણ વ્યક્તિ પરવાનગી વિના પ્રવેશી શકે, જાતે રસોઈ બનાવી જમી શકે, પુસ્તકો વાંચી શકે, એવું ઘર. - એક રૂપિયો પણ આપ્યા વિના!

કેમ નવાઈ લાગી ને? પણ આ સત્ય હકીકત છે. અને એક બે નહીં – છેલ્લા ૧૪ વર્ષથી!

એના સ્થાપક છે - ડો. સૂર્ય પ્રકાશ અને ડો. કામેશ્વરી વિન્જામુરી ૪૮ વર્ષના ડો. સત્યપ્રકાશ ઓસ્માનિયા યુનિ.માંથી ડોક્ટર થયા હતા અને ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સમાંથી(TISS) અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. તેમણે હૈદ્રાબાદના કોઠાપેટ વિસ્તારમાં આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઇંડિયા કોલોનીમાં આવેલા પોતાના મકાનના ભોંયતળિયામાં આ ઘર ૨૦૦૬ની સાલની ૧૫ જૂને શરૂ કર્યું હતું. ગરીબીની રેખાની નીચે જીવતા લોકોની ભુખના દુઃખથી વ્યથિત સૂર્યપ્રકાશે એના ઉકેલ માટે ઘણા અવનવા નૂસખા અજમાવી જોયા હતા. એમાં કેળા વેચવાની અને વહેંચવાની લારી પણ એક નૂસખો હતો! જેની પાસે ખરીદવા રકમ ના હોય, તે ત્યાં જ કેળાં ખાઈ ‘રામ રામ’ કહી વિદાય થઈ શકે!

પણ છેવટે એમને લાગ્યું કે, આનો કોઈ કાયમી ઈલાજ હોવો જોઈએ. આથી પોતાના દવાખાનાને ઉપરના માળે ખસેડી તેમણે નીચે 'અંદરી ઇલ્લુ' – સહિયારું ઘર શરૂ કર્યું . અલબત્ત એમની પત્નીનો આમાં પૂર્ણ સહકાર હતો જ.

આ સહિયારું ઘર સવારે પાંચ વાગે ખૂલે છે અને રાતે ૧ વાગે બંધ થાય છે. કોઈ પણ વ્યક્તિ એ સમય દરમિયાન અંદર પ્રવેશી, પોતાની રસોઈ બનાવી જમી શકે છે. એ માટે જરૂરી ગેસ સ્ટવ, રાંધવાના અને જમવાનાં વાસણો અને અનાજ / શાક / મસાલા વિ. સામગ્રી હાજર હોય છે. જમી કરી વાસણ સાફ કરી વ્યક્તિ વિદાય થઈ જાય છે. થોડોક સમય બેસી ત્યાં રાખેલ પુસ્તકો અને સામાયિકો વાંચી પણ શકે છે. જો કોઈને નહાવા માટે વ્યવસ્થા ન હોય તો અહીં નાહી ધોઈ તૈયાર પણ થઈ શકે છે.

જો કોઈને ઉતાવળ હોય અને વાસણ સાફ ન કરી શકે તો તે માટે અને અન્ય વ્યવસ્થા માટે આછો પાતળો સ્ટાફ પણ ત્યાં હાજર હોય છે. કોઈની પાસેથી કશી મદદની અપેક્ષા ડોક્ટર દંપતી રાખતાં નથી. પણ કોઈને મન થાય અને અનાજ કે બીજી રસોઈ સામગ્રી આપી જાય, તો તે સ્વીકારવામાં આવે છે.

અહીં મેસનો ખર્ચ ન પોસાતો હોય એવા વિદ્યાર્થીઓ કે હોટલનો ખર્ચ પોસાતો ન હોય તેવા કર્મચારીઓ આવતા હોય છે. અરે! જેમને રાંધતાં ના આવડતું હોય તેવી વ્યક્તિઓ પણ મિત્ર સાથે આવી જાય છે અને બધા સાથે રસોઈ બનાવીને ભુખ સંતોષે છે. પછી તો એ પણ રસોઈ બનાવતાં શીખી જાય છે, અને આત્મનિર્ભર બની જાય છે.

અને આ બધું કોઈ જાતની જાહેરાત કે ફંડ ફાળાની જાહેરાત વિના જ – ગાંઠના ખર્ચે ગોપી ચંદન જ !

રસ્તે પુસ્તકોની દુકાન ચલાવતી એક મહિલાને કામ પતે પછી પુસ્તકો મૂકવા જગ્યા ન હતી. તે કામ પતાવી સાંજે પુસ્તકો મૂકી જાય છે , અને સવારે લઈ જાય છે. જેટલો સમય પુસ્તકો અંદરી ઇલ્લુમાં રહે તેટલો સમય અને વધારાના સ્ટોકનાં પુસ્તકો મુલાકાતીઓને વાંચવા મળે છે.

રોજ ૪૦ થી ૫૦ વ્યક્તિઓ આ સવલતનો લાભ લે છે . રવિવાર કે રજાના દિવસે તો ઘણા વધારે મહેમાનો આવી જાય છે.

ઘરના બીજે માળે એમનું દવાખાનું છે. તેમાં પણ બન્ને દંપતી લોકોને સમતોલ અને નૈસર્ગિક આહાર માટે દોરવણી આપે છે, અને 'યોગ્ય ખોરાક દવા કરતાં વધારે અસરકર્તા છે.' એ સંદેશનો વ્યાપ કરતાં રહે છે.

https://www.youtube.com/watch?v=qyJa3rLvhJQ

આ ઉપરાંત બન્ને દંપતી અવારનવાર આજુબાજુના ગામડાઓમાં સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે જ્ઞાન પ્રસાર કરવા માટે શિબિરો યોજે છે. કોઈ જાતની માનવતા વિના અને માત્ર તગડી આવક ઊભી કરવા માટે જ ડોક્ટરો જરૂર વિના ગર્ભાશય કાઢી નાંખવા સ્ત્રીઓને મજબૂર કરતા હોય છે – એની સામે બન્નેને સખત ચીડ છે, યોગ્ય આહાર અને સ્વચ્છતાના પાઠ શીખવી ઘણી સ્ત્રીઓને એમણે આ દૂષણમાંથી બચાવી લીધી છે.

દરેકે દરેક બાબત માટે સરકારની પાસે અપેક્ષા રાખતા અને માત્ર ટીકાઓ અને ચર્ચાઓ કરીને જ અટકી જતા સમાજને માટે આ ડોક્ટર દંપતી દિવાદાંડી સમાન છે.

સંદર્ભ –

https://telanganatoday.com/house-everyone

https://ummid.com/news/2020/december/11.12.2020/andari-illu-a-house-for-all-in-hyderabad.html

https://www.newindianexpress.com/thesundaystandard/2018/apr/15/doctor-couple-from-hyderabad-has-made-saving-the-womb-a-mission-1801678.html

https://www.deccanherald.com/content/173079/cook-eat-leave.html

# સાનહોઝેથી તેનકાશી

સાનહોઝેમાં (કેલિફોર્નિયા, અમેરિકા) અબજો ડોલરની સંપત્તિનો માલિક, શ્રીધર વેમ્બુ, ધમધમતો ધંધો છોડીને તામિલનાડુના તેનકાશીમાં સ્થાયી થયો છે. તે પોતાની આવડતનો ઉપયોગ ગામડાંઓની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને વ્યવસાયિક ઉન્નતિ માટે તાલીમ આપવાના સ્તુત્ય કાર્ય માટે કરી રહ્યો છે. એ નવાઈની વાત નથી કે, ભારત સરકારે તેને ૨૦૨૧ માં પદ્મશ્રીનો ઇલ્કાબ એનાયત કર્યો છે.

શ્રીધરનો જન્મ ૧૯૬૭માં તામિલનાડુના તાંજોર જિલાના એક નાના ગામના, મધ્યમ વર્ગના કુટુંબમાં થયો હતો. ૧૯૮૯ માં ચેન્નાઈમાં આવેલી, IIT

માંથી ઇલેક્ટ્રિકલ એન્જિ. માં સ્નાતક થયા બાદ શ્રીધર ઉચ્ચ શિક્ષણ મેળવવા અમેરિકા ગયો હતો. અમેરિકાના ન્યુજર્સી રાજ્યમાં આવેલ પ્રખ્યાત પ્રિન્સટન યુનિ.માંથી (આલ્બર્ટ આઈન્સ્ટાઈનની છેવટની કર્મભૂમિ) અનુસ્નાતક અને પી.એચ. ડી. પદવી તેણે પ્રાપ્ત કરી હતી.

ત્યાર બાદ સાન દિયેગોમાં ક્વોલ-કોમ નામની કમ્પનીમાં વાયરલેસ એન્જિનિયર તરીકે તેની કારકિર્દીની શરૂઆત થઈ હતી.૧૯૯૬માં પોતાના બે ભાઈઓ સાથે તેણે AdventNet નામની સોફ્ટવેર કમ્પની સ્થાપી હતી. ૨૦૦૯ માં તેનું નામ બદલીને ઝોહો કોર્પોરેશન રાખવામાં આવ્યું હતું. SaaS ( Software as a service) આપતી આ કંપનીને ઘણી નામના અને યશ મળ્યાં હતાં. આ નામ અને કામથી તેને ઘણી સંપત્તિની પ્રાપ્તિ પણ થઈ હતી. આપણે એ નોંધવું જોઈએ કે, ફોર્બ્સ કમ્પની દ્વારા ૨૦૨૧માં ઝોહોની કુલ નાણાંકીય અસ્કયામતની આકારણી ૨૪૪ કરોડ ડોલર આંકવામાં આવી છે.

પણ શ્રીધરના દિલમાં આનાથી સંતોષ ન હતો. દિલની આરજૂ પૂરી કરવા તેણે તામિલનાડુના તેનકાશી જિલ્લામાં આવેલ માતલમ્પરાઈ ગામને પોતાની કર્મભૂમિ બનાવી છે.

અહીં અને આન્ધ્ર પ્રદેશના રેનિગુન્ટામાં, ઝોહોના નેજા હેઠળ, રોજગાર લક્ષી સોફ્ટવેર આધારિત શિક્ષણ આપતી શાળાઓ તેણે સ્થાપી છે. આવી ઘણી શાળાઓ દેશભરમાં સ્થાપવા શ્રીધરને ઉમેદ છે.

પદ્મશ્રીના ઈલ્કાબ  ઉપરાંત ભારતના પ્રધાન મંત્રીને સલાહ આપતી National Security Council માં પણ તેની વરણી થઈ છે. દેશના શિક્ષણને નવી તરાહ આપવાની પાયાની નીતિ નક્કી કરવાના યજ્ઞ કાર્યમાં પણ તે યથોચિત ફાળો આપી રહ્યો છે.  અંગત જીવનમાં તેની પત્ની પ્રમીલા શ્રીનિવાસન, ભાઈ કુમાર અને બહેન રાધા છે.

સંદર્ભ -


https://en.wikipedia.org/wiki/Sridhar_Vembu

https://twitter.com/svembu?ref_src=twsrc%5Egoogle%7Ctwcamp%5Eserp%7Ctwgr%5Eauthor

https://www.forbesindia.com/article/big-bet/cover-story-sridhar-vembus-vision-from-the-village/59833/1

https://www.zoho.com/index1.html


## હાદઝા

વિશ્વ ઈતિહાસનું પુસ્તક વાંચવાની શરુઆત કરતાં, પહેલાં જ પ્રકરણમાં આદિમ માનવ – ખાસ કરીને પથ્થરયુગના માણસ વિશે જાણીને મને અત્યંત આશ્ચર્ય થયું હતું.  લગભગ પશુ કહી શકાય તેવી અવસ્થામાંથી માનવજાતે આ એકવીસમી સદી સુધીની યાત્રામાં કેટલી બધી હરણફાળો ભરી છે?  તે ક્યાંથી ક્યાં પહોંચી ગયો છે? અને પહોંચવા છતાં, બરાબર પહોંચ્યો છે ખરો?

આ એકવીસમી સદીમાં પણ પથ્થરયુગના માનવીની જેમ જ, હજુ પણ શિકારી/ ફળાહારી ( Hunter getherer ) રીતથી જીવતી, જાતિના જીવન વિશે

એક લેખ નેશનલ જ્યોગ્રોફિક મેગેઝિનમાં વાંચવા મળ્યો હતો. ( ડિસેમ્બર – 2009 નો અંક ) વાંચવામાં આવ્યો હતો અને ગમી ગયો હતો. એની લિન્ક આ રહી -

https://www.nationalgeographic.com/magazine/2009/12/hadza/

આફ્રિકાના ટાન્ઝાનિયા દેશની હાદઝા જાતિના 'ઓનવાસ' નામના વડીલના કબીલા સાથે ન્યુયોર્કના જાણીતા પત્રકાર અને લેખક માઈકલ ફિન્કલે પંદર દિવસ ગાળ્યા હતા. તેનો વિગતવાર અહેવાલ ઉપરના લેખમાં છે. આપણને વિચારતા કરી દે તેવા, એ લેખમાંથી મળેલી માહિતી ગુજરાતી વાચકો સમક્ષ મુકવાની ઈચ્છા થઈ; એના પરિપાક રૂપે એ આંખે દેખ્યું વૃત્તાન્ત આ સાથે રુપાંતરિત કરીને ટૂંકમાં રજુ કરું છું .

ટાન્ઝાનિયાના ઉત્તર ભાગમાં આવેલા, વિશ્વવિખ્યાત, સરંગેટી પાર્કની દક્ષિણે એયાસી તળાવના કાંઠે વસેલી આ જાતિ ૧૦,૦૦૦ વર્ષ પૂર્વેના પથ્થરયુગમાં સ્થગિત થઈને, કશો વિકાસ કર્યા વિના થંભી ગયેલી છે. અહીંથી ઘણી નજીક, જગતમાં સૌથી પ્રાચીન માનવ હાડપિંજરો, (લ્યુસી – ૩૨ લાખ વર્ષ પહેલાંનું માનવ હાડપિંજર ) – અશ્મિઓ અને પથ્થરનાં સૌથી પ્રાચીન હથિયારો મળી આવ્યાં છે. ફ્લોરિડા રાજ્યની યુનિવર્સિટીના પ્રોફેસર ફ્રેન્ક માર્લો પંદર વર્ષથી એમના જીવનનો અભ્યાસ કરતા રહ્યા છે. માનવવંશ શાસ્ત્રના અભ્યાસુ તજજ્ઞો આવી જાતિઓને જીવતાં અશ્મિ ( Living fossils) તરીકે ઓળખાવે છે. આજુબાજુ વસેલી, પશુપાલન અને ખેતી કરતી બીજી

જાતિઓ સાથે સમ્પર્ક હોવા છતાં, તેમણે પોતાની જીવન પધ્ધતિમાં ખાસ કશો ફરક કર્યો નથી.

તેમના જીવન વિશે આપણને વિચારતા કરી મુકે તેવી ઉપરછલ્લી વિગતો હવે વાંચો –

- એમની વસ્તી આશરે ૧,000 વ્યક્તિઓ પૂરતી મર્યાદિત છે. દરેક કબીલામાં ત્રીસેકથી વધારે સભ્યો હોતાં નથી.
- એમના પ્રદેશની બહારની દુનિયાની કશી માહિતી એમને નથી – મેળવવા માંગતા પણ નથી. એમના ઘણા સભ્યો એમનો સમાજ છોડીને, બહારની દુનિયામાં જતા રહ્યા છે. પણ એનો એમને કશો ખેદ નથી.
- એમનું રહેણાંક પણ સ્થાયી નથી. કોઈ ઝૂંપડી, તંબુ કે ઘર પણ નહીં. સાવ ખુલ્લા મેદાનમાં જ આખી જિંદગી પસાર થઈ જાય છે. વરસાદ આવવાની વકી હોય ત્યારે, ત્યારે ઝાડની ડાળીઓ, પાંદડાં અને ઘાસથી કામચલાઉ આશરો એક કલાકમાં બનાવી લે છે.
- શિકાર કરવો અને ફળો વીણીને ખાવાં, આ સિવાય કશી પ્રવૃત્તિ એ લોકો કરતા નથી – કરવા માંગતા પણ નથી.
- અને છતાં, તેમનો ખોરાક વિશ્વના ઘણા લોકોની સરખામણીમાં વૈવિધ્ય વાળો છે.
- જંગલી ગુલાબને પીસીને મળતું ઝેર તીરની અણી પર ચોપડવામાં આવે છે. આથી આ તીર વાગે તે જાનવર છટકી શકતું નથી. જિરાફ જેવા મોટાં પ્રાણીને પણ ધરાશાયી કરવા તે સક્ષમ હોય છે.

- અત્યંત ચપળ અને લાંબી છલાંગ ભરી શકતા, બબૂન નામના વાંદરાનો શિકાર કરી શકે તેની પ્રતિષ્ઠા ઘણી  વધી જાય છે. પાંચ બબૂનનો શિકાર કર્યો હોય તેને જ સ્ત્રીના સંગનો લ્હાવો મળી શકે છે.
- પુરુષો શિકાર કરી લાવે અને મધ લઈ આવે; ત્યાં સુધીમાં સ્ત્રીઓ ફળો વીણી, તોડી લાવે  અને પાણી માટે વીરડો ખોદી તૈયાર રાખે.
- બબૂન કે જિરાફ જેવા પ્રાણીનો શિકાર જ સામુહિક પ્રવૃત્તિ હોય છે. બાકી દરેક જણ પોતાના કુટુમ્બ પૂરતો નાનકડો શિકાર મળી રહે, તેનાથી સંતોષ માની લે છે. આવતીકાલે શું મળશે તેની કશી ચિંતા તેમને કદી રહેતી નથી.
- મોટો શિકાર કર્યો હોય તો આખી વસ્તી તે જગ્યાએ પડાવ નાંખી દે છે. કોઈ એક વ્યક્તિએ મોટો શિકાર કર્યો હોય, તો પોતાનો અંગત પ્રયત્ન છોડી, બધા એમાં જોડાઈ જાય છે. અલબત્ત ખાણનો મોટો ભાગ શિકાર કરનારનો રહે છે.
- કોઈ પણ જાનવર કે પક્ષી એમનો ભક્ષ્ય તરીકે ચાલે છે – સિવાય કે, સાપ, જેનાથી એ લોકો દૂર રહેવાનું પસંદ કરે છે.
- ઝાડની ડાળીને અનુકૂળ રીતે છોલીને, અડધાથી ઓછી મિનિટમાં, હથેળીમાં જોરથી ઘુમાવી, આગ પેદા કરી શકે છે. એમને હજુ દીવાસળીની જરુર જણાઈ નથી. એવી કશી ઉતાવળ પણ એમને નથી હોતી.

- એમને ખેતી, પશુપાલન, કોઈ જાતની ચીજ વસ્તુ કે વાહનના ઉપયોગમાં લગીરે રસ નથી કારણકે,એમના જીવનમાં એ કશાની જરૂર જ નથી!
- એમને કોઈ અગત મિલ્કત હોતી નથી. કોઈની પાસે વધારે ચીજો હોય, એમ હોતું નથી. એમની ઘરવખરી, ચામડાના એક ચોરસામાં સમેટી લેવાય એટલી જ હોય છે – રાંધવાનું એક પાત્ર, પાણી માટે એક પાત્ર, એક કુહાડી અને એક છરો. કપડાંની માત્ર બે જ જોડ.
- આ હથિયારો અને કપડાં બાજુમાં વસેલાં ગામવાસીઓ પાસેથી મધના બદલામાં એ લોકો મેળવી લે છે. આ માટે જરૂર પૂરતા સ્વાહીલી ભાષાના શબ્દો જ એ શીખ્યા છે.
- ગંદા તળાવમાં પુરુષો નગ્નાવસ્થામાં સાથે નાહી લે છે અને કપડાં, ધોઈ, સુકાવી ફરીથી પહેરી લે છે.
- આશ્રર્યજનક રીતે સ્ત્રીઓ મહીનાઓ સુધી નહાતી નથી. પુરુષોને પણ સ્ત્રીઓ આમ ગંદી રહે, તે વધારે ગમે છે!
- એમની પોતાની ભાષામાં પણ, એમના સીમિત જીવન વ્યવહાર પૂરતા, બહુ જ મર્યાદિત શબ્દો છે.
- ત્રણ કે ચાર થી વધારે આંકડા એમની ભાષામાં નથી. વધારે ગણવાનો દિવસ હજુ સુધી આવ્યો જ નથી.

- સમયના માપમાં કલાક કે મિનિટ તો શું - દિવસો પણ અગત્યના નથી. કોઈની રાહ જોવાની હોય તો; તે ન આવે ત્યાં સુધી રાહ જોવામાં એમને કશો કંટાળો નથી હોતો.
- તેમને કશો ડર હોય તો તે છે – ઠંડા પાણીનો. ઠંડા પાણીમાં ખાબકી શકે; તે ખરો વીર એમ તે લોકો માને છે.
- લડાઈ અને ટંટાથી તેઓ દૂર ભાગે છે. એમણે કદી બીજી જાતિઓ પર આક્રમણ કર્યું નથી. એમની ૯૦ ટકા જમીન બીજી જાતિઓએ હડપ કરી લીધી હોવા છતાં; તેઓએ જાતે જ ખસી જવાનું પસંદ કર્યું છે. શેષ વિસ્તાર હવે બીજાઓ માટે સાવ અનાકર્ષક છે.
- એમના પ્રદેશમાં કદી દુષ્કાળ પડ્યો નથી; કે રોગચાળો ફાટી નીકળ્યો નથી – જેથી સ્થળાંતર કરવા તેઓ લાલાયિત બને. આની વિરુધ્ધ બાજુની જાતિઓ તેમના દુષ્કાળના વખતમાં તેમની સાથે આવીને રહેલી છે; અને તેમનો તેમણે અતિથિ સત્કાર કરેલો છે.
- તેમના જીવનની શૈલી બારે મહિના અને સૈકાંઓથી એકધારી રહેલી છે. તેમના દિવસનો માત્ર ચાર કે છ કલાકનો સમય જ ખોરાક શોધવામાં જાય છે. બાકીનો સમય એ લોકો આરામ અને આનંદ પ્રમોદમાં ગાળે છે. કંટાળા જેવી કોઈ અવસ્થાની તેમને ખબર જ નથી. વધારાનો સમય તીર બનાવવાનું કે કામઠાંની તુટેલી દોરીની જગ્યાએ શિકારના આંતરડાંમાંથી બનાવેલી દોરી બાંધવામાં કે એકબીજાનાં શરીરમાંથી કાંટા કાઢી આપવામાં જાય છે.

- કદીક બાજુની વસ્તીમાં જઈ, મધની અવેજીમાં કપડાં, ચંપલ કે પ્લાસ્ટિકના મણકા ખરીદી લાવતા હોય છે.
- આજુબાજુની જાતિઓ ( ડટોગા, ઈક્ર્વા, ઈસાઝુ, સુકુમા, ઈરામ્બ્વા વિ.) એમને પછાત, અછૂત અને હલકા ગણે છે. કદીક કોઈ હાદઝા તેમના તળાવમાંથી પાણી પીવા માંગે, તો. પોતાનાં ઢોર પી લે, પછી જ આવી વ્યક્તિને પાણી પીવા દેવાની છૂટ આપવામાં આવે છે.
- હજારો વર્ષોમાં એમણે કોઈ સ્મારક કે યાદગીરી સર્જી નથી. એમને એવી ફાલતુ ચીજની કશી જરૂર લાગી નથી. રહેવાની જગ્યા પણ સ્થાયી નથી હોતી. રાત્રે જ્યાં પડાવ નાંખે, તે ખુલ્લી જગ્યા, એ એમનું ઘર!
- દરેક કબીલો તેના સૌથી વૃધ્ધ માણસના નામથી જાણીતો હોય છે. એમાં ભાઈઓ, બહેનો, જમાઈઓ પણ સામેલ હોય છે. વડીલને માન આપવા છતાં, એની કે કોઈ નેતાની જોહુકમી હોતી નથી.
- સ્ત્રીઓનું સ્થાન પૂર્ણ રીતે પુરુષની સમકક્ષ હોય છે. બીજી જાતિના પુરુષ સાથે લગ્ન કરેલી સ્ત્રી મોટે ભાગે એ સમાજની પુરુષ પ્રધાનતાથી વાજ આવી જઈ, થોડા જ વખતમાં પાછી આવી જવાના ઘણા દાખલા છે.
- એક જ સ્ત્રી અને પુરુષ સહજીવન કરતાં હોવાં છતાં; એકેબીજાને છોડી દેવા સ્વતંત્ર હોય છે. આમ છતાં બહુપત્નીત્વ કે બહુપતિત્વનો ચાલ કદી રહ્યો નથી. જ્યાં સુધી સાથે રહે ત્યાં સુધી બન્ને એકમેકને જાતીય રીતે વફાદાર રહે છે. મોટે ભાગે ન ફાવવાના કારણે છૂટાછેડાની પહેલ સ્ત્રી જ કરતી હોય છે!

- વીસેક કબીલાઓમાં વહેંચાયેલા સમાજમાં સભ્યો સતત બદલાતાં રહે છે. જ્યાં સુધી મનમેળ રહે ત્યાં સુધી કોઈ વ્યક્તિ કબીલામાં રહે છે; નહીં તો બીજા જાણીતા કબીલામાં સ્થળાંતર કરે છે. આમ ભળનાર નવી વ્યક્તિને મોટે ભાગે પ્રેમપૂર્વક આવકારવામાં આવે છે.
- બાળકો દૂધ પીતાં હોય, ત્યાં સુધી જ માને વળગેલાં રહે છે. બાકી મોટાં થયેલાં બાળકો અલગ જૂથમાં રમ્યાં કરતાં હોય છે. સ્ત્રીઓ અને પુરુષો ખોરાકની શોધમાં દૂર ગયાં હોય ત્યારે કબીલાની ઘરડી સ્ત્રીઓ બાળકો પર ધ્યાન રાખે છે.
- જન્મ, લગ્ન કે મરણની ખાસ કશી વિધિ હોતી નથી. પહેલાં તો મરેલી વ્યક્તિને ઝાડીઓમાં જ છોડી દેવાતી. પણ હવે દાટી દેવાય છે. એની યાદગીરીનું કોઈ ચિહ્ન પણ કબર પર છોડવામાં આવતું નથી. ગમે તેટલી પ્રીય તે વ્યક્તિ ન હોય; તેને વિના સંકોચ વિસારી દેવામાં આવે છે.
- ઈશ્વર જેવી કોઈ માન્યતા તેઓ ધરાવતા નથી. કોઈ પણ ધાર્મિક વિધિ કે પ્રાર્થના તેઓ કરતા નથી. માત્ર સૂર્ય માટે તેમને ઘણું માન હોય છે.
- બીજા લોકોને એમના ભવિષ્યની વધારે ચિંતા રહે છે -ખાસ કરીને તાન્ઝાનિયાની સરકાર! એમને વિકસિત કરવા, શિક્ષિત કરવા સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. તેમનાં ઘણાં બાળકો શિક્ષણ લઈ, બહારની દુનિયામાં સ્થાયી થયાં છે; પણ ભેદભાવની બીજી જાતિઓની નીતિને કારણે આવી વ્યક્તિઓ સાવ હલકાં કામો જ કરી શકે છે અને નવા સમાજમાં દલિત જ બની રહે છે. આથી મોટા ભાગે હાદઝા પોતે જ

આવો કોઈ અનર્થકારી વિકાસ કરવા માંગતા નથી! એમને માટે તો પ્રાકૃતિક જીવન જ પૂર્ણ સુખ અને આનંદથી ભરેલું છે.

- રિચાર્ડ બાલો નામનો એક સાઠ વર્ષનો હાદઝા આગળ પડતો, વિકસિત સમાજમાં ભળેલો નેતા છે અને હાદઝાને બદલાવા માટે, અને વિકાસશીલ કરવા માટે આંદોલન, અભિયાન ચલાવે છે. પણ હાદઝા સમાજની બહુ ઓછી વ્યક્તિઓ આ માટે તૈયાર છે.
- મંગોલા નામના હાદઝાનો કબીલો થોડો જુદો પડીને, આ પ્રદેશની મૂલાકાત લેતાં સહેલાણીઓને હાદઝાના જીવન, શિકાર પધ્ધતિ વિગેરેની માહિતી આપવામાં અને પ્રવાસન ઉદ્યોગમાં જોટાયો છે. પણ એમનામાં વિકસિત સમાજની બદીઓ – મદ્યપાન, જુગાર, ગુનાખોરી, ખુન, સમ્પત્તિ માટેની લાલસા, ચોરી, છેતરપીંડી, ચેપી રોગો, માંદગી, વેશ્યાપ્રથા વિગેરે પ્રવેશી ગયાં છે.
- આ દાખલો જોઈ, બીજા હાદઝા કબીલા આવા પરિવર્તનંથી દૂર રહેવાનું પસંદ કરે છે. પણ કદાચ થોડાંક જ દાયકાઓમાં હાદઝા સમાજ બહારની દુનિયાની ચમક ધમક જોઈ, આ નીતિનાશમાં જોડાઈ જાય અને તેમની જીવન પધ્ધતિનો અંત આણે, તેવી પૂરી સંભાવના છે. .

માઇકલના કહેવા પ્રમાણે આમ હમ્મેશ જીવવાનું તે પસંદ તો ન જ કરે. એમના જીવનની હાલાકીઓ, પ્રાથમિક સગવડોનો અભાવ વિગેરે બહારની દુનિયામાં રહેવા ટેવાયેલાને કદાપી અનુકૂળ ન જ આવે. પણ હાદઝાના જીવનની સરળતા, તાણ, ચિંતા, માનસિક વ્યથાઓનો સદંતર અભાવ – આ

બધાં પાસાં તેને સ્પર્શી ગયાં હતાં. આ પંદર દિવસ તેણે અપ્રતીમ સુખમાં ગાળ્યા હતા; અને જીવનને બને તેટલી સરળતાથી જીવવાના ફાયદા સમજાયા હતા.

એક વિદ્વાનના અભિપ્રાય મુજબ....

'ખેતીની શોધ એ માનવ સમાજની સૌથી મોટી અને વિનાશકારી ભૂલ હતી.'

—————

સાભાર – નેશનલ જ્યોગ્રાફિક મેગેઝિન